वैदिक नवग्रह स्तोत्र.

गुजराती अर्थ साथे नवग्रह स्तोत्र.

भाषांतर करनार रैक विप्र

कात्र. कृपाशंकर वि. गंगाशंकर महता

तथा

शास्त्री. जेठाराम मापाभाई चकपुर निवासी.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર. બાલાભાઈ નગીનદાસ

તથા

સોની જગજીવન જીવરામ.

આવૃત્તિ ૧ લી. પ્રત. ૧૦૦૦.

अमदावाद.

"ऍंग्लो वर्नाक्युलर प्रिन्टिंग प्रेस"मां छाप्युं.

સંવત ૧૯૪૬ શાકે ૧૮૧૨. સન ૧૮૯૦.

કીંમત બે રૂપીઆ.

॥ श्लोक ॥

॥ अहंरा[illegible] [illegible]न्ति । अनु[illegible]णं [illegible]न्ति च ॥

॥ अर्हत्सु व्यापिनं सर्वे । त्रैलोक्य [illegible] ॥

ग्रन्थार्पण पत्रिका.

सदा राजमान गर्जेशी स्वराज्य भाषानी पाठशाळाना प्रमुख मंडळवान साहेब हेडमास्तर ईश्वरलाल वृंदावनदासना प्रति.

मनहर छंद.

જગતમાં જય જય, મહત્વી સહાય થાય,
સુખ દુઃખ ભાવ ક્ષેમ, હાની કલેશ થાય છે;
અન્ન જળ રસ ફળ, ફુલો સુબીજ થાય,
વીજ વરસાદ તાપ, ઠંડક ગણાય છે,
રવિ આદિ ગ્રહો તણાં, મંડળ વિકાસી આશી!
હવા તણો ફેરફાર, વૃદ્ધિ તણે જાય છે;
પ્રગટ ઇશ્વર તણાં, ચિત્રો વિચિત્ર કરી,
હર્ષી હું ઇશ્વરને, અર્પું જે શોભાય છે.

લી. આપનો આજ્ઞાંકીત.

બાલાભાઈ નગીનદાસ.

श्रीगणेशाय नमः॥

अथनवग्रहस्तोत्रप्रारंभः

॥जपाकुसुमसंकाशंकाश्यपेयंमहाद्यु-
तिम् ॥ ॥ तमोरिंसर्वपापघ्नंप्रणतो
स्मिदिवाकरम् ॥ १ ॥

સૂર્યે મુખી પુલના સરખી કાંતીવાળા અને કશ્યપ પ્રજા પતિના પુત્ર અને અત્યંત પ્રકાશ વાળા અને અંધકારને નિવારણ કરનાર પાપનો નાશ કરનાર સુર્યનારાયણને નમસ્કાર કરૂ છુ ॥૧॥

॥ दधिशंखतुषाराभंक्षीरोदार्णवसं-
भवम् ॥ नमामिशशिनंसोमंशंभो
र्मुकुटभूषणम् ॥ २ ॥

દહીંના તથા શંખના, હીમના (બરફના) સરખા કાંતીમાન અને ક્ષીર સમુદ્રમાંથી ઉત્પન્ન થએલા અને મહાદેવજીના મુગટને શોભાવનાર સસલાના ચિન્હવાળા ચંદ્રમાને નમસ્કાર કરૂંછું. ॥ ૨ ॥

॥ धरणीगर्भसंभूतंविद्युत्कांतिसमप्रभम् ॥ कुमारंशक्तिहस्तंतंमंगलं प्रणमाम्यहम् ॥ ३ ॥

પૃથ્વીના ગર્ભ થકી ઉત્પન્ન થએલા અને વિજળીના સરખા પ્રકાશમાન અને હાથમાં શક્તિ ધારણ કરનારા કુમાર અવસ્થાવાળા મંગળને નમસ્કાર કરૂંછું ॥ ૩ ॥

॥ प्रियंगुकलिकाश्यामंरुपेणाप्रतिमं बुधम ॥ सौम्यंसौम्यगुणोपेतंत्तंबुधं प्रणमाम्यहम् ॥ ४ ॥

લતીનિ કળીઓના સરખું જેનું રક્તશ્યામ વર્ણ છે અને પ્રતિમાએ રહીત અને સારા ગુણે યુક્ત અને શાંતસ્વભાવવાળા બુદ્ધને હું નમસ્કાર કરૂંછું ॥ ૪ ॥

॥ देवानांचऋषिणांचगुरुंकांचनसंनिभम् ॥ बुद्धिभूतंत्रिलोकेशंतंनमामिबृहस्पतिम् ॥ ५ ॥

દેવતાઓના અને ઋષિઓના ગુરૂ અને સુવર્ણના સરખી કાંતિવાળા અને ત્રણલોકના ઇશ એવા બુદ્ધિરૂપ બૃહસ્પતિને હું નમસ્કાર કરૂંછું ॥ ૫ ॥

॥ हिमकुंदमृणालाभंदैत्यानांपरमंगुरुम् ॥ सर्वशास्त्रप्रवक्तारंभार्गवंप्रणमाम्यहम् ॥ ६ ॥

કમળના પુષ્પની અંદર રહેલા જીણા તંતુના સરખી કાંતિવાળા અને દૈત્યોના મુખ્ય ગુ-

૩ અને સર્વ શાસ્ત્રના કહેનાર શુક્રને હું નમ-
સ્કાર કરૂછું ॥ ૬ ॥

॥ नीलांजनसमाभासंरविपुत्रंयमाग्र-
जम् ॥ छायामार्तंडसंभूतंतंनमामि-
शनैश्चरम् ॥ ७ ॥

શ્યામમસીકાના સરખી કાંતિવાળા અને
સૂર્યના પુત્ર યમરાજાના મોહોટા ભાઈ સુર્યની
છાયાથી ઉત્પન્ન થયેલા શનીશ્ચરને નમસ્કાર
કરૂછું ॥ ૭ ॥

॥ अर्धकायंमहावीर्यचंद्रादित्यविम-
र्दनम् ॥ सिंहिकागर्भसंभूतंतंराहुंप्र-
णमाम्यहम् ॥ ८ ॥

અરધા શરીરવાળા અને મહા પરાક્રમી
સુર્ય ચંદ્રને પીડા કરનાર અને સિંહની સ્ત્રીથી
ઉત્પન્ન થએલા રાહુને હું નમસ્કાર કરૂછું ॥૮॥

॥पलाशपुष्पशंकाशंतारकाग्रहमस्त-
कं ॥ रौद्रंरौद्रात्मकंघोरंतंकेतुंप्रणमा
म्यहम् ॥ ९ ॥

ખાખરાના ફુલના સરખી કાંતિવાળા તા-
રાઓના અને ગ્રહના શીરોમણી અને ભયાનક
જેનુ શરીર છે એવા રૂદ્રના પુત્ર કેતુને હું ન-
મસ્કાર કરૂછું ॥ ૯ ॥

॥ इतिव्यासमुखोद्गितंयःपठेत्सुसमा-
हितः ॥ दिवावायदिवारात्रौविघ्नशां-
तिर्भविष्यति ॥ १० ॥

એ પ્રકારે વ્યાસ મુનિના મુખથી કહેલું
સ્તોત્ર તેને રાત્રે વા દીવસે જે મનુષ્ય ભણશે
તેનાં સર્વ વિઘ્ન નાશ પામી શાંતિ થશે ॥ ૧૦ ॥

॥ नरंनारीनृपाणांचभवेदुःस्वप्ननना-
शनम् ॥ ऐश्वर्यमतुलंतेषामारोग्यं

पुष्टिवर्धनम् ॥ ११ ॥

સ્ત્રી પુરૂષ અને રાજાઓનાં સર્વ દુઃખ નાશ પામી અત્યંત ઐશ્વર્યપણું પ્રાપ્ત થશે તથા આયુષ્ય અને પુષ્ટિની વૃધ્ધિ થશે ॥ ૧૧ ॥

॥ ग्रहनक्षत्रजाःपिडास्तस्कराग्निसमुद्भवाः ॥ ताःसर्वाःप्रशमंयांतिव्यासोब्रूतेनसंशयः ॥ १२ ॥

ગ્રહ નક્ષત્ર ચોર અગ્નિ તે થકી ઉત્પન્ન થતી સર્વ પીડાઓ વ્યાસ મુનિના કહેવાથી નાશ પામશે એમાં સંશય નહીં ॥ ૧૨ ॥ ઈતિ

॥ इतिश्रीव्यासविरचितंआदित्यादिनवग्रहस्तोत्रंसंपूर्णम् ॥

॥ श्रीभास्करायनमः ॥ शतांनीक उवाच ॥ ॥ कथमादित्यमुद्यंतमुप-

तिष्ठोद्दिजोत्तम ॥ एतन्मेब्रूहिविप्रेंद-
प्रपद्येशरणंतव ॥ १ ॥

शतानीकउवाच ॥ હે બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ઉદય પામતા સૂર્યનારાયણનું આરાધન શી રીતે થાય તે તમે મને કહો કેમજે હું તમારે શરણે આવેલો છું ॥ ૧ ॥

॥ सुमंतुरुवाच ॥ इदमेवपुरापृष्टः शं-
खचक्रगदाधरः ॥ प्रणम्याशिरसादे
वमर्जुनेनमहात्मना ॥ २ ॥

सुमंतुरुवाच ॥ આજે તમે પ્રશ્ન પુછો છો તે-જે પ્રશ્ન પ્રથમ મહાત્મા અર્જુને શંખ ચક્ર ગ-દાધારી શ્રી કૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને પુછેલો હતો તે કહું તે સાંભળો ॥ ૨ ॥

॥ कुरुक्षेत्रेमहाराजानिवृत्तेभारतेरणे॥
॥ कृष्णनाथंसमासाद्यप्रार्थयित्वाब्र-

वीदिदम् ॥ ३ ॥

હે મહારાજ જ્યારે કુરૂક્ષેત્રનું યુદ્ધ નિવૃતિ પામ્યુ અને શ્રી કૃષ્ણને પોતાના સ્વામી જાંણ્યા ત્યારે પ્રાર્થના કરી આ પ્રમાણે કહેતા હવા ॥ ૩ ॥

॥ अर्जुनउवाच ॥ ज्ञानंचधर्मशास्त्राणांगुह्याद्गुह्यतरंतथा ॥ मयाकृष्णपरिज्ञातंवाङ्मयंसचराचरम् ॥ ४ ॥

અર્જુનઉવાચ ॥ ધર્મ શાસ્ત્રોમાં રહેલા જ્ઞાનનું જે રહસ્ય જ્ઞાન તે વાણીમય સઘળુ જ્ઞાન હે શ્રી કૃષ્ણ તમારી કૃપાથી મેં જાણ્યું ॥ ૪ ॥

॥ सूर्यस्तुतिमयंन्यासंवक्तुमर्हासिमाधव ॥ भक्तयापृच्छामिदेवेशकथय स्वप्रसादत ॥ ५ ॥

હે માધવ પરંતુ સૂર્યની સ્તુતિ તથા ન્યાસ

તેને હું જાણવાને ઈચ્છુ છું માટે હે ભગવાન હું તમને ભકિતવડે કરીને પુછુ છું તો મારા ઉપર કૃપા કરીને મને કહો ॥ ૫ ॥

सूर्यभक्तिंकरिष्यामिकथंसूर्यंप्रपूजयेत् ॥ तदहंश्रोतुमिच्छामित्वत्प्रसादेनयादव ॥ ६ ॥

હે યાદવ સુર્યની સ્તુતિ તથા પુજા શીરીતે કરવી તે તમારા અનુગ્રહથી સાંભળવાને ઈચ્છુ છું ॥ ૬ ॥

॥ श्रीभगवानुवाच ॥ रुद्रादिदैवतैःसर्वैःपृष्टेनकथितंमया ॥ वक्ष्येहंसूर्यविन्यासंशृणुपांडवयत्नतः ॥७॥

શ્રી.કૃષ્ણ કહે છે કે હે પાંડુ રાજાના પુત્ર રૂદ્રાદી દેવતાઓએ જ્યારે મને આ પ્રશ્ન પુછયો હતો ત્યારે મેં જે ઉત્તર કહેલો છે તે સૂર્યના

ન્યાસને કહુ છું તે હે પાંડવ પ્રયત્નથી ચિત્ત દઇને સાંભળ ॥ ૭ ॥

अस्माकंयत्त्वयापृष्टमेकचित्तोभवार्जुन ॥ तदहंसंप्रवक्ष्यामिआदिमध्यावसानकं ॥ ८ ॥

હે અર્જુન તું એક ચિત્તથી અને તેં મને જે પ્રશ્ન પુછયો છે તેને આદિ મધ્ય અને અંત તને કહુ છું તે તું સાંભળ ॥ ૮ ॥

॥ अर्जुनउवाच ॥ नारायणसुरश्रेष्ठपृच्छामित्वांमहायशः ॥ कथमादित्यमुद्यंतमुपातिष्ठेत्सनातनम् ॥ ९ ॥

અર્જુન કહે છે કે હે નારાયણ હે દેવતાઓમાં શ્રેષ્ટ અને માહા યશસ્વી હું તમને પુછુ છું જે સનાતન ગતી કરતા સૂર્યની પુજા કેવી રીતથી થાય તે કહો ॥ ૯ ॥

॥ श्रीभगवानुवाच ॥ साधुपार्थम-
हाबाहोबुद्धिमानसिपांडव ॥ यन्मां-
पृच्छस्युपस्थानंतत्पवित्रंविज्ञावसोः
॥ १० ॥

શ્રી કૃષ્ણ કહે છે કે હે મોટા હાથવાળા એટલે બાહુ બળવાળા પાંડુ રાજાના પુત્ર તું બુદ્ધિમાન છે તેથી શ્રી સૂર્ય નારાયણની પવિત્ર પુજા વિધિને પુછે છે ॥ ૧૦ ॥

सर्वमंगलमांगल्यंसर्वपापप्रणाश-
नम् ॥ सर्वरोगप्रशमनमायुर्वर्धनमु-
त्तमम् ॥ ११ ॥

તે સર્વ મંગલકારી પદાર્થમાં વિશેશ માંગલીક છે સર્વ રોગનો નાશ કરનાર સર્વ પાપને નાશ કરનાર અને આયુશ્યને વધારનાર છે ॥ ૧૧ ॥

अमित्रदहनंपार्थसंग्रामेजयवर्ध-
नम् ॥ वर्धनंधनपुत्राणामादित्यहृद-
यंश्रृणु ॥ १२ ॥

હે અર્જુન! સંગ્રામમાં શત્રુને બાળનાર અને પોતાના જયને વધારનાર અને લક્ષ્મી તથા પુત્રની વદ્ધિ કરનાર આદિત્ય -હૃદય તું સાંભળ ॥ ૧૨ ॥

यच्छ्रुत्वासर्वपापेभ्योमुच्यतेनात्र-
संशयः ॥ त्रिषुलोकेषुविख्यातंनिःश्रे-
यसकरंपरम् ॥ १३ ॥

ત્રણ લોકમાં પ્રસિદ્ધ અને શ્રેય કરનાર આ-દિત્ય -હૃદય સાંભળવાથી મનુષ્ય માત્ર પાપથી મુકાય છે એમાં સંશય નથી ॥ ૧૩ ॥

देवदेवंनमस्कृत्यप्रातरुत्थायचा-
र्जुन ॥ विघ्नान्यनेकरूपाणिनश्यंति-

स्मरणादपि ॥ १४ ॥

હે અર્જુન સર્વ દેવના દેવસૂર્ય નારાયણને પ્રાતઃકાળમાં ઉઠીને જે નમસ્કાર કરેછે તથા તેમનુ સ્મરણ કરેછે તો અનેક પ્રકારનાં વિઘ્ન નાશ પામેછે ॥ ૧૪ ॥

तस्मात्सर्वप्रयत्नेनसूर्यमाराधयेत्सदा ॥ आदित्यहृदयंनित्यंजाप्यंतच्छृणुपांडव ॥ १५ ॥

તેટલા માટે હે પાંડવ અનેક પ્રયત્ન વડે કરીને પણ નિરંતર સૂર્યનું આરાધન કરવું અને નિત્ય આદિત્ય -હૃદયનો પાઠ કરવો તે તું સાંભળ ॥ ૧૫ ॥ .

यज्जपान्मुच्यतेजंतुर्दारिद्र्याद्दाशुदुस्तरात् ॥ लभ्नतेचमहासिद्धिंकुष्ठव्याधिविनाशिनीम् ॥ १६ ॥

જે પાઠ જપવાથી મનુષ્ય જીવ દરિદ્રતા-
ના સંકષ્ટથી તત્કાળ મુકાય છે અને કોડ આ-
દી અનેક પ્રકારનાં રોગને મટાડે છે તથા મોટી
સિદ્ધિને પમાડે છે ॥ ૧૬ ॥

अस्मिन्मंत्रेऋषिश्छंदोदेवताश-
क्तिरेवच ॥ सर्वमेवमहाबाहोकथया-
मितवाग्रतः ॥ १७ ॥

આ મંત્રમાં ઋષિ છંદ દેવતાશક્તિ એ સર્વે
હે બાહુબળવાળા અર્જુન તમને કહું છું ॥ ૧૭॥

मयातेगोपितंन्यासंसर्वशास्त्रप्र
बोधितम् ॥ अथतेकथयिष्यामिउत्त
मंमंत्रमेवच ॥ १८ ॥

સર્વ શાસ્ત્રમાં ગુહ્યપણે કહેલા ન્યાસ અને
ઉત્તમ એવા જે મંત્ર તે હું તને કહું છું ॥ ૧૮॥

ॐअस्यश्रीआदित्यहृदयस्तोत्र

मंत्रस्य॥श्रीकृष्णाऋषिः॥श्रीसूर्यात्मा
त्रिभुवनेश्वरोदेवता ॥ अनुष्टुप्छंदः ॥
हरितहयरथंदिवाकरंघृणिरितिबीज
म् ॥ ॐ नमोभगवतेजितवैश्वानरजा
तवेदसेइतिशक्तिः ॥ ओं नमोभगव
तेआदित्यायनमःइतिकीलकम् ॥ ओं
अग्निगर्भदेवताइतिमंत्रः ॥ ओं नमो
भगवतेतुभ्यमादित्यायनमोनमःश्री
सूर्यनारायणप्रीत्यर्थेजपेविनियोगः॥

॥ अथन्यासः ॥ ॥ ओं ह्रांअंगुष्ठा
भ्यांनमः॥ ओं ह्रींतर्जनीभ्यांनमः ॥
ओं ह्रूंमध्यमाभ्यांनमः ॥ ओं ह्रैंअ
नामिकाभ्यांनमः ॥ ओं ह्रैंकानिष्ठिका

भ्यांनमः ॥ ॐ ह्रः करतलकरपृष्ठा
भ्यांनमः ॥ ॐ ह्रांहृदयायनमः ॥
ॐ ह्रींशिरसेस्वाहा ॥ ॐ ह्रंशिखा
यैवषट् ॥ ॐ ह्रैंकवचायहुम् ॥ ॐ
ह्रौंनेत्रत्रयायवौषट ॥ ॐ ह्रः अस्त्रा
यफट् ॥ ॐ ह्रां ह्रीं ह्रूं ह्रैं ह्रौं ह्रः इति
दिग्बधः ॥

॥ अथध्यानम् ॥ भास्वद्रत्नाढ्यमौ
लिस्फुरदधररुचारंजितंचारुकेशंभा
स्वंतंदिव्यतेजः करकमलयुतंस्वर्णव
र्णप्रभाभिः ॥ विश्वाकाशावकाशग्रह
पतिशिखरेभातियश्चोदयाद्रौसर्वान
न्दप्रदाताहरिहरनमितःपातुमांवि
श्वचक्षुः ॥ १ ॥

ओं अस्येति આદિત્ય -હૃદય સ્તોત્ર મંત્રના શ્રી કૃષ્ણ ઋષિ છે શ્રી सूर्यात्मेति ત્રણ ભુવનના ઇશ્વર અને દેવતા શ્રી સૂર્ય છે અનુષ્ટુપ છંદ हरित हय रथमिति બીજ છે ॐनमो भगवते इति શક્તિ છે ॐ आज्ञि गर्भ देवतेति મંત્ર છે ॐ नमो भ-भगवते इति ॥ ઐશ્વર્યવાન સૂર્ય નારાયણ તમને નમસ્કાર કરૂં છું श्री सूर्य नारायणेति શ્રી સૂર્ય નારાયણની પ્રીતિ અને અર્થ જપ કરવાની યોજના કરૂં છું.

ॐ ह्रां अगुष्टेति ડાબા જમણા હાથના અંગુઠાનો સ્પર્શ કરી નમસ્કાર કરવો.

ॐ ह्रीं तर्जनीति ડાબા જમણા હાથના અંગુઠાની જોડની પેહેલી આંગળીયોનો સ્પર્શ કરી નમસ્કાર કરવો.

ॐ ह्रूं मध्यमाम्यामिति ડાબા જમણા હાથની અંગુઠાની જોડની એક મુકી બીજી આંગળીનો સ્પર્શ કરી નમસ્કાર કરવો.

ॐ ह्रैं अनामिकेति ડાબા જમણા હાથની

અંગુઠાની જોડની બે આંગળીયો પડતી મુકી ત્રીજી આંગળીનો સ્પર્શ કરી નમસ્કાર કરવો.

ॐ ह्रौं कनिष्ठिकेति ડાબા જમણા હાથની છેક છેલ્લી આંગળીનો સ્પર્શ કરી નમસ્કાર કરવો.

ॐ न्हः करतलेति ડાબા જમણા હાથની પરસ્પર હાથેલીઓનો સ્પર્શ કરી નમસ્કાર કરવો.

ॐ न्हां न्हदयेति છાતીના ખાડામાં જમણા હાથની આંગળીનાં ટેરવાં અડકાડવાં.

ॐ न्हीं शिरसेति માથાના મધ્ય ભાગે જમણા હસ્તની આંગળીનાં ટેરવાં અડકાડવાં.

ॐ हूं शिखेति ચોટલીના છેડાની ગાંઠે આંગળીનાં ટેરવાં અડકાડવાં.

ॐ न्हैं कवचायेति ડાબા હાથના કાંડા ઉપર જમણા હાથનું કાંડુ અને જમણા હાથને ડાબાનું હાથેલી છતી રાખી મુકવું.

ॐ न्हौ नेत्रेति બે આંખો ને કપાળના મધ્યમાં આંગળીનું ટેરવું મુકવું.

ॐह्रौंअस्त्रायेति માથે જમણો હાથ ફેરવી અંગુ-

ઠા પાસેની બે આંગળીઓએ ડાબા હાથની હાથેલીમાં તાળી પાડવી ॐह्रांह्रॉह्रंह्रैंह्रीह्रः એ મંત્ર-વડે કરી દીશાઓને બાંધવી अथध्यानं ત્યારપ-છી ધ્યાન કરવું ॥ ધ્યાનના શ્લોકના અર્થ ॥ સુંદર પ્રકાસીત રત્નોંવડે જેનો મુગટ પ્રકાસી-ત છે અને તે રત્નોના પ્રકાશથી રક્તવર્ણવાળા હોઠની કાંતી પણ શોભી રહેલી છે તથા સુંદ-ર કાળા કેશને પણ શોભા મળેલી છે એવા અને સોનાની કાંતીના સરખો જેનો પ્રકાશ છે તથા હાથમાં કમળ ઝાલેલું છે એવા અને જ-ગત આકાશ અને સુર્ય તેમના અવકાશ (છેડા) રૂપ ઉદયાચલ પર્વતના શીખર ઉપર સૂર્ય ગ્ર-હોના અધિપતિ સુર્ય પ્રકાશમાન છે અને સર્વેને આનંદ આપે છે તથા વિષ્નું અને શીવ જે-મને નમસ્કાર કરે છે એવા અને જગતના ને-ત્રરૂપ ભગવાન શ્રી સુર્યનારાયણ મહારૂં રક્ષણ કરો ॥ ૧ ॥

पूर्वमष्टदलंपद्मंप्रणवादिप्रतिष्ठित-

म् ॥ मायाबीजंदलाष्टाग्रेयंत्रमुद्धार-
येदिति ॥ २ ॥

પ્રથમ આઠ પાંખડીયોએ યુક્ત કમળના સરખુ અષ્ટદળ કહાડવું પછી બધામાં પ્રણવ (ॐ) પુરવો પછી માયાં જે બીજ છે તે પુરવાં એ પ્રકારે યંત્ર કાઢવો ॥ ૨ ॥

आदित्यंभास्करंभानुंरविंसूर्यंदि-
वाकरम् ॥ मार्तंडंतपनंचेतिदलेष्व-
ष्टसुयोजयेत् ॥ ३ ॥

પછી આદિત્ય ૧ ભાસ્કર ૨ ભાનુ ૩ રવિ ૪ સુર્ય ૫ દિવાકર ૬ માર્ત્તંડ ૭ તપન ૮ એ આઠ નામને પ્રત્યેક પાંખડીમાં મુકવાં ॥ ૨ ॥

दीप्तासूक्ष्माजयाभद्राविभूतिर्विम
लातथा ॥ अमोघाविद्युताचेतिमध्ये
श्रीः सर्वतोमुखी ॥ ४ ॥

ત્યારપછી દીપ્રા ૧ સૂક્ષ્મા ૨ જયા ૩ ભદ્રા ૪ વિભુતિ ૫ વિમલા ૬ અયોધી ૭ વિદ્યુતા ૮ એ આઠ વિભુતીઓનાં નામ પ્રત્યેકમાં પુરવાં પછી હ્રદયમાં સર્વનો નુશી મુકવું. ॥૪॥

सर्वज्ञःसर्वगश्चैवसर्वकारणदेवता॥ सर्वेशंसर्वहृदयंनमामिसर्वसाक्षिणम् ॥ ५ ॥

સર્વને જાણનાર, સર્વમાં ગતિ કરનાર. સર્વના કારણ સર્વના પ્રકાશ કરનારના ઇશ સર્વના હ્રદયભુત અને સાક્ષી એવાને જે નમે તેમને હું નમસ્કાર કરૂં છું ॥૫॥

सर्वात्मासर्वकर्त्ताचसृष्टिजीवनपालकः ॥ हितःस्वर्गापवर्गश्चभास्करेशनमोस्तुते॥ ६॥ ॥इतिप्रार्थना॥

સર્વના અંતર્યામી સૃષ્ટી ઉત્પન્ન કરનાર

પાલન કરનાર અને જીવાડનાર અને સ્વર્ગ અને મોક્ષના આપનાર સૂર્ય નારાયણને નમસ્કાર કરૂછું ॥ ૬ ॥

॥ नमोनमस्तेस्तुसदाविभावसोस र्वात्मनेसप्तहयायभानवे ॥ अनंतशक्तिर्मणिभूषणेनददस्वभुक्तिममभुक्तिमव्ययाम् ॥ ७ ॥

એ પ્રકારે પ્રાર્થના, હું નીરંતર સર્વના આત્મા અને જેના રથને સાત ઘોડા છેઅને અપાર શક્તિ જેના મોડે અને મણીમય આભ્રણ જેના શરીરે છે એવા વિભા વસુને હું નમસ્કાર કરૂછું અને કહુંછું કે નાસનંદી પામનારી ભોગમને આપો અને મુક્તિ આપો ॥ ૭ ॥

अर्कंतुमूर्ध्निविन्यस्यललाटेवैरविंन्यसेत् ॥ विन्यसेन्नेत्रयोः सूर्यंकर्णयोश्च

दिवाकरम ॥ ८ ॥

હાથની આંગળીઓનાં ટેરવાં અડકાડી માથા ઉપર અર્કને બેસારવા કપાળે રવિને બેસારવા નેત્રો ઉપર સૂર્યને અને બે કાન ઉપર દિવાકરને બેસારવા ॥૮॥

नासिकायांन्यसेद्भानुंमुखेवैभास्करं न्यसेत् ॥ पर्जन्यमोष्ठयोश्चैवतीक्ष्णं जिव्हांतरेन्यसेत् ॥ ९ ॥

નાક ઉપર સૂર્ય ને મોઢા ઉપર ભાસ્કરને નીચે હેઠળના હોઠ ઉપર પરજન્ય અને જીભ ઉપર તીક્ષ્ણને બેસારવા ॥ ૯ ॥

सुवर्णरेतसंकंठेस्कंधयोस्तिग्मतेज सम् ॥ बाव्होस्तुपूषणंचैवमित्रंवैपृष्ठ तोन्यसेत ॥ १० ॥

સૂવર્ણ રેતાને કંઠે તીગ્મ તેજાને બંને ખ-

બે અને બેઉ હાથનાં બાકુડાં ઉપર ઉધર પુષ-
ણુને અને પછવાડે મીત્રને બેસારવા ॥ ૧૦ ॥

वरुणंदक्षिणेहस्तेत्वष्टारंवामतः क
रे ॥ हस्तावुष्णकरः पातुहृदयंपातुभा
नुमान् ॥ ११ ॥

વરૂણને જમણા કર ઉપર ત્વષ્ટાને ડાબા
કર ઉપર બે હાથને ઉષ્ણ કર રક્ષણ કરો -હૃ-
દયનું ભાનું માન રક્ષણ કરો ॥ ૧૧ ॥

उदरेतुयमंविद्यादादित्यंनाभिमंड
ले ॥ कट्यांतुविन्यसेद्धंसंरुद्रमूर्वोस्तु
विन्यसेत् ॥ १२ ॥

પેટનું યમ રક્ષણ કરો નાભિમંડનું આદિ-
ત્ય રક્ષણ કરો કેહેડાનુનાઉપર હંસને બેસારવા
અને ઉરૂ ઉપર રૂદ્રને બેસારવા ॥ ૧૨ ॥

जान्वोस्तुगोपतिंन्यस्यसवितारंतु

जंघयोः ॥ पादयोश्चविवस्वंतंगुल्फ
योश्चदिवाकरम् ॥ १३ ॥

જાનું ઉપર ગોપતીને બેસારવા જંઘાઓ ઉપર સવિતાને બેસારવા પગ ઉપર વિવસ્વાનને બેસારવા ઘુંટાંઉપર દિવાકરને બેસારવા ॥ ૧૩॥

बाह्यतस्तुतमोध्वंसंभगमभ्यंतरे
न्यसेत् ॥ सर्वांगेषुसहस्रांशुंदिग्विदि
क्षुभगंन्यसेत् ॥ १४ ॥ इतिदिग्बंधः॥

શરીરના બહારના ભાગમાં તમોધ્વંસને બેસારવા અને માંહેના ભાગમાં ભગને બેસારવા સર્વ અંગ ઉપર સહસ્રાંશુને મુકવા અને દીશાઓમાં ભગને મુકવા ॥ ૧૪॥

एषआदित्यविन्यासोदेवानामपिदुर्ल
भः ॥ इमंभक्त्यान्यसेत्पार्थसयाति

परमांगातिम् ॥ १५ ॥

એ પ્રકારે દીશાઓ બાંધવી આ જે સૂર્ય નાન્યાસ દેવતાઓને જાણવાને પણ કઠીન છે માટે જે મનુષ્ય ભક્તિ વડે કરીને ભણે છે તે મનુષ્ય ઉત્તમ ગતીને પાંમે છે ॥ ૧૫ ॥

कामक्रोधकृतात्पापान्मुच्यतेनात्र संशयः ॥ सर्पादपिनयंनैवसंग्रामेषु पथिष्वपि ॥ १६ ॥

કામ ક્રોધ અને પાપથી મુકાય છે તેમાં સંશય નથી સર્પનો ભય લાગુ થતો નથી રણ સંગ્રામમાં શત્રુ જીતી શકતો નથી અને માર્ગમાં કશી આપત્તિ આવતી નથી ॥ ૧૬ ॥

रिपुसंघट्टकालेषुतथाचोरसमागमे ॥ त्रिसंध्यंजपतोन्यासंमहापातकनाशनम् ॥ १७ ॥

શત્રુના ટોળામાં દુકાલમાં અને ચોર લો-
કના સમાગમમાં ત્રણવાર આ ન્યાસને ભણે છે
તો સર્વ પ્રાયશ્ચિત નાશ થાય છે ॥ ૧૭ ॥

विस्फोटकसमुत्पन्नंतीव्रज्वरसमु
द्भवम् ॥ शिरोरोगंनेत्ररोगंसर्वव्याधि
विनाशनम् ॥ १८ ॥

વિસ્ફોટકનો વ્યાધિ તથા બળાત્કારી તા-
વની પીડા માથાનો રોગ આંખ્યોના રોગ અ-
ને સર્વ રોગને નાશ પમાડે છે ॥ ૧૮ ॥

कुष्टव्याधिस्तथादद्रुरोगाश्चविवि
धाश्चये ॥ जपमानस्यनश्यंतिशृणु
भक्त्यातदर्जुन ॥ १९ ॥

હે અર્જુન જપ કરનાર મનુષ્યના કોડ ત-
થા દાદર તથા બીજા જુદા પ્રકારના રોગોનો
નાશ કરનાર જે આદિત્ય -હૃદય તેને તું ભક્તિ
વડે કરીને સાંભળ ॥ ૧૯ ॥

आदित्योमंत्रसंयुक्तआदित्योभुव
नेश्वरः ॥ आदित्यान्नापरोदेवोह्यादि
त्यः परमेश्वरः ॥ २० ॥

સર્વ ભુવનના મેશ સૂર્ય નારાયણના મંત્રે
યુક્ત છે સૂર્યથી મોટો દેવ નથી ॥ ૨૦ ॥

आदित्यमर्चंतेब्रह्माशिवआदित्य
मर्चते ॥ यदादित्यमयंतेजोममतेज
स्तदर्जुन ॥ २१ ॥

હે અર્જુન એ આદિત્ય મારૂં તેજછે માટે
બ્રાહ્મણ અને મનુષ્યો તેનું પુજનકરેછે ॥ ૨૧ ॥

आदित्यंमंत्रसंयुक्तमादित्यंभुवने
श्वरम् ॥ आदित्यंयेप्रपश्यंतिमांपश्यं
तिनसंशयः ॥ २२ ॥

સર્વ ભુવનના ઈશ સૂર્યને મંત્રે યુક્ત જે

મનુષ્ય પુજે છે તે મારીજ પુજા કરે છે એમાં
સશય નથી ॥ ૨૨ ॥

त्रिसंध्यमर्चयेत्सूर्यं स्मरेद्भक्त्यातु
योनरः ॥ नसपश्यतिदारिद्र्यंजन्मज
न्मनिचार्जुन ॥ २३ ॥

જે મનુષ્ય ત્રણકાલ ભક્તિવડે કરીને સૂ-
ર્યની પુજા કરે છે તથા સ્મરણ કરે છે તો હે
અર્જુન તે મનુષ્ય જન્માંતરમાં દરિદ્રપણું પા-
મતો નથી ॥ ૨૩ ॥

एतत्तेकथितंपार्थआदित्यहृदयंम
या ॥ मुच्यतेसर्वपापेभ्यःसूर्यलोकेम
हीयते ॥ २४ ॥

એ પ્રકારે મેં તને હે અર્જુન આદિત્ય
-હૃદય કહયો તે આદિત્ય -હૃદય સર્વ પાપથી મુ-
કાવી સૂર્યના લોકની ગતીને પમાડેછે ॥ ૨૪ ॥

नमोभगवतेतुभ्यमादित्यायनमो नमः ॥ आदित्यःसवितासूर्यःखगःपूषागभस्तिमान् ॥ २५ ॥

માટે ઐશ્વર્યવાન આદિત્ય, સવિતા, ખગ, પુષા, ગભસ્તિમાન, તમને નમસ્કાર કરૂં છું, ॥ ૨૫ ॥

सुवर्णःस्फटिकोभानुःस्फुरितोविश्वतापनः ॥ रविर्विश्वोमहातेजाःसुवर्णःसुप्रबोधकः ॥ २६ ॥

સુવર્ણ સ્ફટિક ભાનુસ્ફુરિત વિશ્વતાપન રવિ વિશ્વ મહાતેજા સુવર્ણ સુબોધક ॥ ૨૬ ॥

हिरण्यगर्भस्त्रिशिरास्तपनोभास्करोरविः ॥ मार्तण्डोगोपतिःश्रीमान् कृतज्ञश्चप्रतापवान् ॥ २७ ॥

હિરણ્યગર્ભ ત્રિશીર, તપન, ભાસ્કર, ર-
વિ, માર્તંડ ગોપતિ શ્રીમાન્ કૃતજ્ઞ પ્રતાપવાન
॥ ૨૭ ॥

तमिस्रहाभगोहंसोनासत्यश्चत
मोनुदः ॥ शुद्धोविरोचनःकेशीसह
स्रांशुर्महाप्रभुः ॥ २८ ॥

તમિસ્રહા, ભગહંસ, નાસત્ય, તમોનુદ,
શુદ્ધ, વિરોચન, કેશી સહસ્રાંશુ મહાપ્રભુ
॥ ૨૮ ॥

विवस्वान्पूषणोमृत्युर्मिहिरोजाम
दग्न्याजित् ॥ घर्मरश्मिःपतंगश्चाश
रण्योमित्रहातपः ॥ २९ ॥

વિવશ્વાન, પુષણ, મૃત્યુ, મિહિર, જામદ-
ગ્ન્ય જિત ધર્મ રશ્મિ પતંગ શરણ્ય, અમિ-
ત્રહા, તપ ॥ ૨૯ ॥

दुर्विज्ञेयगतिःशूरस्तेजोराशिर्महा
यशाः ॥ शंभुश्चित्रांगदःसौम्योहव्य
कव्यप्रदायकः ॥ ३० ॥

દુર્વિજ્ઞયગતીઃ શુર, તેજોરાશીઃ મહાયશા
શંભુ ચિત્રાંગદઃ સૌમ્યઃ હવ્ય કવ્ય પ્રદાયકઃ
॥ ૩૦ ॥

अंशुमानुत्तमोदेवऋग्यजुःसामए
वच ॥ हरिदश्वस्तमोदारःसप्तसप्ति
र्मरीचिमान् ॥ ३१ ॥

અંશુમાન ઉત્તમ દેવ, ઋગ્યજુ, સામ,
હરિદશ્વ, તમોદાર સપ્તસપ્તિ મરીચિમાન,॥ ૩૧॥

अग्निगर्भोदितेःपुत्रःशंभुस्तिमिरना
शनः ॥ पूषाविश्वंभरोमित्रःसुवर्णःसु
प्रतापवान् ॥ ३२ ॥

અગ્નિ ગર્ભ, દિતિના પુત્ર શંભુ તિમિર નાસત્ય પુષ્ટા વિશ્વંભર મિત્ર સુવર્ણ સુપ્રતાપવાન ॥ ૩૨ ॥

आतपीमण्डलीभास्वांस्तपनःसर्वतापनः ॥ कृतविश्वोमहातेजाःसर्वरत्नमयोद्भवः ॥ ३३ ॥

આતપી મંડલી ભાસ્વાન તપનઃ સર્વતાપનઃ કૃતવિશ્વઃ મહાતેજા સર્વ રત્નમયઃ ઉદ્ભવઃ ॥ ૩૩ ॥

अक्षरश्चाक्षरश्चैवप्रभाकरविभाकरौ ॥ चंद्रश्चंद्रांगदःसौम्योहव्यकव्यप्रदायकः ॥ ३४ ॥

અક્ષરઃ અક્ષરપ્રભાકર વિભાકર ચંદ્ર ચંદ્રાંગદ સૌમ્ય હવ્ય કવ્ય પ્રદાયક ॥ ૩૪ ॥

अंगारकोंगदोहस्तीरक्तांगश्चांगव

र्धनः ॥ बुधोबुद्धासनोबुद्धिर्बुद्धात्मा
बुद्धिवर्धनः ॥ ३५ ॥

• અંગારક: અંગદ: હસ્તિ રક્તાંગ: અંગ-
વર્ધન: બુદ્ધ: બુદ્ધઆસન: બુદ્ધિ, બુદ્ધાત્મા
બુદ્ધિવર્ધન ॥ ૩૫ ॥

बृहद्भानुर्बृहद्भासोबृहद्धामाबृहस्पतिः
॥ शुक्लस्त्वंशुक्लरेतास्त्वंशुक्लांगःशुक्ल
भूषणः ॥ ३६ ॥

બૃહદ્ભાનું બ્રહદ્ભાસો બ્રહદ્ધામ વૃહસ્પતિ
શુક્લ શુક્લરેતા શુક્લાંગ શુક્લભુષણ ॥ ૩૬ ॥

शनिमान्शनिरूपस्त्वंशनैर्गच्छसि
सर्वदा ॥ अनादिरादिरादित्यस्तेजो
राशिर्महातपाः ॥ ३७ ॥

શનિમાન શનિરૂપ તમે છો સર્વદા ધીમી

ગતીથી ચાલો છો અનાદિ, આદિ આદિત્ય તે જો રાશી મહાતપ ॥ ૩૭ ॥

अनादिरादिरूपस्त्वमादित्योदिक्पतिर्यमः ॥ भानुमान्भानुरूपस्त्वं स्वर्भानुर्भानुर्दीप्तिमान् ॥ ३८ ॥

અનાદી આદિરૂપ તમે છો આદિત્ય દિશાઓના પતિ, યમ તમે તો ભાનુરૂપ સ્વર્ભાનુ ભાનુ દિપ્તિમાન ॥ ૩૮ ॥

धुम्रकेतुर्महाकेतुःसर्वकेतुरनुत्तमः॥ तिमिरावरणःशंभुःस्त्रष्टामार्तंडएवच ॥ ३९ ॥

ધુમ્રકેતુ મહાકેતુ સર્વ કેતુ, અનુત્તમ, તિમીરાવરણ શંભુ, સૃષ્ટા માર્તંડ ॥ ૩૯ ॥

नमःपूर्वायगिरयेपश्चिमायनमोनमः ॥ नमोत्तरायागिरयेदक्षिणायन

मोनमः ॥ ४० ॥

ઉદયાચલ પર્વતને અસ્તાચલ પર્વતને ઉત્તર પર્વતને અને દક્ષિણ પર્વતને નમસ્કાર કરૂં છું ॥ ૪૦ ॥

नमोनमःसहस्रांशोह्यादित्यायनमोनमः ॥ नमःपद्मप्रबोधायनमस्तेद्वादशात्मने ॥ ४१ ॥

સહસ્ર કીરણવાળા સૂર્યને નમસ્કાર કરૂં છું આદિત્યને નમસ્કાર કરૂં છું, પદ્મને પ્રકાશ કરનારને નમસ્કાર કરૂં છું બાર માસના આત્માને નમસ્કાર કરૂં છું ॥ ૪૧ ॥

नमोविश्वप्रबोधायनमोभ्राजिष्णुजिष्णवे ॥ ज्योतिषेचनमस्तुभ्यंज्ञानार्कायनमोनमः ॥ ४२ ॥

વીશ્વને જ્ઞાન આપનાર અને જયકારી

પ્રકાશ કરનાર અને જય આપનાર તેજ રૂ
અને જ્ઞાનતા સૂર્ય રૂપી તમને નમસ્કાર કરૂંછું
॥ ૪૨ ॥

प्रदीप्तायप्रगल्भाययुगांतायनमो
नमः ॥ नमस्तेहोतृपतयेपृथिवीपत
येनमः ॥ ४३ ॥

અજવાળું કરનાર ઉદારતા ધરાવનાર,
યુગના પારને પામનારા યજ્ઞના પતી તથા પૃ-
થ્વીના પતી તમને નમસ્કાર કરૂંછું ॥ ૪૩ ॥

नमोंकारवषटकारसर्वयज्ञनमोस्तु
ते ॥ ऋग्वेदादियजुर्वेदसामवेदनमो
स्तुते ॥ ४४ ॥

સોનાના જેવો જેનો વર્ણ છે. એવા સૂર્ય-
નારાયણને નમસ્કાર કરૂ છુ. ॥ ૪૪ ॥

नमोहाटकवर्णायभास्करायनमोन

म: ॥ जयायजयभद्रायहरिदश्वायते
नम: ॥ ४५ ॥

જય પ્રવર્ત્તાવનાર કલ્યાણમાં જય મેળવનાર અને લીલા રંગના ઘોડાવાળા સૂર્યનારાયણને નમસ્કાર કરૂ છુ. ॥ ૪૫ ॥

दिव्यायदिव्यरूपायग्रहाणांपतये
नम: ॥ नमस्तेशुचयेनित्यंनम:कुरु
कुलात्मने ॥ ४६ ॥

પ્રકાશમાન અને પ્રકાશવાળુ જેને સ્વરૂપ છે એવા અને ગ્રહોનાપતિ અને કૌરવ કુલના આત્મા અને નિત્ય પવિત્ર સૂર્યનારાયણને નમસ્કાર કરૂં છુ ॥ ૪૬ ॥

नमस्त्रैलोक्यनाथायभूतानांपतये
नम: ॥ नम:कैवल्यनाथायनंमस्तेदि
व्यचक्षुषे ॥ ४७ ॥

ત્રણ લોકના સ્વામિ અને પ્રાણી માત્રના સ્વામિ અને મોક્ષના અધિપતિ અને તેજસ્વી તેજવાળા સૂર્યનારાયણને હમારો નમસ્કાર હો ॥ ૪૭ ॥

त्वंज्योतिस्त्वंद्युतिर्ब्रह्मात्वंविष्णुस्त्वं प्रजापतिः ॥ त्वमेवरुद्रोरुद्रात्मावायु रग्निस्त्वमेवच ॥ ४८ ॥

તેજરૂપ પ્રકાશરૂપ તમે છો તથા બ્રહ્મા વિષ્નુ પ્રજાપતિ શિવ વાયુ અગ્નિ અને શત્રુઓના વધમાં પણ કુશળ તમે છો ॥ ૪૮ ॥

योजनानांसहस्त्रेद्वेद्वेशतेद्वेचयोजने ॥ एकेननिमिषार्धेनक्रममाणनमोस्तुते ॥ ४९ ॥

એક નિમિશ માત્રમાં બે હજાર બસોને બે યોજનમાં ગતિ કરનાર તમને નમસ્કાર હો ॥ ૪૯ ॥

नवयोजनलक्षाणिसहस्त्राद्विशता
निच ॥ यावदघटीप्रमाणेनक्रममाण
· नमोस्तुते ॥ ५० ॥

જેટલી ઘડી ગતિ કરવાનો પ્રમાણ કાળ
કલ્પેલો છે તેટલા કાળમાં ૯ નવ લાખ બે
હજાર અને સો યોજન ચાલતા સૂર્યનારાયણ
ને નમસ્કાર કરૂં છું ॥ ૫૦ ॥

अग्रतश्चनमस्तुभ्यंपृष्ठतश्चसदा
नमः ॥ पार्श्वतश्चनमस्तुभ्यंनमस्ते
चास्तुसर्वदा ॥ ५१ ॥

તમારા આગળ તથા પછવાડે તથા બંને
પડખાઓને ચારે તરફ નમસ્કાર કરૂ છું॥૫૧॥

नमःसुरारिहंत्रेचसोमसूर्याग्निचक्षु
षे ॥ नमोदिव्यायव्योमायसर्वतंत्रम
यावच ॥ ५२ ॥

દેવના શત્રુને મારનાર અને ચંદ્ર સૂર્ય અને અગ્નિના નેત્રરૂપ અને સ્વર્ગ તથા આકાશમાં જેનો વાસ છે એવા અને સર્વ કારણમય તમને નમસ્કાર કરૂ છું ॥ ૫૨ ॥

नमोवेदांतवेद्यायसर्वकर्मादिसाक्षिणे ॥ नमोहरितवर्णायसुवर्णायनमोनमः ॥ ५३ ॥

વેદાંતમાં જાણવા યોગ્ય અને સર્વ કર્મના સાક્ષી અને પીળા વર્ણવાળા અને શોભિતા વર્ણવાળા તમને નમસ્કાર કરૂછું ॥૫૩ ॥

अरुणोमाघमासेतुसूर्योवैफाल्गुने तथा ॥ चैत्रमासेतुवेदांगोभानुर्वैशाखतापनः ॥ ५४ ॥

માઘ માસમાં અરૂણ ફાગણમાં સૂર્ય ચૈત્રમાં વેદાંગભાનુ વૈસાખમાં તાપન ॥ ૫૪ ॥

ज्येष्ठमासेतपेदिंद्रआषाढेतपतेर
विः ॥ गभस्तिःश्रावणेमासेयमोभ्रा
ंद्रपदेतथा ॥ ५५ ॥

જેઠ માસમાં ઈંદ્ર તપે છે અશાડમાં રવિ શ્રાવણમાં ગભસ્તી ભાદરવામાં યમ ॥ ૫૫ ॥

इषेसुवर्णरेताश्चकार्तिकेचदिवाक
रः ॥ मार्गशीर्षेतपेन्मित्रःपौषेविष्णुः
सनातनः ॥ ५६ ॥

આસોમાં સુવર્ણરેતા કાર્તકમાં દીવાકર માર્ગ શિર્ષમાં મીત્ર તપે છે અને પોસમાં સના-તન પિષ્નુ તપે છે ॥ ૫૬ ॥

पुरुषस्त्वधिकेमासेमासाधिक्येतुक
ल्पयेत् ॥ इत्येतेद्वादशादित्यांःकाश्य
पेयाःप्रकीर्त्तिताः ॥ ५७ ॥

અને અધિકમાસ જે પુરૂષોત્તમ માસમાં પુ-
રૂપ તપે છે એ પ્રકારે કશ્યપ પ્રજાપતિના બાર
સૂર્યનાં નામ કહ્યાં ॥ ૫૭ ॥

उग्ररूपामहात्मानस्तपंतेविश्वरू-
पिणः ॥ धर्मार्थकाममोक्षाणांप्रस्फुटा
हेतवोन्टप ॥ ५८ ॥

હે અર્જુન ભયાનક શરીરવાળા અને જ
ગત્ સ્વરૂપ અને નીરંતર મોટી ગતીવાળા અને
ધર્મ અર્થ કામ અને મોક્ષ તેમના હેતુ ભુત
છે ॥ ૫૮ ॥

सर्वपापहरंचैवमादित्यंसंप्रपूजये
त् ॥ एकधादशधाचैवशतधाचसह
स्रधा ॥ ५९ ॥

સર્વ પ્રાપના નાશ કરનાર સૂર્યની એક પ્ર-
કારે દશ પ્રકારે સો પ્રકારે અને હજાર પ્રકારે
સારી પુજા કરવી ॥ ૫૯ ॥

तपंतेविश्वरूपेणसृजंतिसंहरंतिच ॥ एषविष्णुःशिवश्चैवब्रह्माचैवप्रजापतिः ॥ ६० ॥

એજ બ્રહ્મા વિષ્નુ, શીવ અને પ્રજાપતિ તે જગત્ રૂપે થઈ તપે છે પ્રગટ કરે છે ને નાશ કરે છે ॥ ૬૦ ॥

महेंद्रश्चैवकालश्चयमोवरुणएवच॥ नक्षत्रग्रहताराणामधिपोविश्वतापनः ॥ ६१ ॥

મોટા ઈંદ્ર, કાલ યમ, વરૂણ નક્ષત્ર તારાના અધિપતિ અને જગત્ પ્રકાશક પોતેજ કરે છે ॥ ૬૧ ॥

वायुरग्निर्धनाध्यक्षोभूतकर्त्तास्वयंप्रभुः ॥ एषदेवोहिदेवानांसर्वमाप्त्या

यतेजगत् ॥ ६२ ॥

વાયુ અગ્નિ ધનના સ્વામિ પ્રાણીઓના ઉત્પન્ન કરનાર સર્વ દેવતાઓનો દેવ અને સર્વ જાતીનું રક્ષણ કરનાર પોતે સમર્થ છે ॥ ૬૨ ॥

एषकर्त्ताहिभूतानांसंहर्तारक्षकस्तथा ॥ एषलोकानुलोकश्चसप्तद्वीपाश्चसागराः ॥ ६३ ॥

અને તે પોતેજ સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ પાલણ અને નાશ કરનાર છે લોકા લોક તથા સાત દ્વિપ અને સાત સમુદ્રમાં પોતેજ રહેલા છે ॥ ૬૩ ॥

एषपातालसप्तस्थोदैत्यदानवराक्षसाः ॥ एषधाताविधाताचबीजंक्षेत्रंप्रजापतिः ॥ ६४ ॥

એ સાત પાતાળમાં રહેલા છે દૈત્ય દાનવ રાક્ષસ ધાતા વિધાતા બીજ ક્ષેત્ર અને પ્રજા પતિ રૂપ છે ॥ ૬૪॥

एषएवप्रजानित्यंसंवर्धयतिरश्मिभिः ॥ एषयज्ञःस्वधास्वाहा-ह्रींःश्रीश्चपुरुषोत्तमः ॥ ६५ ॥

અને એજ પોતાના કીર્ણો વડે કરીને પ્રજાને વધારે છે અને યજ્ઞ પિત્રીઓને તથા દેવતાઓને તૃપ્ત કરનાર લક્ષ્મી લજ્જા પુરૂષોત્તમ સર્વ રૂપ પોતેજ છે ॥ ૬૫ ॥

एषभूतात्मकोदेवःसूक्ष्मोऽव्यक्तःसनातनः ॥ ईश्वरःसर्वभूतानांपरमेष्ठीप्रजापतिः ॥ ६६ ॥

. સર્વ ભુતનો આત્મા દેવ સૂક્ષ્મ . અને નીરંતર સર્વ પ્રાણીઓનો અધિષ્ઠાતા અને પ્રજાપતિ પણ પોતેજ છે ॥ ૬૬ ॥

कालात्मासर्वभूतात्मावेदात्माविश्व
तोमुखः ॥ जन्ममृत्युजराव्याधिसंसा
रभयनाशनः ॥ ६७ ॥

કાળનો પણ આત્મા, સર્વ મહા ભુતનો આત્મા અને જગતના મોઢા રૂપ પેતોજ છે જન્મ મૃત્યુ વૃદ્ધાવસ્થાનો રોગ અને સંસારનો ભય નાશ કરનાર છે ॥ ૬૭ ॥

दारिद्र्यव्यसनध्वंसीश्रीमान्देवोदि
वाकरः ॥ विकर्त्तनोवितस्वांश्चमार्त
डोभास्करोरविः ॥ ६८ ॥

દ્રારિદ્ર અને દુઃખનો કાપનાર પ્રતાપી સૂર્ય છે ઉત્પત્તિ અને પ્રકાશ કરનાર મૃર્તંડ રૂષીનો પુત્ર વિવસ્વત સૂર્ય છે ॥ ૬૮ ॥

लोकप्रकाशकःश्रीमाँल्लोकचक्षुर्ग्रहे
श्वरः ॥ लोकसाक्षीत्रिलोकेशःकर्ता

हर्त्तातमिस्त्रहा ॥ ६९ ॥

લોકને પ્રકાશ કરનાર અને લોકોનો અને ગ્રહોને પ્રકાશ કરનાર અને લોકનાં કર્મોને જો-નાર તથા અંધકારને નાશ કરનાર ઉત્પત્તિ ના-શ કરનાર પણ શોભાય માન સૂર્ય છે ॥ ૬૯ ॥

तपनस्तापनश्चैवशुचिःसप्ताश्ववा
हनः ॥ गभस्तिहस्तोब्रह्मण्यःसर्वदे
वनमस्कृतः ॥ ७० ॥

પ્રકાશીત અને પ્રકાશ કરનાર પવિત્ર અને સાત ઘોડાના વાહન વાળો અને બ્રાહ્મણોનો ઇષ્ટ ગ-ભસ્તિ હસ્તી નામે સર્વ દેવતાઓ એ નમસ્કાર કરેલો પોતે છે ॥ ૭૦ ॥

आयुरारोग्यमैश्वर्यंनरानार्यश्चमंदि
रे ॥ यस्यप्रसादात्संतुष्टिरादित्यहृद
यंजपेत् ॥ ७१ ॥

આ પુષ્પને તથા કુશળતા તે તથા ઐશ્વર્ય પણાને આપનાર તથા પ્રસંન રાખનાર પોતે છે વાસ્તે સ્ત્રી પુરૂષોએ પોતાના ઘરમાં નિત્ય આ-દિત્ય -હૃદયનો પાઠ કરવો ॥ ૭૧ ॥

इत्येतैर्नामभिःपार्थआदित्यंस्तौति नित्यशः ॥ प्रातरुत्थायकौंतेयतस्य रोगभयंनहि ॥ ७२ ॥

ઉપરનાં બધાં નામ વડે કરીને જે મનુષ્ય નિત્ય આદિત્ય સૂર્યની સવારના પોહોરમાં સ્તુતી કરે છે તો તેને રોગની પીડા હોતી નથી ॥ ૭૨ ॥

-पातकान्मुच्यतेपार्थव्याधिभ्यश्चन संशयः ॥ एकसंध्यंद्विसंध्यंवासर्वपापैः प्रमुच्यते ॥ ७३ ॥

હે અર્જુન તેથી મનુષ્ય પાપથી અને રો-

ગથી મુકાય છે એમાં શંશય નથી એક કાળ અ-
થવા બે કાળ પાઠ કરવાથી સર્વ પાપથી મુકાય
છે ॥ ૭૩ ॥

त्रिसंध्यंजपमानस्तुपश्येच्चपरमंप
दम् ॥ यदन्हात्कुरुतेपापंतदन्हात्प्र
तिमुच्यते ॥ ७४ ॥

ત્રણે કાળ પાઠ કરનાર પુરૂષ સર્વ પાપથી
મુકાય છે જે દીવસે પાપ થયું હોય તે દીવસે
પાઠ કરવાથી પાપથી મુકાય છે ॥ ૭૪ ॥

यद्रात्र्यात्कुरुतेपापंतद्रात्र्यात्प्रति
मुच्यते ॥ दद्रुस्फोटककुष्ठानिमंडला
निविषूचिका ॥ ७५ ॥

જો રાત્રીએ પાપ થયુ હોય ને પાઠ કરે તો
તે પણ પાપથી મુકાય છે, દાદર વિસ્ફોટક કોડ ઘ-
ચરકા વિકાર અને કોલેરાના રોગથી મુકાય છે
॥ ૭૫ ॥

सर्वव्याधिमहारोगाभूतबाधास्तथै
वच ॥ डाकिनीशाकिनीचैवमहारोग
भयंकुतः ॥ ७६ ॥

એ આદિત્ય -હૃદયના પાઠથી સર્વ પ્રકારના
રોગની પીડા ડાકયણી શાકયણી અને ભુતની
પીડાના તથા મોટા રોગની ધાસ્તીતો કયાંથી
હોય ॥ ૭૬ ॥

येचान्येदद्रुरोगाश्चज्वरातिसारका
दयः ॥ जपमानस्यनश्यंतिजीवेच्चश
रदांशतम् ॥ ७७ ॥

એ શિવાય તાવના તથા દદ્રુના ઝાડાના ઉ
પાધિને પાઠ કરવાથી મટાડે છે અને સો શર-
દરૂતુનું આયુષ્ય આપે છે ॥ ૭૭ ॥

संवत्सरेणमरणंयदातस्यध्रुवंभवेत्
॥ अशीर्षांपश्यतिछायामहोरात्रंधनं

जय ॥ ७८ ॥

હે અર્જુન જે મનુષ્યને એક વર્ષ પેહેલાં મરણનો નિશ્ચય થાય છે તે પુરૂષ રાત દીવશ પોતાની છાયાને માથા વગર જુવે છે ॥ ૭૮ ॥

यस्त्विदंपठतेभक्तयाभानोर्वारेमहात्मनः ॥ प्रातःस्नानेकृतेपार्थएकाग्रकृतमानसः ॥ ७९ ॥

જે મનુષ્ય રવિવારને દીવસે સવારમાં નાહી ધોઇને એક મન રાખી ભક્તિ યુક્ત થઇ આ પાઠ ભણે છે ॥ ૭૯ ॥

सुवर्णचक्षुर्भवतिनचांधस्तुप्रजायते ॥ पुत्रवान्धनसंपन्नोजायतेचारुजःसुखी ॥ ८० ॥

તો તેનાં નેત્ર પ્રકાશીત રહે છે અને અંધાપો આવતો નથી અને ધનવાન પુત્રવાન થાય

છે અને શરીરે વ્યાધિ વગરનો થઈ સુખી રહે છે ॥ ૮૦ ॥

सर्वासिद्धिमवाप्नोतिसर्वत्रविजयी नवेत् ॥ आदित्यहृदयंपुण्यंसूर्यनामं विभूषितम् ॥ ८१ ॥

જેમાં શોભાયમાન સૂર્યનું નામ રહેલું છે એવો આદિત્ય હૃદય મહા પવિત્ર છે તે ભણવાથી સર્વ સિદ્ધિઓને અને સર્વ ઠેકાણે જયને આપનાર છે ॥ ૮૧ ॥

श्रुत्वाचनिखिलंपार्थसर्वपापैःप्रमुच्यते ॥ अतःपरतरंनास्तिसिद्धिकामस्यपांडव ॥ ८२ ॥

હે અર્જુન મનકામના પુરી પાડવામાં આદિત્ય--હૃદયના જેવું બીજુ કંઈ નથી માટે તે સઘળો પાઠ સાંભળનાર સર્વ પાપથી મુકાય છે ॥ ૮૨ ॥

एतज्जपस्वकौंतेययेनश्रेयोह्यवा
प्स्यसि ॥ आदित्यहृदयंनित्यंयःपठे
त्सुसमाहितः ॥ ८३ ॥

માટે હે મીત્ર તે આદિત્ય -હૃદયનેજપ્યાથી
તું કલ્યાણ પામીશ જે મનુષ્ય રૂડે પ્રકારે તેનું
સેવન કરે છે ॥ ૮૩ ॥

भ्रूणहामुच्यतेपापात्कृतघ्नोब्रह्मघा
तकः ॥ गोघ्नःसुरापोदुर्भोजीदुष्प्रति
ग्रहकारकः ॥ ८४ ॥

તો બાળહત્યા બ્રહ્મહત્યા ગૌહત્યા તથા મ-
દીરા પાન તથા માંસ ભોજન અને ન લેવાનું
દાન લીધાના પાપથી પણ મુકાય છે ॥ ૮૪ ॥

पातकानिचसर्वाणिदहत्येवनसंश
यः ॥ यइदंश्रृणुयान्नित्यंजपेद्वापिस
माहितः ॥ ८५ ॥

જે મનુષ્ય આ પ્રકારે સાંભળીને રૂડે પ્રકારે પાઠ કરે છે તો તેનાં સઘળાં પાપ બળીજાય છે ॥ ૮૫ ॥

सर्वपापविशुद्धात्मासूर्यलोकेमहीयते ॥ अपुत्रोलभतेपुत्रान्निर्धनोधनमाप्नुयात् ॥ ८६ ॥

સર્વ પાપથી શુદ્ધિથઈ સૂર્ય લોકને પામે છે પુત્ર વગરનો પુત્ર પામે છે નિર્ધન હોયતો ધન પામે છે ॥ ૮૬ ॥

कुरोगीमुच्यतेरोगाद्भक्त्यायःपठते सदा ॥ यस्त्वादित्यदिनेपार्थनाभिमात्रजलेस्थितः ॥ ८७ ॥

રોગી હોય તો રોગથી મુકાય છે જો ભક્તિવડે કરીને નીરંતર પાઠ કરેતો જે મનુષ્ય રવિવારને દીવસ ડુંટીસુધી જળમાં રહી ॥ ૮૭ ॥

उदयाचलमारूढंभास्करंप्रणतस्थित ॥ जपतेमानवोभक्त्याशृणुयाद्वापिभक्तितः ॥ ८८ ॥

ઉદયાચળ પર્વત ઉપર રહેલા સૂર્યનારાયણને ભક્તી થકી નમસ્કાર કરે છે અને પાઠ કરે છે અથવા સાંભળે છે તો ॥ ૮૮ ॥

सयातिपरमंस्थानंयत्रदेवोदिवाकरः ॥ अमित्रदमनंपार्थयदाकर्तुंसमारभेत् ॥ ८९ ॥

જ્યાં સૂર્ય નારાયણ છે તે લોકની ગતી પામે છે જ્યારે શત્રુને પીડા કરવી હોય ॥ ૮૯॥

तदाप्रतिकृतिंकृत्वाशत्रोश्चरणपांसुभिः ॥ आक्रम्यवामपादेनआदित्यहृदयंजपेत ॥ ९० ॥

ત્યારે શત્રુના પગની રજવડે પ્રતિમા કરી તેને ડાબે પગે ડબાવી આદિત્ય -હૃદયનો પાઠ કરવો ॥ ૯૦ ॥

एतन्मंत्रंसमाहूयसर्वसिद्धिकरंपरम् ॥ ॐ -ह्रींहिमालीढंस्वाहा ॥ ॐ -ह्रींनिलीढंस्वाहा ॐ -ह्रींमालीढंस्वाहा ॥ इतिमंत्र ॥ ॥ त्रिभिश्चरोगी भवतिज्वरीभवतिपंचभिः ॥ जपै स्तुसप्तभिः पार्थराक्षसींतनुमाविशत् ॥ ९१ ॥

સર્વ સિદ્ધિને આપનાર આ મંત્રનો જપ કરવા ॐ હ્રિંહિમાલીઢં સ્વાહા ॐ હ્રિઁ નિલીઢં સ્વાહા ॐ--હ્રીં માલીઢં સ્વાહા એ મંત્ર છે ॥ ત્રણવાર જપવાથી રોગી થાય છે પાંચવાર જપવાથી તાવ વાળો થાય છે અને સાત વાર

જપવાથી રાક્ષસી દેહને પાંમે છે ॥ ૯૧ ॥

राक्षसेनाभिभूतस्यविकारान्शृणु पांडव ॥ गीयतेनृत्यतेनग्नआस्फोट यतिधवति ॥ ९२ ॥

રાક્ષસેપરાભવ પમાડેલા મનુષ્યના વિકારને હે અર્જુન સાંભળ, તે મનુષ્ય નાગો થઇને ગાય, નાચે, ટાબોટા વગાડે અને દોડે છે ॥ ૯૨ ॥

शिवारुतंचकुरुतेहसतेक्रंदतेपुनः॥ एवंसंपीड्यतेपार्थयद्यपिस्यान्महेश्वरः ॥ ९३ ॥

શીયાળની પેઠે રૂવે છે હસે છે બુમ પાડે છે હે અર્જુન ગમેતેવા ઐશ્વર્યવાળો હોય તોપણ આવી પીડા પામે છે ॥ ૯૩ ॥

किंपुनर्मानुषःकश्चिच्छौचाचारवि वर्जितः ॥ पीड्यतेचनसंदेहोज्वरो

भवतिदारुण: ॥ १४ ॥

તો કોઇક મનુષ્યતો આચાર વિચાર વગરનો થાય એમાં શી નવાઇ, મહા દારૂણ તાવની પીડાથી પણ દુ:ખ પામે છે ॥ ૯૪ ॥

यदाचानुग्रहंतस्यकर्तुमिच्छेच्छुभं करम् ॥ तदासलिलमादायजपेन्मंत्र मिमंबुध: ॥ १५ ॥

જ્યારે તેને તે પીડાથી મુકાવવો હોય ત્યારે પાણી લેઈ આ મંત્ર ભણવો ॥૯૫ ॥

नमोभगवतेतुभ्यमादित्यायनमोनम: ॥ जयायजयभद्रायहरिदश्वायते नम: ॥ १६ ॥

ઐશ્વર્ય સત્તા વાળા અને જયકારી તથા કલ્યાણમાં જય પ્રવર્ત્તાવનાર અને લીલા ઘોડા વાળા સૂર્ય નારાયણને હું નમસ્કાર કરૂછું ॥૯૬॥

स्नापयेत्तेनमंत्रेणशुभंभवतिनान्य
था ॥ अन्यथाचभवेद्दोषोनश्यतेनात्र
संशयः ॥ ९७ ॥

આ મંત્ર વડે કરીને પેલી પ્રતિમાને ન-
વરાવવી તો સારૂં થાય જો આ પ્રકારે ન કરે
અને બીજો પ્રકાર કરેતો પીડા પામી તે નાશ
પામે એમાં સંશય નથી. ॥ ૯૭ ॥

अतस्तेनिखिलःप्रोक्तःपूजांचैवनि
बोधमे ॥ उपलिप्तेशुचौदेशेनियतो
वाग्यतःशुचिः ॥ ९८ ॥

એટલા વાસ્તે હું તને પુજાનો વિધી બ-
તાવું છું તે તું સાંભળ પવિત્રભૂમીને લીંપીને
પોતે નીયમ ધારણ કરી મોન પણું રાખી પ-
વિત્રતા પાળીને ॥ ૯૮ ॥

वृत्तंवाचतुरस्रंवालिप्तभूमौलिखे

च्छुचिः ॥ त्रिधातत्रलिखेत्पद्ममष्टप
त्रंसकर्णिकम् ॥ ९९ ॥

ગોળ અથવા ચોખંડુ મંડળ લીપેલી જમીનમાં પુરવું પછી મધ્યે ત્રણ પ્રકારે આઠ પાંખડીયો એ યુક્ત કમળ કાઢવું ॥ ૯૯ ॥

अष्टपत्रंलिखेत्पद्मंगोमयालिप्तमंड
ले ॥ पूर्वपत्रेलिखेत्सूर्यमाग्नेय्यांतुर
विंन्यसेत् ॥ १००

ગાયના છાંણ વડે કરી લીપેલા મંડળમાં અષ્ટદળ કાઢી પૂર્વની પાંખડીમાં સૂર્યને સ્થાપન કરવા અગ્નિકોણમાં રવિને ॥ ૧૦૦ ॥

याम्यायांचविवस्वंतंनैरृत्यांतुभ
गंन्यसेत् ॥ प्रतीच्यांवरुणंविद्याद्वा
यव्यांमित्रमेवच ॥ १ ॥

દક્ષિણમાં વિવસ્વાન્ નૈરૂત્યમાં ભગનું સ્થા

પન કરવું પાશ્ચિમમાં વરૂણને અને વાવ્યમાં મિત્રનું-સ્થાપન કકવું ॥ ૧ ॥

आदित्यमुत्तरेपत्रेईशान्यांविष्णुमेवच ॥ मध्येतुभास्करंविद्यात्क्रमेणैवंसमर्चयेत् ॥ २ ॥

ઉત્તરમાં આદિત્યનું ઈશાનમાં વિષ્નુ નું અને મધ્યમાં ભાસ્કરનું સ્થાપન કરી એજ પ્રકારે અનુક્રમે પુજા કરવી ॥ ૨ ॥

अतःपरतरंनास्तिसिद्धिकामस्यपांडव ॥ महातेजःसमुद्यंतंप्रणमेत्सकृतांजलिः ॥ ३ ॥

હે અર્જુન સિદ્ધિ પાંમવાને માટે એથી શ્રેષ્ટ બીજો ઉપાય નથી મહા તેજસ્વીને ઉદય પામતા સૂર્યને હાથ જોડીને પગે લાગવું ॥ ૩ ॥

सकेसराणिपद्मानिकरवीराणिचा

र्जुन ॥ तिलतंडुलयुक्तानिकुशगंधो
दकेनच ॥ ४ ॥

કેસરે સહીત કમળ તથા કરેણનાં ફુલ તથા હે અર્જુન તલ ચોખા દાભ ચંદન અને જળ વડે કરીને ॥ ૪ ॥

रक्तचंदनमिश्राणिकृत्वावैताम्रभा
जने ॥ धृत्वाशिरसितत्पात्रंजानुभ्यां
धरणींस्पर्शेत् ॥ ५ ॥

તેમાં રાતુ ચંદન મેળવી તાંબાના અરગીયામાં તે જળ લેઈને પોતાના બે ઢીચણને ભોંય ઉપર અડકાડી અર્ઘપાત્ર માથા સુધી લાવીને ॥ ૫ ॥

मंत्रपूतंगुडाकेशचार्घ्यंदद्याद्भस्त
ये ॥ सायुधंसरथंचैवसूर्यमावाहया
म्यहम् ॥ ६ ॥

હે અર્જુન મંત્રવડે કરીને પવિત્ર કરેલો અ-
ર્ધ્ય સૂર્યનારાયણને આપવો અને આયુદ્ધ અને
રથે યુક્ત સૂર્યનું આવાહન કરવું ॥ ૬ ॥

स्वागतोभव ॥ सुप्रतिष्ठितोभव ॥
सन्निधोभव ॥ सान्निहितोभव ॥ सं
मुखोभव ॥ इतिपंचमुद्राः ॥ ॥
स्फुटयित्वार्हयेत्सूर्यंभुक्तिमुक्तिलभे
न्नरः ॥ ७ ॥

રૂડે પ્રકારે પધારો રૂડે પ્રકારે રહો ॥ મારી
પાસે રહો ॥ મારા સામું જુવો ॥ મારા સાંમા
રહો ॥ ૫ ॥ આવી રીતે પાંચ પ્રકારે સ્થાપન
કરી સૂર્યની પુજાકરે છેતો મનુષ્યભોગ અને મુ-
ક્તિ બંનેને પામે છે ॥ ૭ ॥

ओँ श्रींविद्यांकिलिकिलिकटकेष्टस
र्वार्थसाधनायस्वाहा ॥ ओंश्रींर्हीर्हः

हंसःसूर्यायनमःस्वाहा ॥ ओंश्रींह्रां ह्रींह्रूंह्रैंह्रौंह्रः सूर्यमुर्तयेस्वाहा ॥ ओं श्रींह्रींखंखः लोकायसर्वमूर्तयेस्वाहा ॥ ॐह्रूंमार्तंडायस्वाहा ॥ नमोस्तु सूर्यायसहस्त्रभानवेनमोस्तुवैश्वानर जातवेदसे ॥ त्वमेवचार्घ्यंप्रतिगृण्ह देवदेवाधिदेवायनमोनमस्ते ॥८॥

ॐ श्रींविद्येति सर्व क्लेशना कापनार अने सर्व अर्थनुं साधन करनार सूर्यनारायणने लक्ष्मी अने विद्या अर्पण करूंछुं. ॐ श्रींह्रीं इति ॥ सूर्यने नमस्कार अर्पण करुं छुं ॥ ॐ श्रींह्रां सूर्य मुर्तिने आकृति आपु छुं ॐ श्रीं-ह्रांइति आ बीजवडे सूर्यनी प्रतिमाने दान करी नमस्कार करुं छुं ॥ ॐ श्रीह्रिँ इति लोक स्वरूप सूर्यनी प्रतिमाने नमस्कार करुं छुं ॐ ह्रूँ मार्तंड

મુનિના પુત્રને બળીદાન આપુ છું ॥ ૮ ॥

नमोभगवतेतुभ्यंनमस्तेजातवेद
से ॥ दत्तमर्घ्यंमयाज्ञानोत्वंगृहाणन
मोस्तुते ॥ ९ ॥

હજાર પ્રકારે પ્રકાશ કરનાર અગ્નિના સરખા કાંતીમાન અને વેદને પ્રકાશ કરનાર હે દેવના પણ દેવ તમે મારા અર્ઘને ગ્રહણ કરો હું તમને નમસ્કાર કરૂ છું ॥ ૯ ॥

एहिसूर्यसहस्रांशोतेजोराशेजग
त्पते ॥ अनुकंपयमांदेवगृहाणार्घ्यं
नमोस्तुते ॥ १० ॥

હે સહસ્ર કીરણોવાળા અને તેજના સમૂહ અને જગત્‌ના પતિ મારા ઉપર દયાલાવી મારા અર્ઘને અંગીકાર કરો, હું તમને નમસ્કાર કરૂ છું ॥ ૧૦ ॥

नमोभगवतेतुभ्यंनमस्तेजातवेद
सेममेदमर्घ्यंगृण्णत्वंदेवदेवनमोस्तु
ते ॥ ११ ॥

ઐશ્વર્યવાન વેદસ્વરૂપ હે દેવ મારા અર્ઘને
ગ્રહણ કરો ને તમને નમસ્કાર રહો ॥ ૧૧ ॥

सर्वदेवाधिदेवायआधिव्याधिविना
शिने ॥ इदंगृहाणमेदेवसर्वव्याधि
र्विनश्यतु ॥ १२ ॥

સર્વ દેવના દેવ અને સર્વ દુઃખ અને રા-
ગના નાશ કરનાર હે સૂર્ય આ અર્ઘ અંગીકાર
કરી મારા રોગને નાશકરો ॥ ૧૨ ॥

नमः सूर्यायशांतायसर्वरोगाविना
शिने ॥ ममेप्सितंफलंदत्वाप्रसीदप
रमेश्वर ॥ १३ ॥

શાંત સ્વરૂપી ને સર્વરોગ નાશક મને ઈ-
ચ્છિત ફળ આપીને પ્રસંનરહો ॥ ૧૩ ॥

ॐनमोभगवतेसूर्यायस्वाहा॥ॐ
शिवायस्वाहा ॥ ॐ सर्वात्मनेसूर्या
यनमःस्वाहा ॥ ॐ अक्षय्यतेजसेन
मःस्वाहा ॥ सर्वसंकष्टदारिद्रंशत्रुंना
शयनाशय ॥ सर्वलोकेषुविश्वात्मास
र्वात्मासर्वदर्शकः ॥ १४ ॥

ઐશ્વર્ય સત્તાવાળા સૂર્યને અર્પણ કરી ન-
મસ્કાર કરૂં છું શિવને અર્પણ કરૂં છું સર્વના
આત્મા સૂર્યને અર્પણ કરૂં છું જેના તેજનો નાશ
નથી એવાને અર્પણ કરૂં છું ॥ સર્વ દુઃખ દળ-
દર અને શત્રુ તેનો નાશકરો નાશકરો સર્વ લો-
કના આત્મા સર્વના જોનાર તમે છો ॥ ૧૪ ॥

नमोभगवतेसूर्यकुष्ठरोगान्विखंड

य ॥ आयुरारोग्यमैश्वर्यंदेहिदेवनमो
स्तुते ॥ १५ ॥

હે દેવ ઐશ્વર્યતાવાળા સૂર્યને નમસ્કાર કરૂં છું તમે કોડ રોગને મટાડો અને આયુષ્ય કુશળતા ઐશ્વર્ય આપો હું તમને નમસ્કાર કરૂં છું ॥ ૧૫ ॥

नमोभगवतेतुभ्यमादित्यायनमो
नमः ॥ ओं अक्षय्यतेजसेनमः ॥
ओं सूर्यायनमः ॥ ओं विश्वमूर्तयेन
मः ॥ ॥ आदित्यंचाशिवंविद्याच्छि
वमादित्यरूपिणम् ॥ उभयोरंतरंना
स्तिआदित्यस्यशिवस्यच ॥ १६ ॥

ભગવાન આદિત્યને નમસ્કાર કરૂં છું ॥ અક્ષયી તેજવાળાને નમસ્કાર કરૂં છું ॥ સૂર્યને વિશ્વ મુર્ત્તિને નમસ્કાર કરૂં છું ॥ આદિત્યને

શીવ જાણવાને શીવને આદિત્ય રૂપે જાણવા આદિત્ય અને શિવ એ બેમાં લગાર અંતર નથી ॥ ૧૬ ॥

एतदिच्छाम्यहंश्रोतुंपुरुषोवैदिवाकरः ॥ उदयेब्रह्मणोरूपंमध्यान्हेतु महेश्वरः ॥ १७ ॥

એવા પુરૂષરૂપ અને દિવસને પ્રકાશ કરનાર સર્યૂને સાંભળવા ઇચ્છુું છું તે સૂર્ય ઉદય કાળે બ્રહ્માને રૂપે છે અને મધ્યાન્હે શીવનું સ્વરૂપ છે. ॥ ૧૭ ॥

अस्तमानेस्वयंविष्णुस्त्रिमूर्तिश्चदिवाकरः ॥ नमोभगवतेतुभ्यंविष्णवे प्रभंविष्णवे ॥ १८ ॥

અને અસ્ત પામતાં વિષ્નુ સ્વરૂપે રહે છે એવા પ્રકાશમાન અને ઐશ્વર્યવાળા સૂર્યને નમસ્કાર કરૂં છું ॥ ૧૮ ॥

ममेदमर्घ्यंप्रतिगृह्णदेवदेवाधिदेवा यनमोनमस्ते ॥ श्रीसूर्यायसांगायस परिवारायश्रीसूर्यनारायणायेदमर्घ्यं मू ॥ १९ ॥

હે દેવ મારો આ અર્ધ્ય તેને ગ્રહણ કરો દે- વના દેવને નમસ્કાર કરૂં છું એમ કહી પરિ- વાર અને પાર્શદોએ સહીત સૂર્ય નારાયણને આ અર્ધ્ય આપુ છું ॥ ૧૯ ॥

हिमघ्नायतमोघ्नायरक्षोघ्नायचतेन मः ॥ कृतघ्नघ्नायसत्यायतस्मैसूर्या त्मनेनमः ॥ २० ॥

ટાઢને નાશ કરનાર તથા ક્રોધને નાશ ક- રનાર રાક્ષસોનો નાશ કરનાર વિશ્વાસ ઘાતીને હણનાર સત્ય સ્વરૂપી. સૂર્ય આત્માને નમસ્કાર કરૂં છું ॥ ૨૦ ॥

जयोजयश्चविजयोजितप्राणोजित
श्रमः ॥ मनोजवोजितक्रोधोवाजि
नःसप्तकीर्तिताः ॥ २१ ॥

જયો ૧ જય ૨ વિજય ૩ જિતપ્રાણ ૪ જિતશ્રમ ૫ મનોજય ૬ જિતક્રોધ ૭ આ સાત ઘોડાવાળા ॥ ૨૧ ॥

हरितहयरथंदिवाकरंकनकमयांबु
जरेणुपिंजरम् ॥ प्रतिदिनमुदयंनवं
शरणमुपामिहिरण्यरेतसम् ॥ २२ ॥

લીલા ઘોડાવાળો અને દિવસના કરનાર અને સૂવર્ણ પ્રચુર કમળની રજના સરખો પીળો રથ જેને છે એવા અને સોનાના સરખી કાંતીવાળા અને નિત્યે ઉદય કાળે નવીન એવા સૂર્યને શરણે આવેલો છું ॥ ૨૨ ॥

नतंव्यालाःप्रबाधंतेनव्याधिभ्योन

यंन्नवेत् ॥ ननागेभ्योन्नयंचैवनभूत
भयंक्कचित् ॥ २३ ॥

આવી રીતની સ્તુતી કરનારને સર્પની. રોગની નાગની અને ભુતની પીડાનો ભય કદી હોતો નથી ॥ ૨૩ ॥

अग्निशत्रुभयंनास्तिपार्थिवेभ्यस्त
थैवच ॥ दुर्गातिंतरतेघोरांप्रजांचल
भतेपशून् ॥ २४ ॥

અગ્નિનો શત્રુનો અને રાજા થકી કશો ભય હોતો નથી નારકી ગતીથી ઉગરે છે અને પ્રજાની તેમજ પશુની પ્રાપ્તી થાય છે. ॥ ૨૪॥

सिद्धिकामोलभ्नेत्सिद्धिंकन्याकाम
स्तुकन्यकाम् ॥ एतत्पठेत्सकौंतेयन्न
क्तियुक्तेनचेतसा ॥ २५ ॥

સિદ્ધિની ઇચ્છાથી ભણે તો સિદ્ધિ મળે કન્યાની ઇચ્છાથી ભણે તો કન્યા મળે પુત્રની ઇચ્છાથી ભણે તો પુત્ર મળે જો ભક્તિ યુક્ત ચિત્ત રાખીને ભણે તો ॥ ૨૫ ॥

अश्वमेघसहस्रस्यवाजपेयशतस्य च ॥कन्याकोटिसहस्रस्यदत्तस्यफल माप्नुयात् ॥ २६ ॥

હજાર અશ્વમેધ યજ્ઞ કરે તથા સોજપ યજ્ઞ કરે અને કોટી કન્યા દાન આપવાથી જેટલું પુન્ય થાય તેટલું આદિત્ય -હૃદયના પાઠથી થાય છે ॥ ૨૬ ॥

इदमादित्यहृदयंयोधितेसततंन रः ॥ सर्वपापविशुद्धात्मासूर्यलोकेम हीयते ॥ २७ ॥

સર્વ પાપથી રહિત જેનો આત્મા છે એ-વો જે મનુષ્ય નિત્ય આદિત્ય -હૃદયનો પાઠ

કરે છે તો તે સૂર્ય લોકમાં રહે છે ॥ ૨૭ ॥

नास्त्यादित्यसमोदेवोनास्त्यादि
त्यसमागातिः ॥ प्रत्यक्षोभगवान्वि.
ष्णुर्येनविश्वंप्रातिष्ठितम् ॥ २८ ॥

સૂર્યના સરખો બીજો દેવ નથી અને સૂર્ય ના સરખી ગતી નથી જેનાથી આ વિશ્વ રહેલો છે એવી પ્રત્યક્ષ સત્તાવાન વિષ્નું પોતે છે. ॥ ૨૮ ॥

नवतिर्योजनंलक्षंसहस्राणिशता
निच ॥ यावद्घटिप्रमाणेनतावच्चरति
भास्करः ॥ २९ ॥

નવલાખ એક હજાર અને સોયોજન ચાલવાનું પ્રમાણ જેટલી ઘડીમાં હોય છે તેટલી ઘડીમાં સૂર્ય ગતી કરે છે ॥ ૨૯ ॥

गवांशतसहस्रस्यसम्यगद्त्तस्य

यत्फलम् ॥ तत्फलंलभतेविद्वान्शां
तात्मास्तौतियोरविम् ॥ ३० ॥

જે મનુષ્ય પોતાના આત્માને શાંત રાખી સૂર્યની સ્તુતી કરે છે તો પુજા વીધીવડે કરીને આપેલી સો ગાયોના ફળ જેટલા પુણ્યને ભોગવે છે ॥ ૩૦ ॥

योधीतेसूर्यहृदयंसकलंसफलंभवे
त् ॥ अष्ठानांब्राह्मणानांचलेखयित्वा
समर्पयेत् ॥ ३१ ॥

ब्रह्मलोकेऋषीणांचजायतेमानुषो
पिवा ॥ जातिस्मरत्वमाप्नोतिशुद्धा
त्मानात्रसंशयः ॥ ३२ ॥

જે મનુષ્ય આદિત્ય -હૃદયનો પાઠ કરે છે તો તેનો જન્મ સફળ થાય છે અને રૂડે પ્ર-

કારે આઠ બ્રાહ્મણોની પુજા કરી તે પુસ્તકનું દાન આપે છે ॥ ૩૧ ॥

તો બ્રહ્મલોકની અથવા ઋષિલોકની ગતીને પામે છે અથવા મનુષ્યલોકની ગતીને પામે છે તો શુદ્ધ ભાવવાળો છતાં જાતીના સ્મરણપણાને પામે છે એમાં સંશય નથી ॥ ૩૨ ॥

अजायलोकत्रयपावनायभूतात्मनेगोपतयेवृषाय ॥ सूर्यायसर्वप्रलयांतकायनमोमहाकारुणिकोत्तमाय ॥
॥ ३३ ॥

विवस्वतेज्ञानभृतांतरात्मनेजगप्रदोपायजगद्धितैषिणे ॥ स्वयंभुवे दीप्तसहस्रचक्षुषेसुरोत्तमायामिततेजसेनमः ॥ ३४ ॥

જન્મવગરના ત્રણ લોકને પવિત્ર કરનાર

પ્રાણીઓના આત્મા આકાશના સ્વામી ધર્મના નિવાસરૂપ સર્વના પ્રલય કરનાર સદા દયાલુ ઉત્તમ ॥ ૩૩ ॥

વિવસ્વાન જ્ઞાનવાળાઓના અંતરાત્મા જગતને દીપાવનાર જગતના હિતેચ્છુ પોતાની મેળે પ્રગટ થનાર પ્રકાશમાન હજાર નેત્રવાળા દેવતાઓમાં ઉત્તમ જેના તેજનુ પ્રમાણ નથી એવાને નમસ્કાર કરૂંછું ॥ ૩૪ ॥

सुरैरनेकैः परिसेविताय हिरण्यगर्भाय हिरण्मयाय ॥ महात्मने मोक्षपदाय नित्यं नमोस्तु ते वासरकारणाय ॥ ३५ ॥

અનેક દેવતાઓએ પુજેલા અને જેના ગર્ભમાં માયારૂપે જગત રહેલું છે એવા અને સુવર્ણમય મહાત્મા મોક્ષ સ્થાનના અધિપતી અને દીવસ કરનારને જે સૂર્ય તેને હું નમસ્કાર કરૂંછું ॥ ૩૫ ॥

आदित्यश्चार्चितोदेवआदित्यःप रमंपदम् ॥ आदित्योमातृकोभूत्वा आदित्योवाङ्मयंजगत् ॥ ३६ ॥

પુજેલો દેવ સૂર્ય છે અને સૂર્યનું સ્થાન મોટું છે અને તે સૂર્ય માતારૂપ તથા વાણી અને જગતરૂપ છે ॥ ૩૬ ॥

आदित्यंपश्यतेभक्त्यामांपश्यति ध्रुवंनरः ॥ नादित्यंपश्यतेभक्त्यान सपश्यंतिमांनरः ॥ ३७ ॥

જે મનુષ્ય ભક્તિથી સૂર્યને પુજે છે તે મને જાણે છે અને જે સૂર્યને ભક્તિવડે નથી જાણતો તે મનુષ્ય મને પણ જાણતો નથી ॥ ૩૭ ॥

त्रिगुणंचत्रितत्वंचत्रयोदेवास्त्रयो त्रयः ॥ त्रयाणांचत्रिमूर्तिस्त्वंतुरीय

स्त्वंनमोस्तुते ॥ ३८॥

ત્રણગુણવાળા ત્રણતત્વવાળા ત્રણ દેવમય ત્રણ અગ્નિમય ત્રણની મધ્યે ત્રણં મૂર્તિરૂપ અને તુર્યારૂપ પણ તમેછો માટે તમને નમસ્કાર કરૂંછું ॥ ૩૮ ॥

नम·सवित्रेजगदेकचक्षुषेजगतप्रसूतिस्थितिनाशहेतवे ॥ त्रयीमयायत्रिगुणात्मधारिणेविरंचिनारायणशंकरात्मने ॥ ३९ ॥

સવિતા એવા જગતના એક એજ નેત્રરૂપ જગતની ઉત્પતિ સ્થિતિ અને લયના હેતુ ત્રણ ગુણમય ત્રણ ગુણના આત્મા બ્રહ્મા વિષ્નુ અને શીવરૂપ તમને નમસ્કાર કરૂંછું ॥ ૩૯॥

यस्योदयेनेहजगत्प्रबद्धतेप्रवर्ततेचाखिलकर्मसिद्धये ॥ ब्रह्मेंद्रनाराय

णरुद्रवंदितःसनः सदायच्छतुमंगलं
रविः ॥ ४० ॥

જેના ઉદયથી આ જગત્ સર્વ કામ કરવાનો સમય જાણી પ્રવર્તે છે. બ્રહ્મા રૂદ્ર અનેં વિષ્નુએ નમસ્કાર કરેલા એવા હે સૂર્ય તમે અમને નિરંતર આનંદ આપો. ॥ ૪૦ ॥

नमोस्तुसूर्यायसहस्त्ररश्मयेसह-
स्त्रशाखान्वितसंभवात्मने ॥ सहस्त्र
योगोद्भवभावभागिनेसहस्त्रसंख्यायु
गधारिणेनमः ॥ ४१ ॥

હજાર કીરણુવાળા અને હજાર શાખાઓએ યુક્ત ઉત્પત્તિના આત્મા હજાર યોગની ઉત્પન્ન થતી શ્રદ્ધાના ભાગવાળા હજાર સંખ્યાવાળા યુગને ધારણ કરનારા તમને નમસ્કાર કરૂં છું. ॥ ૪૧ ॥

यन्मंडलंदीप्तिकरंविशालंरत्नप्र

भंतीव्रमनादिरुपं ॥ दारिद्यदुःखक्षय कारणंचपुनातुमांतत्सवितुर्वरेण्यम् ॥ ॥ ४२ ॥

જેનું મંડળ પ્રકાશમાન વિસ્તારવાળુ રત્ન સરખી કાંત્તિવાળુ વેગવાળુ અને નાશ વગરનું દરિદ્રતાને અને દુઃખને નાશ કરનારૂ જે સૂર્યના તેજથી શોભાયમાન એવું મંડળ મને સદા પવિત્ર કરો. ॥ ૪૨ ॥

यन्मंडलंदेवगणैः सुपूजितंविप्रैः स्तुतंभावनमुक्तिकोविदम् ॥ तंदेवदेवंप्रणमामिसूर्यंपुनातुमांतत्सवितुर्वरेण्यम् ॥ ४३ ॥

જેનું મંડળ દેવતાઓએ પુજેલું છે અને બ્રાહ્મણોએ સ્તુતિ કરે લું છે ભક્તિ કરનારને મુક્તિ આપનાર એવા દેવના દેવ સુર્યને નમ-

સ્કાર કરૂં છું અને સૂર્યના તેજથી પ્રકાશીત મંડળ મને સદા પવિત્ર કરો. ॥ ૪૩ ॥

यन्मंडलंज्ञानमयंत्वगम्यंत्रैलोक्य पूज्यंत्रिगुणात्मरूपम् ॥समस्ततेजो मयदिव्यरूपंपुनातुमांतत्सवितुर्वरे-ण्यम् ॥ ४४ ॥

જેનું મંડળ જ્ઞાનમય કોઈના જાણવામાં ન આવે તેવું ત્રણ લોકે પુજેલું સમસ્ત તેજ-રૂપ અને કીરણોથી પ્રકાશીત એવું સૂર્ય મંડળ મને સદા પવિત્ર કરો. ॥ ૪૪ ॥

यन्मंडलंगूढमतिप्रबोधंधर्मस्यवृद्धिंकुरुतेजनानाम् ॥ तत्सर्वपापक्षय कारणंचपुनातुमांतत्सवितुर्वरेण्यम् ॥ ४५ ॥

જેનું મંડળ મુર્ખને બુદ્ધિ આપનાર છે

ધર્મની વૃદ્ધિ કરનાર છે અને મનુષ્યના સર્વ પાપને નાશ કરનાર છે એવું સૂર્યના તેજથી પ્રકાશીત મંડળ મને સદા પવિત્ર કરો. ॥૪૫॥

यन्मंडलंव्याधिविनाशदक्षंयदृग्यजुःसामसुसंप्रगीतम् ॥ प्रकाशितंयेनचभुर्भुवःस्वःपुनातुमांतत्सवितुर्वरेण्यम् ॥ ४६ ॥

જેનું મંડળ રોગને નાશ કરનાર સ્વભાવવાળુ છે તથા રૂગ્, યજુ, અને સામ વેદે ગાએલું છે ભુર્લોક ભુવર્લોક અને સ્વર્લોકને પ્રકાશ કરનારૂ સૂર્યનુ માહા તેજસ્વી મંડળ મને પવિત્ર કરો. ॥ ૪૬ ॥

यन्मंडलंवेदविदोवदंतिगायंतियच्चारणासिद्धसंघाः ॥ यद्योगिनोयोगजुषांचसंघाःपुनातुमांतत्सवितुर्वरेण्यम् ॥ ४७ ॥

જેના મંડળને વેદવક્તાઓ કહે છે અને ચારણ અને સિદ્ધ લોકનાં યુથ ગાય છે જે મંડળને યોગાભ્યાસી યોગીયોનાં યુથ સેવેછે એવું સૂર્યનું તેજસ્વી મંડળ મને પવિત્ર કરો. ॥ ૪૭ ॥

यन्मंडलंसर्वजनेषुपूजितंज्योतिश्चकुर्यादिहमर्त्यलोके ॥ यत्कालकालादिमनादिरूपंपुनातुमांतत्सवितुर्वरेण्यम् ॥ ४८ ॥

જે મંડળને મૃત્યુ લોકમાં પુજેલુ છે તથા કાળનાકાળરૂપ અને આદિરૂપ એવું તે સૂર્યનું તેજસ્વી મંડળ મને સદા પવિત્ર કરો. ॥ ૪૮ ॥

यन्मंडलंविष्णुचतुर्मुखाख्यंयदक्षरंपापहरंजनानां॥ यत्कालकल्पक्षय

कारणंचपुनातुमांतत्सवितुर्वरेण्यम्॥
॥ ४९ ॥

જે મંડળને વિષ્નુ લોક બ્રહ્મલોક અથવા મનુષ્યના પાપને નાશ કરનાર અક્ષર એ નામ આપેલું છે જ્યાં આગળ કાળ અને યુગના સ-સમુદ્રનો નાશ છે એવું સૂર્યનુ તેજસ્વી મંડળ મને સદા પવિત્ર કરો. ॥ ૪૯ ॥

यन्मंडलंविश्वसृजांप्रसिद्धमुत्पत्ति रक्षाप्रलयप्रगल्भम् ॥ यस्मिन्जग त्संहरतेखिलंचपुनातुमांतत्सवितुर्वरे ण्यम् ॥ ५० ॥

જેનું મંડળ જગતની ઉત્પત્તિઓમાં પ્રસિ-દ્ધ છે ઉત્પત્તિ સ્થીતિ અને નાશ કરવામાં સ-મર્થ અને જેમાં સઘળુ જગત સંકોચ્યતાથી ર-હેછે તે સૂર્યનું તેજસ્વી મંડળ મને પવિત્ર ક-રો. ॥ ૫૦ ॥

यन्मंडलंसर्वगतस्याविष्णोरात्मा परंधामाविशुद्धतत्वम् ॥ सूक्ष्मांतरैर्यो गपथानुगम्यंपुनातुमांतत्सवितुर्वरे- ण्यम् ॥ ५१ ॥

જે મંડળને સર્વવ્યાપી વિષ્નુનું પરંમ ધામ કહે છે તથા શુદ્ધતત્વ કહે છે યોગમાર્ગ જાણુનારા પુરૂષોએ સૂક્ષ્મ વિચારથી જાણેલું તે સૂર્યનું તેજસ્વી મંડળ મને પવિત્ર કરો.ાાપ૧ાા

यन्मंडलंब्रह्मविदोवदंतिगायंति यच्चारणासिद्धसंधाः ॥ यन्मंडलंवेद विदःस्मरंतिपुनातुमांतत्सवितुर्वरेण्य म् ॥ ५२ ॥

જે મંડળને બ્રહ્મવેત્તા પુરૂષો ઉત્પ્રેક્ષા કરી નિશ્ચે કરે છે તથા ચારણ અને સિદ્ધ લોકો જે- ને ગાય છે અને વેદવેત્તા જેને સંભારે છે તે

સૂર્યનું તેજસ્વી મંડળ મને સદા પવિત્ર કરો.
॥ ૫૨ ॥

यन्मंडलंवेदविदोपगीतंयद्योगिनांयोगपथानुगम्यम् ॥ तत्सर्ववेदंप्रणमामिसूर्यंपुनातुमांतत्सवितुर्वरेण्यम् ॥ ५३ ॥

જે મંડળને વેદવેત્તાઓએ ગાએલું છે તથા યોગીઓના યોગમાર્ગને અનુસરેલું છે તથા સર્વને જાણનાર સૂર્યને નમસ્કાર કરૂંછું અને તે સૂર્યનું તેજસ્વી મંડળ મને સદા પવિત્ર કરો.
॥ ૫૩ ॥

मंगलाख्यमिदंपुण्यंय:पठेत्सततंनर: ॥ सर्वपापविशुद्धात्मासूर्यलोकेमहीयते ॥ ५४ ॥

મંગલાષ્ટક એવું જેનું નામ એવું સૂર્યનું

આસ્તોત્ર તેને જે મનુષ્ય ભણેછે તો તે મનુષ્ય સર્વે પાપથી શુદ્ધ થઈ સૂર્ય લોકમાં માહાલેછે. ॥ ૫૪ ॥

ध्येयःसदासावित्रमंडलमध्यवर्ति
नारायणःसरसिजासनसन्निविष्ठः ॥
केयूरवान्मकरकुंडलवान् किरिटीहा
रीहिरण्मयवपुर्धृतशंखचक्रः ॥ ५५

નિરંતર સૂર્યના મંડળમાં રહેનાર અને કમળના આસન ઉપર બેઠેલા તથા રત્ન જડીત મુગટવાળા તથા મકરાકાર કુંડળવાળા મનને હરણ કરનાર સોનાના સરખું શરીર જેનું છે અને શંખ ચક્ર ગદા પદ્મ ધારણ કરેલાં છે એવા શ્રી સૂર્યનારાયણ ધ્યાન કરવા યોગ્યજ છે ॥ ૫૫ ॥

सशंखचक्रंरविमंडलेस्थितंकुशेश
याक्रांतमनंतमच्युतम् ॥ भजामिबु

द्ध्यातपनीयमूर्तिंसुरोत्तमंचित्रविभू षणो ज्ज्वलम् ॥ ५६ ॥

શંખ ચક્ર સહીત સૂર્ય મંડળમાં રહેલા અને દર્ભની શય્યા ઉપર પોઢેલા અને તપ કરવા યોગ્ય જેની પ્રતિમા છે એવા અને દેવતાઓમાં શ્રેષ્ટ અને જુદાં જુદાં આભરણ ધારણ કરવાથી પ્રકાશીત શરીર થએલું છે એવા અને નાશ વગરના સૂર્યને બુદ્ધિવડે કરી ભજુ છું ॥ ૫૬ ॥

एवंब्रह्मादयोदेवाऋषयश्चतपोध नाः ॥ कीर्तयंतिसुरश्रेष्टंदेवंनारायणं विभुम् ॥ ५७ ॥

એ પ્રકારે બ્રહ્માદિ દેવતાઓ તથા જેમને તપ એજ પરમ દૈવત છે એ ઋષિઓ દેવતાઓમાં શ્રેષ્ટ નારાયણ વિભુ સૂર્યની પ્રશંસા કરતા હતા. ॥ ૫૭ ॥

वेदवेदांगशरीरंदिव्यदीप्तिकरंपरम् ॥ रक्षोघ्नंरक्तवर्णंचसृष्टिसंहारकारकम् ॥ ५८ ॥

વેદ તથા વેદના અંગના શરીર ભુત શોભાયમાન પ્રકાશ કરનાર અને રાક્ષસને નાશ કરતા સૃષ્ટિને સંહાર કરનાર અને સર્વથી શ્રેષ્ટ રાતી કાંન્તીવાળાને ભજુ છું ॥ ૫૮ ॥

एकचक्ररथोयस्य दिव्यःकनकभूषितः ॥ समेभवतुसुप्रीतःपद्महस्तोदिवाकरः ॥ ५९ ॥

જેના રથને એક પૈડુ છે અને તે પ્રકાશીત સૂવર્ણવડે કરીને શોભાયમાન છે એવા અને હાથમાં કમળ છે તે સૂર્યનારાયણ મારા ઉપર સદા પ્રસન્ન હો ॥ ૫૯ ॥

आदित्यःप्रथमंनामाद्वितीयंतुदिवा

करः ॥ तृतीयंभास्करःप्रोक्तंचतुर्थंच प्रभाकरः ॥ ६० ॥

પેહેલુ નામ આદિત્ય બીજુ દીવાકર ત્રીજુ ભાસ્કર ચોથુ પ્રભાકર, ॥ ૬૦ ॥

पंचमंतुसहस्रांशुःषष्ठंचैवत्रिलोचनः ॥ सप्तमंहरिदश्वश्चअष्टमंचाविभावसुः ॥ ६१ ॥

પાંચમુ સહસ્રાંશુ છઠું ત્રિલોચન સાતમુ હરિદશ્વ આઠમુ વિભાવસુ ॥ ૬૧ ॥

नवमंदिनकृत्प्रोक्तंदशमंत्रिदशात्मकः ॥ एकादशंत्रयीमूर्तिर्द्वादशंसूर्यएवच ॥ ६२ ॥

નવમુદીનકર, દસમુ ત્રિદશાત્મક. એકાદસમુ ત્રિમુર્તિ બારમુ સૂર્ય ॥ ૬૨ ॥

द्वादशादित्यनामानिप्रातःकालेप
ठेन्नरः ॥ दुःस्वप्ननाशनंचैवसर्वदुःखं
चनश्यति ॥ ६३ ॥

આ બાર સૂર્યનાં નામને જે મનુષ્ય સવા-
રમાં ભણે છે તો તેને નઠારૂ શમણું અને સર્વ
દુઃખ નાશ પામે છે ॥ ૬૩ ॥

दद्रुकुष्ठहरंचैवदारिद्र्यंहरतेध्रुवम् ॥
सर्वतीर्थप्रदंचैवसर्वकामप्रवर्द्धनम्
॥ ६४ ॥

દાદર કોડ દરિદ્રતા તે નાશ કરે છે અને
સર્વ તીર્થના પુણ્યને અને સર્વ કામની વૃદ્ધિ
કરે છે ॥ ૬૪ ॥

यः पठेत्प्रातरुत्थायभक्त्यानित्यमि
दंनरः ॥ सौख्यमायुस्तथारोग्यंलभ
तेमोक्षमेवच ॥ ६५ ॥

જે મનુષ્ય નિત્ય પ્રાતઃકાળમાં ઉઠીને ભણે છે તે મનુષ્યને સુખ આયુષ્ય કુશળતા અને મોક્ષ મળે છે ॥ ૬૫ ॥

आग्निमीलेनमस्तुभ्यामिषेत्वोर्जेस्त्व रूपिणे ॥ अग्नआयाहिवीतिस्त्वंनम स्तेज्योतिषांपते ॥ ६६ ॥

અગ્નિમીળ મંત્રરૂપ તથા ઈશ સામર્થવાન અગ્નિમાં આહુતિના વિસ્તારરૂપ એવા હે તારામંડળના અધિપતિ તમને નમસ્કાર કરૂં છું ॥ ૬૬ ॥

शन्नोदेवीर्नमस्तुभ्यंजगच्चक्षुर्नमो स्तुते ॥ पंचमायोपवेदायनमस्तुभ्यं नमोनमः ॥ ६७ ॥

શન્નો દેવી મંત્રરૂપી જગતના નેત્રરૂપ અને પાંચમા ઉપવેદરૂપ તમને નમસ્કાર કરૂંછું ॥ ૬૭ ॥

पद्मासनःपद्मकरःपद्मगर्भसमद्यु
ति॥सप्ताश्वरथसंयुक्तोद्विभुजःस्या
त्सदारविः ॥ ६८ ॥

કમળના બેસણાવાળા જેના હાથમાં કમળ છે જેના ગર્ભમાં કમળ છે રૂડી રીતે પ્રકાશમાન સાત ઘોડાના રથ યુક્ત બે હાથવાળા સૂર્ય નીરંતર મારા હાદયમાં રહો ॥ ૬૮ ॥

आदित्यस्यनमस्कारंयेकुर्वंतिदिने
दिने ॥जन्मांतरसहस्त्रेषुदारिद्र्यंनोप
जायते ॥ ६९ ॥

જે મનુષ્ય દિવસે દિવસે સૂર્યનારાયણને નમસ્કાર કરે છે તેને હજારો જન્મ પર્યંત દળદર પ્રાપ્ત થતું નથી ॥ ૬૯ ॥

उदयगिरिमुपेतंभास्करंपद्महस्तं
निखिलभुवननेत्रंनूत्नरत्नोपमेयम् ॥

तिमिरकरिमृगेंद्रंबोधकंपद्मिनीनांसु
खकरमत्रिवंदेसुंदरंविश्ववंद्यम् १७०

ઉદયાચલ પર્વત ઉપર રહેનાર અને પ્રકાશ કરનાર જેના હાથમાં કમળ છે સમસ્ત પૃથ્વીના નેત્ર રૂપ અને નવિન રત્નના સરખા પ્રકાશીત અંધકારરૂપી હાથીને સિંહની પેઠે ડબાવનાર કમળોને પ્રફુલિત કરનાર સુખ કરનાર રૂડે પ્રકારે જગતે નમસ્કાર કરેલા એવા સૂર્યને હું નમસ્કાર કરૂ છું ॥ ૧૭૦ ॥

इतिश्रीभविष्योत्तरपुराणेश्रीकृष्णा
र्जुनसंवादेआदित्यहृदयंसमाप्तम् ॥

॥ अथविरुद्धचंद्रस्यशांतिर्लिख्यते॥

॥ जन्मकालेगोचरंचदशास्वंतर्दशा सुच ॥ चंद्रेविरुद्धेलोकानांपीडास्या त्तद्विधानकं ॥ १ ॥

આકાશમાં ગતિ કરનારો ચંદ્ર જન્મ વખતે તથા મહાદશા અને અંતર દશામાં વિરૂદ્ધ પડ્યો હોય તો પીડા કરે માટે તેનો વિધિ કહુ છું ॥ ૧ ॥

जन्मकालेष्टमेषष्ठेचंद्रेमृत्युर्नसंशयः ॥ पापयुक्तेमहत्कष्टंतच्छांतिरन्निधीयते ॥ २ ॥

જો પેહેલો આઠમો અને છઠો ચંદ્ર હોય તો મૃત્યુ પમાડે એમાં શંશય નહીં તથા મહાદુઃખને પમાડે માટે તેની શાન્તિ કહીએ છીએ ॥ ૨ ॥

सुज्ञंसुपंडितंशांतंविद्वांसंब्राह्मणंक
विम् ॥ तंपृच्छेत्सुविनीतात्मापीडाचं
द्रोद्भवायदि ॥ ३ ॥

સારા જોતિષ્ય શાસ્ત્રોના જ્ઞાનવાળો વિદ્વાન
અને ડાહયો બ્રાહ્મણ હોય તેને પગે લાગી
ચંદ્રની પીડા પુછવી ॥ ૩ ॥

जपोदानंतथाहोमःप्रकर्त्तव्योनरै
रिह ॥ ब्राह्मणोक्तंचतत्कुर्यात्ज्यो
तिःशास्त्रानुसारतः ॥ ४ ॥

જો ચંદ્રની પીડા હોય તો તે બ્રાહ્મણના
બતાવ્યા પ્રમાણે જ્યોતિષ શાસ્ત્રમાં કહેવા પ્રમા-
ણે જપ, તપ, દાન હોમ મનુષ્યોએ કરવાં॥૪॥

जपेच्चंद्रमनुंपूर्वंगायत्रीलक्षसंयुत
म् ॥ शिवपूजाथवाकार्यादुग्धेनचज
लादिना ॥ ५ ॥

તથા ચંદ્રનો જપ કરવો લક્ષ ગાયત્રી જપ કરવો તથા જળવડે કરીને અથવા દુધવડે કરીને મહાદેવજીની પુજા કરવી ॥ ૫ ॥

दानंस्वशक्तयाकर्त्तव्यंवित्तशाठ्यं विवर्जयेत् ॥ चंद्रदानंप्रवक्ष्यामिलो कानांहितकाम्यया ॥ ६ ॥

છતે પૈસે શાઠપણું ન કરતાં પોતાની શક્તિ પ્રમાણે ચંદ્રનું દાન કરવું આ લોકના શ્રેયને અર્થે ચંદ્રનું દાન કહુ છું ॥ ૬ ॥

राजतीद्व्यंगुलामूर्तिःकार्याचंद्रस्य निर्मला ॥ तांपूजयेच्चंदनाद्यैःकर्पूरा गुरुधूपकैः ॥ ७ ॥

રૂપાની બે આંગળ લાંબા પોહોળા માપવાળી ચંદ્રની પ્રતિમા કરાવવી તેને ચંદન કપુર અગરૂ ધુપવડે કરીને પુજા કરવી ॥ ૭ ॥

पुष्पैर्नानाविधैश्चैवजलजैःकमलैस्त
था ॥ नीराजनैश्चनैवेद्यैःपयोभिरन्वि
तैस्तथा ॥ ८ ॥

નાના પ્રકારનાં ફુલવડે કરીને આરતી, નૈવદ્ય દુધ વગેરે પદાર્થ વડે કરીને પ્રતિમાની પુજા કરવી ॥ ૮ ॥

अर्घ्यंदद्याच्चंद्रमसेभक्त्याप्रयतमा
नसः ॥ नारिकेरेणपूंगेनकालोचित
फलेनवा ॥ ९ ॥

ત્યાર પછી નાલિયર તથા સોપારી અ-થવા જે ફળ મળી આવ્યું હોય તેણે કરી ભ-કતી યુકત ચંદ્રમાને અર્ઘ આપવો ॥ ૯ ॥

चंद्रध्यानंप्रवक्ष्यामिलोकानांपुष्टि
हेतवे ॥ ध्यानंतस्यशशांकस्यपीडो
पद्रवनाशनम् ॥ १० ॥

પીડા અને ઉપદ્રવને નાશ કરનારૂ ચંદ્ર-
માનુ ધ્યાન લોકની પુષ્ટિને અર્થે કહુ છું ॥ ૧૦ ॥

श्वेतवर्णंशीतरश्मिंद्विभुजंभुवनार्चितम् ॥ गदावरधरंशांतमिंदुमंडलसंस्थितं ॥ ११ ॥

मृगारूढंद्विजंशांतंह्योषधीशंवरप्रदम् ॥ रोहिणीसहितंध्यायेत्सर्वकामफलप्रदम् ॥ १२ ॥

ધોળા વર્ણવાળા શીતળ કીરણ વાળા બે હાથવાળા અને પૃથ્વીના લોકે પુજેલા અને ગદા ધારણ કરનાર શાંત પ્રકૃતિ વાળા અને ચંદ્રના મંડળમાં મૂખ્યં રહેલા ॥ ૧૧ ॥

હરણના ઉપર બેઠેલા બ્રાહ્મણ રૂપ તથા શાંત સ્વરૂપ ઔાંષધીના સ્વામી અને વરદાન આપ-નાર ચંદ્રમાનું રોહિણીએ સહવર્તમાન્ ધ્યાન કરવું ॥ ૧૨ ॥

सद्वाग्विलासोऽमलधीःसकामोन
क्ताधिपःकुंचितकृष्णकेशः ॥ कफानि
लात्मांबुजपत्रनेत्रोनक्षत्रनाथः सुभ
गोतिगौरः ॥ १३ ॥

મધુર વાણીના બોલનાર, નિર્મળ બુદ્ધિ-
વાળા કામના યુક્ત રાત્રિના સ્વામી વાળ-
કતા માથાના વાળવાળા કફ તથા વાયુની પ્ર-
કૃતિના આત્મા વાળા તથા કમળના સરખાં ને
ત્રવાળા નક્ષત્રના અધિપતિ અને રૂડા પ્રકાશ-
વાળા અને ગૌર વર્ણવાળા ॥ ૧૩ ॥

एवंध्यानंचंद्रमसःस्तवपूर्वसनातन
म् ॥ प्रांजलिःप्रयतोभूत्वाजितवाक्का
यमानसः ॥ १४ ॥

એ પ્રમાણે શરીર વાચા અને મનને જી-
તિને નિયમમાં રહી હાથ જોડી સનાતન ચંદ્ર-
માનું ધ્યાન કરવું ॥ ૧૪ ॥

नमश्चंद्रायशशिनेनमस्तेतारकाधि
प ॥ औषधीशायचनमःशर्वरीपतये
नमः ॥ १५ ॥

ચંદ્રને શશિને તારાઓના અધિપતિને ઔાષધિના સ્વામીને રાત્રિના સ્વામી એવા જે તમે તે તમને નમસ્કાર કરૂ છું ॥ ૧૫ ॥

अब्जचंद्रनमस्तुभ्यंनमस्तोशिवरू
पिणे ॥ सोमायसौम्यरूपायनमस्ते
मृतरूपिणे ॥ १६ ॥

કમળ સ્વરૂપ ચંદ્રને શીવ રૂપીને સુંદર સ્વરૂપ વાળા સોમને અમૃત રૂપ તમને નમસ્કાર કરૂં છું ॥ ૧૬ ॥.

अत्रिपुत्रायाब्धिजायद्विजराजनमो
स्तुते ॥ यामिनीशायशुद्धायकलाधी
शायतेनमः १७ ॥

અત્રિ રૂષિના પુત્ર સમુદ્રથી ઉત્પન્ન થએલા અને બ્રાહ્મણોને પ્રકાશ કરનાર તમને નમસ્કાર કરૂ છું રાત્રીના સ્વામી શુદ્ધ અને કળાના પણ સ્વામી એવા તમને નમસ્કાર કરૂ છું ॥ ૧૭॥

कालायकालरूपायनमस्तेकालसाक्षिणे ॥ कालांगायनमस्तुभ्यंकालकर्त्रेनमोनमः ॥ १८ ॥

કાળને કાળ સ્વરૂપને કાળના સાક્ષીને કાળના અંગને અને કાળના કરતાને નમસ્કાર કરૂ છું ॥ ૧૮ ॥

तमोनुदायतमसेतमिस्रापतयेनमः ॥ नमस्तेदक्षगुरवेकाममित्रायतेनमः ॥ १९ ॥

અંધકાર નાશ કરનાર તમો ગુણ વાળા અંધકાળના પતિ તથા જેના દક્ષ પ્રજાપતિ ગુરૂ

છે તથા કામ દેવના મિત્રને નમસ્કાર કરૂં છું ॥ ૧૯ ॥

कुमुद्वनप्रबोधायदक्षायचनमोनमः ॥ मृगांकायचक्षेत्रायक्षेत्राधीशायते नमः ॥ २० ॥

પોયણીઓના વનને પ્રકાશ કરનાર, તથા મૃગના ચિન્હ વાળા ક્ષેત્રરૂપ તથા ક્ષેત્રના સ્વામિ અને દક્ષ એવાને નમસ્કાર કરૂં છું. ॥ ૨૦ ॥

क्षपाचरायक्षेमायक्षेत्राधीशायतेनमः ॥ सागरायनमस्तुभ्यंनमस्तेसागरात्मने ॥ २१ ॥

રાત્રિમાં ગતિ કરનાર ક્ષેત્રોના અધિપતિ સમુદ્ર રૂપ સમુદ્રના પુત્ર તથા કુશળતાના આપનારને નમસ્કાર કરૂં છું ॥ ૨૧ ॥

एवंकृत्वास्तुतिंभक्त्यादंडवत्प्रणमेद्भुवि ॥ प्रांजलिःपुनरुत्थायवारंवारंनमेत्सुधीः ॥ २२ ॥

એ પ્રકારે બુદ્ધિવાન્ પુરૂષો હાથ જોડી ભક્તિએ યુકત દંડવત પ્રણામ કરી પાછા ફરીને નમસ્કાર કરતા સતા સ્તુતિ કરે છે ॥ ૨૨ ॥

॥ अथमण्डलपूजा ॥ ॥ मडलंचतुरस्त्रंचषोडशांगुलसंमितम् ॥ कारयेद्राजतंशुद्धंतदाभावेचतंडुलैः॥ २३॥

ચારે તરફ સોળ આંગળ લાંબુ પોહોળુ રૂપાનું શુદ્ધમંડળ કરાવવું જો રૂપુ ન મળે તો ચોખાનું કરવું ॥ ૨૩ ॥

चतुर्दिक्षुनामभिस्तैःपूजयेच्छशलांछनम् ॥ मध्येमूर्तिंसमालिख्यपूजयेच्चंदनादिभिः ॥ २४॥

ચારે દીશાઓમાં તે નામવડે કરીને હર-
ણના ચિન્હવાળા ચંદ્રને પુજવા મધ્યે ચંદ્રની
પ્રતિમાને સ્થાપન કરાવી ચંદનાદિ વડે કરી
પુજવા ॥ ૨૪ ॥

पूर्वंषण्नामाग्निःपूज्यःपंचभिश्चतत
स्तथा ॥ ओषधीशःक्षपानाथोद्विज
राजोहिमांशुकः ॥ २५ ॥

પ્રથમ છ નામવડે કરીને પુજવા ત્યાર પ-
છી પાંચ નામવડે કરીને પુજવા ઔષિધિના
સ્વામી ॥ રાત્રિના પતિ ॥ બ્રાહ્મણોને પ્રકાશ-
નારા ઠંડા કીરણવાળા ॥ ૨૫ ॥

सोमश्चरात्रिनाथश्चतारकेशोहिम
द्युतिः ॥ हरिणांकःशशांकश्चसुधार
श्मिर्निशाकरः ॥ २६ ॥

સોમરાત્રિના અધિપતિ તારાના સ્વામી હિ-

પના સરખા કાંન્તિમાન હરણના ચિન્હવાળા ॥ સસલાના ચિન્હવાળા ॥ જેના કીરણમાં અમૃત રહેલું છે ॥ રાત્રીના કરનાર ॥ ૨૬ ॥

इंदुश्चाब्जश्चनाक्षत्रकलानिधिरपांगतिः ॥ कौमुदीशोत्रिपूत्रश्चलक्ष्मीभ्राताशशीविधुः ॥ २७ ॥

ઇંદુ અબ્જ નક્ષત્ર કલાનિધિ અપાંગતિ કૌમુદીના (પોઇણાંના) ઇશ ત્રણ પુત્રવાળા લક્ષ્મીના ભાઈ શસીવિધુ ॥ ૨૭ ॥

एतानिसोमनामानिपूर्वादिदिक्षुच क्रमात् ॥ तंडुलैःशतपत्रैश्चसौवर्णैराजतैस्ततः ॥ २८ ॥

એ પ્રકારે ચંદ્રનાં નામને પૂર્વે દીશાથી માંડીને ચાર દીશાઓમાં ચોખા, કમળ તથા સોના રૂપાવડે કરી સ્થાપનાં કરવાં ॥ ૨૮ ॥

ज्येष्ठमासेद्वितीयायांमृगर्क्षेसोमवासरे ॥ मृगसंस्थेरवौपूजासूर्यपर्वशताधिका ॥ २९ ॥

જેઠ માસની બીજને દીવશે મૃગશીર નક્ષત્ર અને સોમવાર યુક્ત તથા મૃગશીર અને રવિવાર હોયતો તેથી સૂર્યના સો પર્વની તીથીઓમાં શ્રેષ્ટછે ॥ ૨૯ ॥

संपूजयेच्चंद्रमसंह्यमुनाविधिनानरः ॥ सर्वार्थास्तस्यासिध्यंतिधनधान्यादिसंयुतः ॥ ३० ॥

તે દીવશા આ વિધી વડે જે મનુષ્ય પુજા કરે છે તેની સર્વ વિાધ સિદ્ધ થાય છે અને ધન ધાન્યને પામે છે ॥ ૩૦ ॥

विजयीसर्वलोकेषुपुत्त्रपौत्रसमन्वि

तः ॥ ऋषिस्वतंत्रःसततमायुरारोग्य
मेवय ॥ ३१ ॥

વધારે જય મેળવનાર પુત્ર પૌત્ર નિરંતર આયુષ્ય આરોગ્યતાને પામે છે ॥ ૩૧ ॥

श्वेतांशुकंतंडुलाश्ववंशपात्रान्वितं
तथा ॥ मुक्ताफलंचकर्पूरंकांस्यपात्रं
चशर्करा ॥ ३२ ॥

ચંદ્રમાને વાંસના પાત્રમાં મોતી ફુળ કપુર સાકર ચોખા એ યુક્ત ॥ ૩૨ ॥

षण्मासंपूजयेत्सोमंतथाचवत्सरा
वधि ॥ ब्राह्मणान्भोजयेद्भत्तयादंप
तीपरिदापयेत् ॥ ३३ ॥

છ માસ અથવા એક વરસ દીવશ સુધિ ચંદ્રમાની પુજા કરી બ્રાહ્મણને જમાડી સ્ત્રી પુરૂષે

યુક્ત બંનેજણે ઉપરનું દાન બ્રાહ્મણને આપવું ॥ ૩૩ ॥

घृतंरौप्यंचवृषभंपूगानिचघटस्तथा ॥ सौवर्णांदक्षिणादेयावित्तशाठ्यं विवर्जयेत् ॥ ३४ ॥

છતે પૈસે કસર ન કરતાં પોતાની શકતી પ્રમાણે દ્રવ્ય મુકી ઘી રૂપુ વાછડો સોપારી ઘડો દાનમાં આપવો ॥ ૩૪ ॥

दैवज्ञंशास्त्रतंयज्ञक्रियासुनिपुणंद्विजम् ॥ सुवर्णेनचवस्त्रेणनानाभोगैः समर्चयेत् ॥ ३५ ॥

જોતિષ શાસ્ત્રને જાણનાર વેદને માનનાર જ્ઞાદિ ક્રિયાઓ જાણનાર બ્રાહ્મણને સોનાવડે તથા નાના પ્રકારનાં વસ્ત્ર અને ઉપભોગવડે પુજવો ॥ ૩૫ ॥

एवंसंपूज्यदेवेशंप्रार्थयेच्छशलांछ
नम् ॥ पीडानाशकरंवंदेत्वामहंशर
णंगतः ॥ ३६ ॥

એ પ્રકારે પુજાકરી હરણનાલાંછન વાળા અને પીડા નાશ કરનાર ચંદ્રમાને નમસ્કાર કરૂ છું અને હું તમારે ક્ષરણે આવેલો છું ॥ ૩૬ ॥

रोहिणीशसुधामूर्तेसुधात्नावसुधा
शन ॥ विषमस्थानसंभूतांपीडांना
शयमेविधो ॥ ३७ ॥

રોહિણીના સ્વામીઅમૃતની મૂર્તિરૂપ અમૃતને જમનાર અને અમત આપનાર હે વિધુ મને વિસમ સ્થાનથી થતી જે પીડા તેને નાશ કરો ॥ ૩૭ ॥

इ० स्कं० उमामहेश्वरसंवादेचंद्र
पूजाविधिः ॥

॥ अथभिन्नपूजाविधिः ॥ ॥ द्विज राजगुरुश्रेष्टताराधीशात्रिनंदन ॥ औषधीनांचराजानंसोममावाहयाम्यहम् ॥ १ ॥

હે બ્રાહ્મણોના રાજા તથા ગુરૂ તથા બ્રાહ્મણોમાં શ્રેષ્ટ તથા જેને ત્રણ પુત્ર છે તેવા ઔષધીના સ્વામી એવા ચંદ્રમાનું હું આવાહન કરૂં છું ॥ ૧ ॥

अहोचंद्रजगत्प्राणयमुनाविषयोद्भव ॥ वरप्रदगदाप्राणेश्वेतवर्णात्रिगोत्रज ॥ २ ॥

હે જગતના પ્રાણ રૂપ ચંદ્ર અને અત્રી રૂષિના કુળમાં ઉત્પન્ન થયેલા તથા હાથમાં ગદા ઝાલનાર, તથા વરદાન આપનાર શુક્લ વર્ણવાળા અને યમુનાના વિષયથી ઉત્પન્ન થ-

એલા ॥ ૨ ॥

दशाश्ववाहनागच्छउमारूपसम
न्वित ॥ तद्वलेदेवमंत्रेणमंत्रेणह्यग्नि
नार्चितः ॥ ३ ॥

દશ ઘોડાના વાહન વાળા હે ચંદ્ર તમે આવો તમે આવા બળવાન છો તેથી દેવતાઓએ તથા અગ્નિ એ મંત્ર વડે કરીને પુજેલા છો ॥ ૩ ॥

रोहिणीशःसुधामूर्तिःसुधागात्रःसु
धाशनः ॥ विषमस्थानसंभूतांपीडां
दहतुमेविधुः ॥ ४ ॥

હે રોહિણિના સ્વામી તથા અમૃતની મુર્ત્તિ રૂપ તથા અમૃતમય જેના અવયવ છે અને જે અમૃતને જમે છે તે ચંદ્રમા વિસમસ્થાનથી ઉત્પન્ન થએલી મારી પીડાનું હરણ કરો ॥ ૪ ॥

ग्रहाराज्यंप्रयच्छंतिग्रहाराज्यंहरंतिच ॥ ग्रहैश्चव्यापितंसर्वंत्रैलोक्यंसचराचरम् ॥ ५ ॥

ગ્રહ રાજ્યને આપે છે ગ્રહ રાજ્યને લઈ લેછે અને ગ્રહ વડે કરી સચરાચર જગત રહેલું છે માટે જગતમાં ગ્રહનુંજ પ્રાધાન્ય છે. ॥ ૫ ॥

इतिश्रीस्कंदपुराणेउमामहेश्वरसंवादेचंद्रस्तोत्रंसमाप्तम् ॥ ॥छ॥

॥ अथभौमस्तोत्रंलिख्यते ॥

॥ युधिष्ठिरउवाच ॥ ॥ कथयस्वप्रसादेनऋणघ्नंव्रतमुत्तमम् ॥ पुत्रदंसर्वरोगघ्नंसर्वकामफलप्रदम् ॥ १ ॥

યુધિષ્ઠિર પુછે છે કે હે મહારાજ મારા

ઉપર કૃપા કરીને રણુને મટાડનારૂં તથા પુત્રને આપનાર તથા ઇચ્છેલાં કામને પરિપૂર્ણ કરનારૂં જે વૃત્ત તે તમે મને કહો ॥ ૧ ॥

॥ श्रीकृष्णउवाच ॥ ॥ शृणुराजन्प्रयत्नेनसर्वकामफलप्रदम् ॥ सर्वरोगहरंपुण्यंपुत्रपौत्राविवर्धनम् ॥ २ ॥

હે રાજન્ સર્વ મનોરથને પરિપર્ણ કરનારૂં અને ફળને આપનારૂં અને સર્વ રોગને નાશ કરનારૂં પુત્ર પૌત્રાદિની વૃદ્ધિ કરનારૂં અને મહા પવિત્ર એવું જે વૃત્ત તેને ચિત્ત દેઇને સાંભળ ॥ ૨ ॥

मंगलस्यव्रतंसार्थंप्रत्यक्षंफलदंनृणाम् ॥ गौतमेनपुरापृष्टोलोहितांगोमहाग्रहः ॥ ३ ॥

પોતાની સ્વાર્થ સિદ્ધિમાં મંગળનું વૃત્ત છે તે

પ્રત્યક્ષ ફળ આપનારૂં છે, પૂર્વે ગૌતમ રૂષિએ મંગળને આપ્રષ્ન પુછયો હતો. ॥ ૩ ॥

कथयस्वप्रसादेनव्रतंपूजार्चनंस्व कम् ॥ मंत्रमाराधनंजाप्यंदानंयद्भुवनत्रये ॥ ४ ॥

ત્રણ ભુવનમાં તમારી આરાધના પાઠ અને દાન કેવી રીતે થાય છે તે મારા ઉપર પ્રસન્નતા રાખીને કહો ॥ ૪ ॥

॥ मंगलउवाच ॥ ॥ शृणुगौतमयत्नेनमद्व्रतस्यविधिंशुभम् ॥ मंत्रमाराधनंदानंपवित्रंसर्वदेहिनाम् ॥ ५ ॥

હે ગૌતમ મારા વૃત્તની શુભ વિધિ સાંભળો સર્વ મનુષ્યને મારૂં પુજન પાઠ અને દાન કરવાની રીત કહું છું તે સાંભળો ॥ ૫ ॥

स्नात्वानद्यांतडागेवाप्रत्यूषेभौमवा

सरे ॥ संतर्प्यपितृदेवांश्चरक्तांबरधरः शुचिः ॥ ६ ॥

પરોઢમાં મંગળવારને દિવસે વેહેલા ઉઠી રાતુ વસ્ત્ર પેહેરીને દેવતાઓને અને પિતરીઓને તૃપ્ત કરી પવિત્ર થવું ॥ ૬ ॥

सुसमेभूप्रदेशेचगोमयेनोपलेपिते ॥ आदायशुद्धकलशांत्रिकोणेमंडलेसमम् ॥ ७ ॥

પછી રૂડી રીતે ગાયના છાણ વડે લીંપી સુંદર મંડળ કાઢવું પછી ત્રીકોણ મધ્યે કળશનું સ્થાપન કરવું ॥ ૭ ॥

तत्रसंस्थापयेद्भौमंशूलशक्तिगदाधरम् ॥ वरदंमेषमारूढंरक्तचंदननिर्मितं ॥ ८ ॥

તેના ઉપર બોકડાનું જે વાહન છે અને હાથમાં સુલ અને શક્તિ લીધેલાં છે અને શરીરે રક્ત ચંદન ચરચેલું છે એવા વરદાન આપનાર મંગળનું સ્થાપન કરવું ॥ ૮ ॥

पूजातत्रप्रकर्तव्यारक्तपुष्पैः सुभ्रक्तितः ॥ ९ ॥

તેના ઉપર રાતા ફુલ વડે કરીને પુજા કરવી ॥ ૯ ॥

मंगलायनमः ॥ १ ॥

મંગળને નમસ્કાર કરૂં છું ॥ ૧ ॥

भूमिपुत्रायनमः ॥ २ ॥

પૃથ્વીના પુત્રને નમસ્કાર કરૂં છું ॥ ૨ ॥

ऋणहर्त्रेनमः ॥ ३ ॥

રણ નાશ કરનારને નમસ્કાર કરૂં છું ॥ ૩ ॥

धनप्रदायनमः ॥ ४ ॥

ધન આપનારને નમસ્કાર કરૂંછું ॥ ૪

स्थिरासनायनमः ॥ ५ ॥

સ્થિર આસન વાળાને નમસ્કાર કરૂંછું ॥ ૫ ॥

महाकायायनमः ॥ ६ ॥

મોટા શરીરવાળાને નમ૦ ॥ ૬ ॥

सर्वकामविरोधकायनमः ॥ ७ ॥

સર્વ કામને અટકાવ કરનારને નમસ્કાર કરૂંછું ॥૭॥

लोहितायनमः ॥ ८ ॥

રાતા અંગવાળાને નમસ્કાર કરૂંછું ॥ ૮ ॥

लोहितांगायनमः ॥ ९ ॥

રક્ત વર્ણવાળાને નમસ્કાર કરૂંછું ॥ ૯ ॥

सामगानकृपाकरायनमः ॥ १० ॥

સામવેદના ગાનની દયા કરનારને નમ૦

धरात्मजायनमः ॥ ११ ॥

પૃથ્વીના પુત્રને નમ૦ ॥ ૧૧ ॥

कुजायनमः ॥ १२ ॥

કુજને નમ૦ ॥ ૧૨ ॥

रक्तायनमः ॥ १३ ॥

રક્તને નમ૦ ॥ ૧૩ ॥

भूमिदायनमः ॥ १४ ॥

પૃથ્વીદાનઆપનારનેનમસ્કારકરૂ॥ ૧૪॥

भूमिनंदनायनमः ॥ १५ ॥

પૃથ્વીને આનંદ આપનારનેનમ૦॥૧૫॥

अंगारकायनमः ॥ १६ ॥

અંગારકને નમ૦ ॥ ૧૬ ॥

यमायनमः ॥ १७ ॥

યમને નમ० ॥ १७ ॥

सर्वरोगप्रहारिणेनमः ॥ १८ ॥

સર્વ રોગના નાશ કરનારને નમ०॥ १८॥

सृष्टिकर्त्रेनमः ॥ १९ ॥

સૃષ્ટિના કરનારને નમ० ॥ १९॥

प्रहर्त्रेनमः ॥ २० ॥

પ્રહાર કરનારને નમ० ॥ २० ॥

सर्वकामफलप्रदायनमः ॥ २१ ॥

સર્વ કામના ફળ આપનારનેનમ ॥ २१॥

अग्निर्मूर्द्धाइतिमंत्रेणपूजा ॥

એ મંત્ર વડે કરીને પુજા કરવી ॥

उज्जयिन्यांसमुत्पन्नभौमेभौमचतु
र्भुज ॥ भारद्वाजकुलेजातशूलशक्ति
गदाधर ॥ १० ॥

ઉજ્જયની નગરીમાં ઉત્પન્ન થએલા એવા

ચારહસ્તવાળા અને ભરદ્વાજ કુળમાં જન્મ ધા-
રનાર શુલ શક્તિ અને ગદાને ધારણ કરનાર
॥ ૧૦ ॥

मेषमारूढवरदरकंदप्रायपराक्रम॥
प्रसीददेवदेवेशविघ्नहारिन्धरात्मज॥
॥ ११ ॥

બોકડાના વાહનવાળા અને સ્વામિકાર્તિકના
સરખા પરાક્રમી હે દેવના દેવ પૃથ્વીના પુત્ર
વિઘ્ન નાશ કરનારા મારા ઉપર પ્રસન્ન રહો
॥ ૧૧ ॥

गृहाणार्घ्यंमयादत्तंममशांतिप्रदो
भव ॥ १२ ॥

મારો આપેલો અર્ઘ્ય ગ્રહણ કરો અને મને
શાંતિ આપો ॥ ૧૨ ॥

॥ अथमंत्र ॥ धरणीगर्भसंभूतं।वि

द्युत्कांतिसमप्रभम् ॥ कुमारंशक्तिह-
स्तंचमंगलंप्रणमाम्यहम् ॥ १३ ॥

॥ इतिनमस्कारमंत्रः ॥

પૃથ્વિના ગર્ભથી ઉત્પન્ન થએલા અને વિજળીના સરખા કાંતિમાન પાંચ વર્ષની વય વાળા અને શક્તિ ધારણ કરનાર મંગળને નમસ્કાર કરૂં છું ॥ ૧૩ ॥

मंगलोभूमिपुत्रस्तुऋणहर्ताधन
प्रदः ॥ स्थिरात्मजोमहाकायःसर्व
कामविरोधकृत् ॥ १४ ॥

પૃથ્વિનો પુત્ર રણ મટાડનાર અને ધન આપનાર સ્થિર આત્માવાળો અને મોટા શરીર વાળો સર્વ કામના નાશ કરનાર ॥ ૧૪॥

लोहितोलोहितांगश्चसामगानांकृ
पाकरः ॥ धरात्मजःकुजोरक्तोभूमि

दोभूमिनंदनः ॥ १५ ॥

રાતા વર્ણવાળો રાતા વર્ણના શરીર વાળો વેદવાળાઓને કૃપા કરનાર પૃથ્વીનો પુત્ર પૃથ્વીને આનંદ આપનાર રાતો કુજ ॥ ૧૫॥

अंगारकोयमश्चैवसर्वरोगप्रहारकः ॥ सृष्टिकर्त्ताप्रहर्त्ताचसर्वकामफलप्रदः ॥ १६ ॥

અંગારક, યમ, સર્વ રોગને ટાળનારા સૃષ્ટિ કરનાર, પ્રહાર કરનાર સર્વ કામ અને ફળના આપનાર, ॥ ૧૬॥

एतानिकुजनामानिप्रातरुत्थाययः पठेत ॥ ऋणंनजायतेतस्यधनमाप्नोत्यसंशयः ॥ १७ ॥

આટલાં મંગળનાં નામ જે મનુષ્ય સવારના પોહોરમાં ઉઠીને ભણે છે તો તેને કદી

રણ (દેવું) થતુ નથી અને ઘણું દ્રવ્ય પામે છે એમાં સંશય નથી ॥ ૧૭ ॥

ऋणरेखाप्रकर्तव्यांगारकस्कतथा ग्रतः ॥ तांचप्रमार्जयेद्यस्तुवामपादे नञ्जावुकः ॥ १८ ॥

મંગળની પ્રતિમાના આકારમાં જેટલા રણનું દેવું હોય તેટલાનો આંકડો કરી ડાબેપગે ભુસિ નાંખવો ॥ ૧૮ ॥

ऋणंनजायतेतस्यऋणहर्ताधनीभवेत् ॥ पूजितोयेनदेवेशोमंगलोमंगलप्रदः ॥ १९ ॥

તો જેણે મંગળ પુંજા ભક્તી અને શ્રદ્ધાવડે કરી છે તો તે પુરૂષને રણ ન રહેતાં ધનવાન થાય છે ॥ ૧૯ ॥

उत्पाताविलयंयांतिग्रहपीडाश्चदा

रुणा: ॥ नभयंविद्यतेतस्यसदाज्ञो न प्रसादत ॥ २० ॥

અને સદા મંગળની કૃપાથી નાના પ્રકારના ઉત્પાત તથા દારૂણ ગ્રહની પીડાનો ભય નાશ પામે છે ॥ ૨૦ ॥

आसीत्पूर्वसुनंदाख्योब्राह्मणोवेद पारग: ॥ तस्यभार्यासुनंदाचवंध्या चबहुशोभना ॥ २१ ॥

પૂર્વ સુનંદ નામનો કોઈ વેદવત્તા બ્રાહ્મણ હતો તેની સ્ત્રી સુનંદા નામે હતી તે બહુ રૂપવાન હતી પણ વાંઝણી હતી ॥ ૨૧ ॥

तस्या: सूनुर्नसंजातोवंध्यत्वाद्विधि योगत: ॥ तेनामनुष्या:सुताजाताग्ट हीताचैवयोषिता ॥ २२ ॥

તેને પુર્વ જન્મના કર્મ વડે કરીને વાંઝી-

ચાપ ગું પ્રાપ્ત થવાથી પુત્ર થયો નહીં પણ એક પુત્રી થઈ ॥ ૨૨ ॥

ब्राह्मणस्यकुलेजातासुशीलारूपसंयुता ॥ सर्वलक्षणसंपूर्णाविधिनोक्तंनगौतम ॥ २३ ॥

વિધિએ બતાવેલાં સઘળાં લક્ષણે યુક્ત તથા રૂડા પ્રકારનાં શીલ આચરણ વાળી તે પુત્રી એ ગૌતમ બ્રાહ્મણના ઘરમાં ઉત્પન્ન થઈ ॥ ૨૩ ॥

तयाचपूर्वजननेपूजितोभक्तियोगतः ॥ साचपुत्रीगृहेतस्यब्राह्मणान्पर्यपालयत् ॥ २४ ॥

તે પુત્રી એ પૂર્વ જન્મમાં ભક્તિ યોગનું સેવન કરવાથી તેના બાપને ઘેર બ્રાહ્મણોનું પાલણ પોશણ કરતી હતી ॥ ૨૪ ॥

सदासुवर्णपुष्पाणितदंगेभ्यःपतंति वै ॥ विप्रस्तेनसुवर्णेनबलाढ्योधनगर्वितः ॥ २५ ॥

નિશ્ચે હમેશાં સોનાનાં ફુલ તેમના શરીર ઉપરથી પડતાં તે સોના વડે કરીને પેલો બ્રાહ્મણ બળવાન અનેધનના અભિમાન વાળો થયો ॥ ૨૫ ॥

कोटिकोटीश्वरोजातोराजातोभूमिमंडले ॥ वर्षैःकतिपयैरेवसाकन्यायौवनेस्थिता ॥ २६ ॥

કોટી કોટી લક્ષ્મીનો અધિપતી થયો અને પૃથ્વી ઉપર પોતે બહુ પ્રસિદ્ધ થયો. એમ કરતાં કેટલે વરશે તે કન્યા યુવા વસ્થાવાળી થઈ ॥ ૨૬ ॥

दृष्ट्वानंदकाविप्रेणदशवर्षामनास्वि

नी ॥ तेनविप्रेणाविप्रस्यसदासोम

ज्वरस्यच ॥ २७ ॥

દસ વરસની બુદ્ધિમાન પોતાની પુત્રીને જોઈ સુનંદ બ્રાહ્મણે સોમજવર બ્રાહ્મણને આ-પી ॥ ૨૭ ॥

दत्ताब्राह्मणधर्मेणसाकन्याद्विजस

त्तम ॥ वेदोक्तविधिनाकृत्वाविवाहं

शुभवासरे ॥ २८ ॥

તે સમયે વેદોકત માર્ગ વડે કરને શુભ મૂહૂર્ત જોઇ વિવાહ કરી બ્રાહ્મણના ધર્મે યુક્ત વર ક ન્યા પરણાવ્યાં ॥ ૨૮ ॥

स्वदेशंप्रतिभूयोपिसज्ञायोंगंतुमु

द्यतः ॥ नंदाचप्रेरयामासतंविप्रंलो

भन्नावतः ॥ २९ ॥

પછી સોમજ્વર બ્રાહ્મણ પરણેલી સ્ત્રી એ સહવર્તમાન પોતાને દેશ જવાને તૈયાર થતો હવો ॥ તે વખતે સુનંદા પોતાના સ્વામિ સુનંદને લોભબુદ્ધથી મોકલતી હવી ॥ ૨૯॥

तेनासौनिहतोविप्रश्चोररूपेणसत्वरम् ॥ मृतंतंशयनेदृष्ट्वासानारीशोकर्शिता ॥ ३० ॥

તે પ્રાયશ્ચિત્તથી રાત્રે ચોરે તેને સુતેલો મારી નાંખ્યો હવે મરી ગએલો પોતાનો સ્વામી જોઈસુનંદા બહુ ખેદથી દુબળી થઈ॥ ૩૦॥

पीडितासाभवत्काष्टंमध्यस्स्यज्वलितेनच ॥ हुताशनेनविप्रस्त्रीमरणायप्रकल्पते ॥ ३१ ॥

પીડા પામેલી તે સ્ત્રી બળતા લાકડાની ચિતા કરી વચે બળી મરવાનો વિચાર કરે છે ॥ ૩૧ ॥

आत्मानंसंकटेस्मृत्वामांस्मरंतीप
देपदे ॥ चितांप्रदक्षिणीकृत्यचिता
यास्तुसमीपतः ३२ ॥

પોતાનો આત્મા દુઃખમાં આવેલો છે તો-
પણ મારૂ સ્મરણ કરતી ચિતા પછવાડે પ્રદ-
ક્ષીણા કરીને ચિતા પાસે જાય છે ॥ ૩૨ ॥

तस्मिन्कालेत्वहंतुष्टोयाचस्वमनसी
प्सितम् ॥ तदाब्रवीन्महासाध्वीवरं
त्रिभुवनोत्तमम् ॥ ३३ ॥

તે વખતે હું તેના ઉપર પ્રસન્ન થયો અને
કહ્યું જે તું મારી પાસેં વરદાન માગ્ય ત્યારે
તે પ્રતિવૃતા સ્રીએ ત્રણ ભુવનમાં પ્રસિદ્ધ વર-
દાન માગ્યું ॥ ૩૩ ॥

॥ ब्राह्मण्युवाच ॥ ॥ यदितुष्टो
सिदेवेशग्रहाणामाधिपप्रभो ॥ अज

रोह्यमरोविप्रोमेपतिश्चभवत्विति ॥
॥ ३४ ॥

હે દેવ તમે મારા ઉપર પ્રસન્ન હો તો મારા પતિને વૃદ્ધાવસ્થા વગરનો જીવતો કરો ॥ ૩૪ ॥

येस्मरंतिनराश्चत्वांरक्तचंदनचर्चितम् ॥ रक्तपुष्पैश्चसंपूज्यप्रत्यूषेत्नौमवावरे ॥ ३५ ॥

જે મનુષ્ય નિત્ય મંગળવારે સવારમાં રાતા ચંદન અને ફુલે પુજીને તમારૂ સ્મરણ કરશે ॥ ૩૫ ॥

वंध्यत्वंचऋणंतेषांव्याधिराजभयंतथा ॥ भयंसर्पाग्निशत्रुभ्यःकुरुमाभूमिनंदन ॥ ३६ ॥

તો તેને વાંઝીયાપણું તથા રાજ રોગ પીડા તથા સર્પ અગ્નિ અને શત્રુનો ભય તેને હે ભુમિ પુત્ર થવા દેશો નહીં ॥ ૩૬ ॥

॥ मंगलउवाच ॥ ॥ एकाविंशाति भौमाश्चमद्भक्तैश्चजितेंद्रियैः ॥ एका हारैश्चकर्त्तव्यानदीतीरेगृहेथवा॥३७॥

જીતેંદ્રિયપણા વડે કરીને મારી ભક્તિ કરનાર પુરૂષોએ એક વખત ભોજન કરી નદી કાંઠે અથવા પોતાને ઘેર એકવીસ મંગળવાર કરવા ॥ ૩૭ ॥

आद्यैस्तुसकलैर्मंत्रैर्वेदपौराणिकैस्त था ॥ दत्वारक्तमनड्वाहंसर्वोपस्कर संयुतम् ॥ ३८ ॥

પ્રથમ કહેલા વેદોક્ત અને પુરાણોક્ત મંત્ર વડે કરીને રાતા વર્ણવાળા અને વૃષભ

ઉપર બેસનારા મંગળને સર્વઉપસ્કર સામાન વડે કરીને પુજા કરવી ॥ ૩૮ ॥

स्वशक्तयाभोजनंविप्रदातव्यंचहिरण्यकम् ॥ तेषांपीडाकदाप्यस्यग्रहस्यनभविष्यति ॥ ३९ ॥

પોતાની શક્તિપ્રમાણે બ્રાહ્મણ ભોજન તથા દાન કરવું તે। તેને કદાપી મંગળ ગ્રહની પીડા નડતી નથી ॥ ૩૯ ॥

भूतवैतालशाकिन्यःप्रभवंतिनहिंसकाः ॥ एवमस्तुतदातेषामित्युक्ताचदिवंययौ ॥ ४० ॥

ભુત વૈતાલ શાકિનિની પીડા પણ તેમને કદી ન હશે। એમ કહી પોતે સ્વર્ગમાં ગયા ॥ ૩૦ ॥

इदंव्रतंचयोलोकेकरोतिभुवनत्रये

॥ आपदोविलयंयांतिसुखंतस्यप्रव
र्धते ॥ ४१ ॥

આ વૃત્તને મૃત્યુ લોકમાં અથવા ત્રણ લો-
કમાં જે કરે છે તેની આપત્તિ મટી જાય છે
અને સુખ વધે છે ॥ ૪૧ ॥

यः शृणोतिव्रतमिदंशुचिर्भूत्वाजि
तेंद्रियः ॥ तस्यमासकृतंपापंविलयं
यातितत्क्षणात् ॥ ४२ ॥

જે મનુષ્ય જીતેંદ્રીય થઈ શુભકારી આ
વૃત્તને સાંભળે છે તો એક ક્ષણવારમાં એક
માસનું કરેલું પાપ નાશ પામે છે ॥ ૪૨ ॥

सदाविनयमारूढः प्रकृत्यासुसमा
हितः ॥ यावज्जीवंव्रतमिदंकरोतिभु
वनत्रये ॥ ४३ ॥

નિરંતર વિનયવાળો થઇ પ્રકૃતિને વશ રાખી જીવતાંસુધી આ વૃત કરે છે ॥ ૪૩ ॥

समृद्धोऽनुवनेविप्रपुत्रपौत्रधनेनच॥
अंतेचपरमंस्थानंयत्रसूर्यादयोग्रहाः॥
॥ ४४ ॥

તો તે મનુષ્ય હે બ્રાહ્મણ આ લોકમાં પુત્ર પૌત્ર ધન સમૃદ્ધિવાળો થાય છે અને મુવા પછી સૂર્યાદિ ગ્રહોની ગતીને પામે છે ॥ ૪૪॥

सौभाग्यंचसुखंतस्यजन्मजन्मसुखायवै॥दारिद्र्यदुःचनाशश्चभौमदेव
प्रसादतः ॥ ४५ ॥

જન્મોજન્મ મંગળ દેવની કૃપાથી તેનું દુઃખ અને દારિદ્ર નાશ પામે છે અને સુખી રૂડા પ્રકારના ભાગ્યવાળો નિપજે છે ॥૪૫॥

इतिश्रीस्कंदपुराणेमंगलव्रतंसमाप्तम्।

॥ भूमिपुत्रमहातेजःस्वेदोद्भवपिनाकिनः ॥ श्रेयोर्थात्वाप्रपन्नोऽहंगृहाणाध्यनमोस्तुते ॥ १ ॥

મહા તેજસ્વી પૃથ્વીના પુત્ર અને મહાદેવજીના પરસેવાથી ઉત્પન્ન થએલા મારા શ્રેયને અર્થે હું તમારે શરણે આવેલો છું માટે અર્ઘ્ય ગ્રહણ કરો ॥ ૧ ॥

प्रसीददेवदेवेशविघ्नहारिन्धरात्मज ॥ गृहाणार्घ्यंमयादत्तंममशांतिप्रदोभव ॥ २ ॥

હે પૃથ્વીના પુત્ર અને વિઘ્ન નાશ કરનાર મારા આપેલા અર્ઘ્યને ગ્રહણ કરો અને મને શાંતી આપો ॥ ૨ ॥

धरणीगर्भसंभूतंविद्युत्कांतिसमप्रभम् ॥ कुमारंशक्तिहस्तंचमंगलंप्रणमाम्यहम् ॥ ३ ॥

પૃથ્વીના ગર્ભથી ઉત્પન્ન થએલા અને વીજળીના સરખા કાંતીમાન પાંચ વરસની અવસ્થાવાળા અને હાથમાં શક્તિ ઝાલનાર મંગળને હું નમસ્કાર કરૂ છું ॥ ॥

पूगानिनागपत्राणिकर्पूरसहितानिच ॥ मयानीतानिदेवेशतांबूलंप्रतिगृह्यताम् ॥ ४ ॥

સોપારી પાન કપુર તેણે યુક્ત (પાનના બીડાને) તાંબુલને ગ્રહણ કરો ॥ ૪ ॥

वृत्तमाग्नंचषट्कोणेलिखेदादित्यकेदले॥ तारसंपुटितंमंत्रमातृकादिक्रमंन्यसेत् ॥ ५ ॥

અગ્નિને વતને આદિત્યય દળમાં ષટકોણમાં માતૃકાદિ અનુક્રમે કરી સંપુટ મંત્ર મુકવા ॥ ૫ ॥

मंगलंदिव्यमग्नौतुषट्कोणतुधन

प्रदम्॥ सामगादित्यकेचैवदलेक्रन-
गतोन्यसेत् ॥ ६ ॥

પ્રકાશિત મંગળને અગ્નિમાં અને ષટ કો-
ણુમાં ધન આપનારને સામગને આદિત્યકમાં
અને દળમાં ક્રમગતને મુકવા ॥ ૬ ॥

पाशांकुशसमायुक्तंमायाबीजस-
मन्वितम् ॥ लिखेत्सर्वेषुकोणेषुरक्त
चंदनपूर्वकम् ॥ ७ ॥

સર્વ ખાનામાં માયા બીજે યુક્ત અને રક્ત
ચંદન ધારણ કરનારને લખવા ॥ ૭ ॥

भूजपत्रेतथाभूमौफलकेनसमा-
हितम् ॥ चंदनागरुकस्तुरीकर्पूरंरक्त
चंदनम ॥ ८ ॥

ભોજનપત્રમાં તથા પૃથ્વી ઉપર ચંદન
કસ્તુર અગર, કપુર રાતુ ચંદન પળ॥ ૮ ॥

कुंकुमाद्यैर्लिखेद्विद्वान्गोरोचनसमन्वितम् ॥ मंत्रैर्मंत्राधिकोभूत्वाकारयेद्विधितःसुधीः ॥ ९ ॥

કંકુ ગોરોચન આદી પુજાપો લેઈને બુદ્ધિમાન પુરૂષોએ પુજવા ॥ ૯ ॥

सर्वसिद्धिकरंमंत्रंमनुष्याणांकलायुगे ॥ रक्तमाल्यांवरधरःशक्तिशूलगदाधरः ॥ १० ॥

કલીયુગમાં રાતાં પુષ્પને તથા શક્તિશૂળ અને ગદા ધરનાર મંગળ તે મંત્રથી પ્રસન્ન થાય છે અને સિદ્ધિ આપે છે ॥ ૧૦ ॥

चतुर्भुजोमंदंगामीमेषगःस्याद्धरात्मजः ॥ ध्यानमंत्रः ॥ मंगलोभूमिपुत्रइत्येवपठित्वाध्यानं । आचमनम् । इदंवस्त्रंमयाभौमलोकलज्जानिवारक-

म् ॥ मयोपापादितंतुभ्यंगृहाणेदंन-
मोस्तुते ॥११॥

ચાર હાથવાળો અને પૃથ્વીનો પુત્ર ઘેટાના ઉપર બેસનાર મંગળ આ પ્રકારનું સ્મરણ કરી ધ્યાન કરવું આ ચમનાદિ ક્રિયા કરવી. લોક લજ્જાને નાશ કરનારૂ વસ્ત્ર મેં આણ્યું છે તેને ગ્રહણ કરો અને તમને નમસ્કાર કરૂં છું ॥૧૧॥

इतिवस्त्रमंत्रः ॥ब्रह्मसूत्रामिदंदे-
वब्रह्मणायच्चानिर्मितम् ॥ उपवीतंम-
यादत्तंगृहाणभूमिनंदन ॥ १२ ॥

બ્રહ્માએ નિર્માણ કરેલું આ બ્રહ્મસુત્ર (જનોઇ) તેને હું આપું છું માટે હે ભુમિનંદન આપ ગ્રહણ કરો ॥ ૧૨ ॥


उपवीतमंत्रः ॥ इतिमंगलपाठपूज-
नंसमाप्तम्

॥ भौमयंत्रम् ॥ त्रिकोण पूर्वमुद्धृ
त्यपंचधाविभजेततः ॥ तृतीयरेखा
च्चिन्हाभ्यांलांच्छयेत्समभागतः॥१॥

પ્રથમ ત્રિકોણ પાડી પછી તેના પાંચ ભાગ
કરવા પછી ત્રીજી લીટીના બે છેડાને મધ્યમાં
મેળવવા ॥ ૧ ॥

आद्यरेखाग्रयुगलंतृतीयाचि-
न्हयोर्न्यसेत् ॥ द्वितीयाग्रंसमाक्रम्य
तृतीयाचिन्हयोर्न्यसेत् ॥ २ ॥

પેહેલા ભાગનો ત્રિકોણનો નિચનો મધ્ય
બીંદુ ત્રીજા ભાગના બે ત્રિકોણની સપાટીના
મધ્ય ભાગને અડે અને બીજી રેખાઓ ત્રીજા
ત્રિકોણના મધ્ય બીંદુને અડે ॥ ૨ ॥


१ मंगलाय०
२ भूमिपुत्राय०
३ ऋणहर्त्रे०
४ धनप्रदाय०
५ स्थिरा०
६ महाकाय०
७ सर्वकाम०
८ लोहि०
९ लोहि०
१० सामगा०
११ धरात्म०
१२ कुजाय०
१३ रक्ताय०
१४ भूमिपु०
१५ भूमिनंद०
१६ अंगा०
१७ यमाय०
१८ सर्वरोग०
१९ वृष्टिक०
२० प्रहर्त्रे०
२१ सर्वकाम०

पुनारेखांतृतीयांतुसमांभाज्यस-
मांशकैः ॥ तुर्याचिन्हद्वयेनाथत्रिभि-
श्चिन्हैस्तुपंचाभिः ॥ ३ ॥

પવિત્ર એવી ત્રીજા ભાગની રેખાને ચાર સમભાગ કરી ત્રણ ત્રીકોણ પાડી તેના મધ્યે બીંદુ ચોથી લીટીને અડીને પાંચ ત્રિકોણ ચોથા ખાનામાં પણ પાડવા ॥ ૩ ॥

तृतीयाग्रंसमाक्रम्यपंचम्यांमध्य
चिन्हगे ॥ तुरीयाग्र्यंसमाक्रम्यपंच
म्यांचिन्हयोर्द्वयोः ॥ ४ ॥

ત્રીજાનો અગ્ર ભાગં પાંચમીના મધ્ય ભાગમાં મુકવો ચોથાનો અગ્ર ભાગ પાંચમાના બે ચિન્હની વચ્ચે મુકવો ॥ ૪ ॥

॥ अथमानद्वयंदद्यात् सूर्ययुग्मंवि

चक्षणः ॥ एवमेकाधिकासम्यक्को

णानामेकविंशतिः ॥ अथत्रौमवारव

तम् ॥ ॥ तत्रयंत्रप्रकारःसंग्रहे ॥

त्रिकोणंपूर्वमुद्धृत्यचतुर्धाविभजेत्ततः

॥ तृतीयरेखाचिन्हाभ्यांलांछयेत्सम

ागतः ॥ १ ॥

ત્યારપછી વિચક્ષણ પુરૂષે સુત્રના જોટાને બે માપ આપવાં એ પ્રકારે એકથી અધિક એકવીસ પાડવા ॥

ત્યાં યંત્ર પ્રકારના સંગ્રહમાં પ્રથમ ત્રીકોણ પાડવો પછી તેના ચાર લીટીથી ભાગ કરવા ત્રીજી રેખાના મધ્ય ભાગથી બે ચિન્હને મેળવી દેવાં ॥ ॥

आद्यरेखाग्रयुगलंतृतीयाचिन्हयो

न्र्यसेत् ॥ द्वितीयाग्रेसमाकृष्यतृती
याचिन्हयोर्न्यसेत् ॥ २ ॥

પેહેલી રેખાના ત્રીકોણનો નિચેનો મધ્ય બીંદુ ત્રીજા ભાગના બે ત્રિકોણની સપાટીના મધ્ય ભાગને અડે અને બીજી રેખાઓ ત્રીજા થત્રીકોણના મધ્ય બીંદુને અડે ॥ ૨ ॥

युतारोषतृतीयातुसमांभज्यात्समां
शतः ॥ तुर्याचिन्हद्वयेनाथत्रिास्त्रिश्चि
न्हैस्तुपंचभि ॥ ३ ॥

યોજના કરેલી ત્રીજી રેખાને સમ ભાગથી ભાગ પાડવા તેમાં નીચેથી લીટીને બે ત્રિકો-ણના મધ્ય બીંદુ અડે અને પાંચમીને ત્રણ ત્રી-કોણના મધ્ય બીંદુને અડે ॥ ૩ ॥

तृतीयाग्रेप्रकुर्वीतपंचम्यामध्यचिह्न
गे ॥ तुर्याग्रेयोजयेत्सम्यक्पंचम्यां

चिह्नयोर्द्वयोः ॥ ४ ॥

ત્રીજાનો આગલો ભાગ પાંચમીના વચલા ભાગમાં મુકવો અને ચોથાનો આગળનો ભાગ પાંચમાના બે ચિન્હની વચે મુકવો ॥ ૪ ॥

अथमानद्वयेदद्यात्सूत्रयुग्मंविचक्षण: ॥ एवमेकाधिकासम्यक्कोणानां विंशतिर्भवेत् ॥ ५ ॥

ત્યારપછી બે માપને સુત્રથી મેળવી લેવું તેથી એકવીસ ખુણા થશે ॥ ૫ ॥

तृतीयतुर्ययोर्मध्येस्थितोचिह्नेगृहेर्चयेत् ॥ देवंतत्क्रमतोमंत्रीकोणेदक्षिणतः क्रमात् ॥ ६ ॥

ત્રીજા અને ચોથા ચિન્હથી વચે રહેલા ખાનામાં મંગળને સ્થાપન કરવા અને તેથી

નીચેના ખાનામાં મંત્રોને અનુક્રમે બેસારવા ॥ ૬ ॥

मंगलाद्योंकारपूर्वान्नमोंतानेकविंशतिः ॥ कोष्ठेषुनाममंत्रांल्लिखेत् ॥ ततःपूजाप्रकर्तव्यापुत्रसंपत्तिहेतवे ॥ पूजाप्रकारमाह ॥ एहिमेभगवन्भौम अंगारकमहाप्रभो ॥ त्वयिसर्वसमायातंत्रैलोक्यंसचराचरम् ॥ ७ ॥

મંગળને આદિ લેઈને ઓંકાર જેમાં પ્રથમ અને નમઃ જેમાં છેલે છે એવી રીતે પ્રત્યેક ખાનામાં એકવીસ નામ લખવાં ત્યાર પછી લક્ષ્મીને અર્થે પુજાનો પ્રકાર કહે છે ॥

હે મારા પ્રભુ અંગારક મંગળ તમારે વિશે આ સઘળુ જગત માયા વડે કરી વ્યાપ્ત છે ॥ ૭ ॥

भौममावाहयिष्यामितेजोमूर्तिदुरासदम् ॥ रुद्ररूपमनिर्देश्यंवक्रंचरुधिरप्रियम् ॥ ८ ॥

તેજની મુર્ત્તિરૂપ અને ક્રોધરૂપી અને કોઈ નાકળ્યામાં ન આવે એવા અને બીયામણા શરીરવાળા રૂધિર જેને વાહાલું છે એવા મંગળનું આવાહન કરૂછુ ॥ ૮ ॥

अग्निर्मूर्द्धेतिमंत्रेणगायत्र्यामंगलस्यवा ॥ गायत्रीमंत्रः ॥ अंगारकायविद्महेशक्तिहस्तायधीमहि ॥ तन्नोभौमःप्रचोदयात् ॥

અગ્નિ મૂર્દ્ધા મંત્રવડે કરીને તથા ગાયત્રી મંત્રવડે કરીને મંગળની ગાયત્રીનો મંત્ર હું જાણુંછું અને શક્તિ ધારણ કરનારનું ધ્યાન કરૂછુ એવા મંગળતે પ્રેરણા કરો ॥

॥ अथपूजाविधिः मंत्रमहोदधौ ॥

॥ मार्गशीर्षेवैशाखेवाशुक्लपक्षेऽनौमवासरे ॥ अरुणोदयकालेअपामार्गकाष्ठेनदंतान्धाव्यनद्यादौस्नात्वारक्तवस्त्रंपरिधायरक्तोत्तरीयंचधृत्वामासपक्षाद्युल्लिख्यऋणच्छेदायपुत्रावाप्त्यर्थंभौमव्रतंकरिष्ये ॥

॥ इतिसंकल्प्यप्रार्थयेत् ॥

॥ अथदेवेशतेऽनत्तयाकरिष्येव्रतमुत्तमम् ॥ ऋणव्याधिविनाशायधनसंतानहेतवेइति ॥ १ ॥

ततःकर्तास्वदेहेन्यासान्कुर्यात्॥

॥ अथ ॥ अंघ्र्योःमंगलायनमः॥ जा

न्वोः भूमिपुत्रायनमः ॥ ऊर्वोः ऋणह
त्रे० ॥ कटिदेशेधनप्रदायनमः ॥ गु
ह्येस्थिरासनाय०॥उरसिमहाकाया०
॥ वामबाहौसर्वकामाविरोधकाय० ॥
दक्षिणबाहौलोहिताय० ॥ गलेलोहि
ताक्षाय० ॥ मुखेसामगानकृपाकरा
यनमः ॥ नासिकायांधरात्मजाय०॥
अक्ष्णोः कुजायनमः ॥ ललाटेज्ञौमा
नमयः ॥ भ्रुवोर्मध्येभूतिदायनमः ॥
शिरसिभूमिनंदनायनमः ॥ शिखायां
अंगारकाय० ॥ सर्वांगेयमाय० ॥
यमायकवचायहुम् ॥ सर्वरोगापहार
काय अस्त्रायफट् ॥ वृष्टिकर्त्रेमूर्धा

दिपादपर्यंतं ॥ सर्वकामफलप्रदाय नमः सर्वांगेबाहुद्वयेसर्वरोगापहारकाय० ॥ मूर्धादिपादपर्यंतंवृष्टिकर्त्रे नमः ॥ चरणादिमस्तकावधिवृष्टिहर्त्रेनमः ॥ दिक्षुअंत्याय० ॥ नाभौआराय ॥ वक्षसिवक्रायनमः ॥ मूर्ध्निभूमिजायनमः ॥ इतिन्यासान्कृत्वाहृदयादिन्यासंकुर्यात् ॥ ओंह्रांहृदयायनमः ॥ ओंह्रींशिरसेस्वाहा ॥ ओंह्रूंशिखायैवषट् ॥ ओंह्रैंकवचायहुम् ॥ ओंह्रौंनेत्रत्रयायवौषट् ॥ ओंह्रः अस्त्रायफट् ॥ करन्यासः ॥ ओंह्रां अंगु० ॥ ओंह्रींतर्जनीभ्यां० ॥ ओं

ह्रूंमध्यमा० ॥ ओंह्रैं अनामिका
भ्यां० ॥ ओंह्रौंकनिष्ठि० ॥ ओं-
हः करतलकरपृष्ठाभ्यां॥ इतिन्यासा
न्कृत्वा आवाहयेत् ॥ रक्तमाल्यांब-
रधरःशक्तिशूलगदाधरः ॥ चतुर्भु
जोमेषगमोवरदःस्याद्धरासुतः ॥ ॥
इतिध्यानम् ॥

॥ एह्येहिभगवन्ब्रह्मन्नंगारकमहा
प्रभो ॥ त्वयिसर्वंसमायातंत्रैलोक्यं
सचराचरम् ॥ भौममावाहयिष्यामि
तेजोमूर्तिंदुरासदम् ॥ रुद्ररूपमनि
र्देश्यंवक्रंचरुधिरप्रियमिति॥ ततोअ
ग्निर्मूर्धेतिमंत्रेणपूर्वोक्तभौमगायत्र्या

वाआसनादिपुष्पांतंपूजांकृत्वा ॥ ऋ
णरेखाप्रकर्तव्याअंगारेणतदग्रतः ॥
तिस्रस्तुमार्जयेत्पश्चाद्वामपादतलेन
तु ॥ अंगपूजनम् ॥ ॐह्रांभौमाय
हृदयायनमः ॥ ओंह्रींभौमायाशिरसे
स्वाहा ॥ ओंहूंभौमायशिखायैवषट्
॥ ओंहंसःभौमायकवचायहुम् ॥ ओं
खंभौमाय० नेत्रत्रयायवौषट् ॥ ओं
हंसःभौमायअस्त्रायफट् ॥ यंत्रस्थैक
विंशतिनामभिःयथा ॥ मंगलायनमः
पादौपूजयामि ॥ भुमिपुत्रायनमःजा
नुनीपू० ॥ ऋणहर्त्रेनमः ऊरुंपू० ॥
धनप्रदायनमः कटिंपू० ॥ स्थिरास

नाय० गुह्यंपज० ॥ महाकायाय०
उरःपू० ॥ सर्वकामाविरोधकायनमः
वामबाहुंपू० ॥ लोहितायनमःदक्षिण
बाहुंपू० ॥ लोहिताक्षाय० कंठंपू० ॥
सामगानकृपाकराय० मुखंपू० ॥ ध
रात्मजाय० नासिकांपू० ॥ सर्वरोगा
पहारकायनमःनेत्रद्वयंपू० ॥ वृष्टिक०
मूर्द्धादिपादपर्यंतंपू० ॥ वष्टयपहर्त्रे०
चरणादिमस्तकपर्यंतंपू० ॥ सर्वकाम
फलप्रदाय० दिशःपूज० ॥ बाह्यादि
मातृकाःपूज० ॥ दिक्पालान्पू० ॥ आ
युधान्पूज० ॥ अत्रमूलमंत्रमानंअ
न्यत्रक्वचिदन्यथा ॥ शिखायांमगलः

पातुन्भूमिपुत्रश्चमूर्धनि ॥ ललाटेऋ
णहर्ताचचक्षुषोश्चधनप्रदः ॥ स्थिरा
सनः श्रोत्रयोश्चमहाकायश्चनासिके
॥ आस्यदंतोष्ठजिन्हासुसर्वकामवि
रोधकः हनुमेलोहितःपातुलोहिताक्ष
श्चकंठके ॥ स्कंधयोरुन्नयोरक्षेत्सामा
गानांकृपाकरः ॥ धरात्मजोभुजौपा
तुकुजोरक्षेत्करद्वयम् ॥ न्भौमोमेहृदयं
पातुभूतिदस्तुतथोदरम् ॥ न्भूमेश्चनं
दनोनान्भौगुह्येत्वंगारकंन्यसेत् ॥ उरू
ममयमोरक्षेज्जान्वोरोगापहारकः ॥
जंघयोर्वृष्टिकर्ताचअपहर्त्ताचगुल्फ
योः ॥ पादागुष्ठेचपादौचसर्वकाम

फलप्रदः ॥ शक्तिर्मेपूर्वतोरक्षेच्छूलं
रक्षेच्चदक्षिणे ॥ पश्चिमेमांधनुःपातुउ
त्तरेचशरस्तथा ॥ ऊर्ध्वंषडाननःपातु
अधस्तात्पृथिवीमम ॥ एवंन्यस्तश
रीरेसौचिंतयेद्भूमिनंदनम् ॥

॥ इतिमंगलपूजासमाप्तम्ग ॥

હવે પુજા વિધિ ॥

મંત્ર મહા વધિત્રં ॥

માગશર માસમાં તથા વૈશાખ માસમાં મંગળવારને દીવશે અરૂણોદય વખતે ઉઠી અંગેડીનું દાતણ કરી નદી તથા કુવાઆદિના જળમાં નહીને રાતુ વસ્ત્ર પેહેરી ઉત્તરીય વસ્ત્ર ધારણ કરી માસ પક્ષ રણ નાશ કરવા માટે લખીને પુત્ર પ્રાપ્તીને અર્થે મંગળનું વૃત કરૂ છું ॥ આ પ્રકારે સંકલ્પ કરવો પછી પ્રાર્થનાકરવી ॥ હે દેવ હું ભક્તિ વડે કરીને તમારૂં

વૃત કરૂછું શા માટે જે મારૂં દેવું મુકાય અને પુત્ર તથા ધન મળે ॥ ત્યાર પછી પુજા કરનાર પુરૂષે પોતાના શરીરે ન્યાસ કરવા ॥ અંધ્રિથી બે પગની ઘુંટીનો સ્પર્શ કરી મંગળને નમસ્કાર કરૂં છું બે પગના ઢીંચણનો સ્પર્શ કરી પૃથ્વીના પુત્રને નમસ્કાર કરૂં છું બે સાથળનો સ્પર્શ કરી રણ હણનારને નમસ્કાર કરૂં છું કેહેડે હાથના આંગળાં અટકાડીધન આપનારને નમસ્કાર કરૂં છું ગુધિ ભાગને સ્પર્શ કરી સ્થીર આસનવાળા ને નમ ૦ છાતીએ હાથ અટકાડી મહાકાયને નમ ૦ ડાબા હાથને સ્પર્શ કરી સર્વ કામના રોકનારને નમ ૦ જમણા હાથનો સ્પર્શ કરી લોહિતને નમ ૦ ગળે સ્પર્શ કરી રાતાં નેત્રવાળાને નમ ૦ મુખે હાથ અટકાડી સામગાન કૃપાકરને નમ ૦ નાસિકાનો સ્પર્શ કરીધરાનાપુત્રને નમ ૦ બેનેત્રને સ્પર્શ કરી કુજને નમ ૦ કપાળે સ્પર્શ કરી મંગળને નમ ૦ ભમરના મધ્યનો સ્પર્શ

કરી વિભુતિના આપનારને નમ ૦ શિરસિમા-
થે સ્પર્શ કરી પૃથ્વીને આનંદ આપનારને ન-
મ ૦ શિખાનો સ્પર્શ કરી અંગારકને નમ ૦
સર્વ અંગે યમને નમસ્કાર કરૂ છું યમને કવ-
ચાય હું ડાબા હાથના કાંડા ઉપર જમણા હા-
થનું કાડું મુકવું સર્વ રોગને નાશ કર અસ્ત્રાય
ફટ અંગુઠા પાસેની બે આંગળીઓ જમણા
હાથની ડાબા હાથમાં તાળી પાડવી વૃષ્ટિ
ના કરનાર મંગળ માથાથી પગ સુધી રેહેવા-
ને નમ ૦ સર્વ ફળને આપનારા અને સર્વ અં
ગે રહેલા અને સર્વ રોગને હણનારને નમ ૦
પગથી મસ્તક સુધી વૃષ્ટિ નાશકરનારને નમ૦
દિશામાં અંત્યને નમ ૦ નાભિમાં આરાયને
નમ ૦ છાતીમાં વક્રને નમ ૦ માથે સ્પર્શ
કરી પૃથ્વીના પુત્રને નમ ૦ એ પ્રકારે ન્યાસ
કરી -હૃદયાદિ ન્યાસ કરવા ઓં-હૃદયાય નમઃ
આં-હૈં બે હાથના કાંડામાં ડાબા ઉપર જમણું
કાંડું મુકવું ઓં-હૌં બે આંખો તથા કપાળના

મધ્યનો સ્પર્શ કરવો ઓં-હ જમણા હાથના અંગુઠાની જોડેની બે આંગળીઓવડે ડાબા હાથમાં તાળી પાડવી. ઓં-હાં બે અંગુઠાને સ્પર્શ કરી નમ ० ઓં-હીં અંગુઠાની જોડની આંગળીનો સ્પર્શ કરી નમ ० ઓં-હૂં અંગુઠાની જોડની પેહેલી મુકી બીજી આંગળીનો સ્પર્શ કરી નમ ० આં-હૈં બે હાથના અંગુઠાથી ત્રીજી આંગળીઓનો સ્પશ કરી નમ ० ઓં-હૌં છેલી આંગળીઓનો સ્પર્શ કરી નમ ० ઓ-હઃ બે હાથની હાથેળીઓનો અરસપરસ સ્પર્શ કરી નમ ० આવાહન કરવું (બોલાવવા) સારાં ફુલ તથા રાતાં વસ્ત્ર ધારણ કરનાર ઘેટા ઉપર બેસનાર તથા વરદાન આપનાર પૃથ્વીના પુત્રનું ધ્યાન આવી રીતે કરવું ॥ હે ભગવાન અંગારક હે મહા પ્રભુ તમારે વિશે સચરાચર જગત રહેલું છે. એવા અને તેજની પ્રતીમા રૂપી સૂર્યનું આવાહન કરૂં છું માહા ભયાનક રૂપવાળા તથા રૂધીર

જેને વાહાલું છે એવાને આવાહન કરૂં છું ॥ અગ્ની મુર્ધા મંત્રવડે કરીને અથવા મંગળના ગાયત્રી મંત્રવડેકરીને આસન પુષ્પ ફળતાંબુળ વડે સમગ્ર પુજા કરી રહ્યા પછી મંગળની પ્રતિમાના મોઢા આગળ જેટલું રણ હોય તેટલી રેખા કરીને ત્રણ વાર લખીં ત્રણ વાર ડાબેપગે ભુસી નાંખવી ॥ અંગનું પુજન ॥-હૃદયસ્પર્શ કરી ભોમને નમસ્કાર ૦ માથે સ્પર્શ કરી મંગળને નમ ૦ ચોટલીએ સ્પર્શ કરી મંગળને નમ ૦ બે હાથનાં કાંડાંનો સ્પર્શ કરી મંગળને નમ ૦ બે આંખો તથા કપાળના મધ્યનો સ્પર્શ કરી મંગળ ને નમ ૦ માથે હાથ ફેરવી જમણા હાથની બે આંગળીઓ વડે ડાબા હાથમાં તાળી પાડી નમસ્કાર કરવો, યંત્રના એકવી નામવડે કરીને મંગળના અંગની પુજા કરવી મંગલાયનમઃ પગને પુજુંછું ભુમિ પુત્રાયનમઃ જાનુને પુજુછું રણ હંતાને નમ ૦ ઉરૂને પુજુછુ ધનપ્રદને નમ ૦

કટીને પુજાુછુ સ્થિર આસનવાળાને ૦ ગુહ્યને પુજાુ ૦ મોટા શરીરવાળાને૦ છાતીને પુજાુ ૦ સર્વ કામમાં વિરોધ કરનારને ૦ ડાબા હાથને પુજાુ ૦ લોહિતને નમ ૦ જમણા હાથને પુજાુ ૦ં રાતા અંગવાળાને૦ કંઠે પુજાુ૦ સામગાન કૃપા કરને ૦ મુખે પુજાુ ૦ધરાના પુત્રને ૦ નાસિકે પુજાુ સર્વ રોગને નાશ કરનારને ૦ બે નેત્ર પુજાુ ૦ વૃષ્ટિ કરનારને ૦ માથાથી પગ સુધી પુજાુ છુ ૦ વૃષ્ટિ નાશ કરનારને ૦ પગથી માથા સુધી પુજાુછુ ૦ સર્વ કામ અને ફળ આપનારને સર્વ દીશાઓમાં પુજાુછું બહાર આદિને લેઈ માતૃકાઓને પુજાુછુ દિકપાળને પુજાુ૦ આયુધને પુજાુ ૦ અંહ્રીંમૂળ અને માપ જેનું છે એવા જે મંગળ તે શીખાએ રક્ષણ કરો અને, પૃથ્વી પુત્ર મસ્તકનું રક્ષણ કરો કપાળે રણનાશ કરનાર અને નેત્ર ધન આપનાર અને કાંને સ્થીર આસનવાળા અને નાકે મોટા શરીરવાળા મોઢે દાંતે અને હોઠે

સર્વ કામના વિરોધ કરનાર ॥ ઉપલા હોઠે ર-
ક્ત વર્ણવાળા કંઠે રાતાં નેત્રવાળા સામગાનાં
કૃપાકર બે ખભે રક્ષણ કરો ॥ પૃથ્વીના પુત્ર
બે હાથનું રક્ષણ કરો અને મંગળ મારા -હ-
દયનું રક્ષણ કરો ભુતિને આપનાર પેટનું ર-
ક્ષણ કરો પૃથ્વીને આનંદ આપનાર નાભિનું
રક્ષણ કરો ગુહ્યસ્થમાં અંગાર કને મુકવા સા-
થળનું યમ રક્ષણ કરો અને જાનુંનું રોગ ના-
શ કરનાર રક્ષણ કરો વૃષ્ટિ ના કરનાર જં-
ઘાનું રક્ષણ કરો અને દુઃખકરનાર ઘુંટીનું
રક્ષણ કરો, સર્વ કામ અને ફળ આપનાર પગ
અને પગમા અંગુઠાનૂં રક્ષણ કરો મારી પૂર્વ
દીશામાં શક્તિ રક્ષણ કરો અને દક્ષિણમાં
શુળ રક્ષણ કરો પશ્ચિમંમાં ધનુષ રક્ષણ કરો
ઉત્તરમાં બાણ રક્ષણ કરો આકાશમાં છ મુ-
ખવાળા રક્ષણ કરો અને નીચે પથ્વી સારૂ
રક્ષણ કરો એ પ્રકારે સર્વ શરીરના ન્યાસ કરી
પથ્વાના પુત્રને સંભારવા ॥

॥ ઇતિ મંગળ પુજા ॥

॥ अथमंगलस्तोत्रंलिख्यते ॥

॥ मंगलोभामिपुत्रश्चऋणहर्त्ताधन प्रदः ॥ स्थिरासनोमहाकायःसर्वकामविरोधकः ॥ १ ॥

અથ મંગળ સ્તોત્ર ॥ મંગળ પૃથ્વીનો પુત્ર ધન આપનાર રણથી મુકાવનાર સ્થીર આસનવાળા મોટા શરીરવાળો સર્વ કામનો વિરોધ કરનાર ॥ ૧ ॥

लोहितोलोहिताक्षश्चसामगानांकृपाकरः ॥ धरात्मजःकुजोभौमोभूतिदोभूतिनंदनः ॥ २ ॥

લોહિત રાતાંનેત્રવાળો સામગાનાં કૃપાકર ધ-રાના પુત્ર કુજ ભૌમ ભુતિ આપનાર પૃથ્વીના પુત્ર ॥ ૨ ॥

अंगारकोयमश्चैवसर्वरोगापहारकः ॥ वृष्टिकर्त्तापहर्ताचसर्वकामफलप्रदः ॥ ३ ॥

અંગારકયમ સર્વ રોગને હણનાર વૃષ્ટિ કરનાર વૃષ્ટિ નાશ કરનાર સર્વ કામ અને ફળ આપનાર ॥ ૩ ॥

एतानिकुजनामानिनित्यंयः श्रद्धयापठेत् ॥ ऋणंनजायतेतस्यधनंशीघ्रमवाप्नुयात् ॥ ४ ॥

આટલાં મંગળનાં નામ જે મનુષ્ય નિત્યશ્રદ્ધા રાખી ભણે છે તો તેને રણ રહેતું નથી અને તત્કાળ દ્રવ્ય મળે છે ॥ ૪ ॥

धरणीगर्भसंभूतंविद्युत्कांतिसमप्रभम् ॥ कुमारंशक्तिहस्तंचमंगलंप्रणमाम्यहम् ॥ ५ ॥

પૃથ્વીના ગર્ભથી ઉત્પન્ન થએલા વિજળીના સરખાં કાંતિમાનપાંચ વરસની અવસ્થાવાળા હાથમાં શક્તિ ધારણ કરનાર મંગળને નમસ્કાર કરૂં છું ॥ ૫ ॥

स्तोत्रमंगारकस्यैतत्पठनीयंसदा न्रृभिः ॥ नतेषांभौमजापीडास्वल्पापिभ्रवतिक्वचित् ॥ ६ ॥

આ અંગારકનું સ્તોત્ર મનુષ્યે નીરંતર ભણવું કેમકે તેથી મંગળની પીડા જરાપણ થતી નથી ॥ ૬ ॥

अंगारकमहाभागभगवान्भक्तवत्सल ॥ त्वांनमामिममाशेषमृणमाशुविमोचय ॥ ७ ॥

હે અંગારક મોટા ભાગ્યશાળી ઐશ્વર્યવાળા ભકતનું હિત ઇચ્છિનાર હું તમને નમસ્કાર કરૂં છું અને મારૂં સઘળુ દેવું મુકાવો ॥ ૭ ॥

ऋणरोगादिदारिद्र्यंयेचान्येचापमृत्यवः ॥ भयक्लेशमनस्तापानश्यंतु ममसर्वदा ॥ ८ ॥

એવું દારિદ્ર તથા બીજા અપમૃત્યુ ભયકાવશએ અને પરીતાપ મારા સર્વ કાળે નાશ કરો ॥ ૮ ॥

अतिवक्रदुराराध्यभोगमुक्तजितात्मने ॥ तुष्टोददासिसाम्राज्यंरुष्टोहरसितत्क्षणात् ॥ ९ ॥

મોટા મોઢાવાળા અને કઠણ ભૂજાવાળા ભોગે રહીત એવા જે તમે તે ઈંદ્રીઓ જીતી તમારી પુજા કરનારના ઉપર પ્રસન્ન થાઓ છો તો ચક્રવર્તિ રાજય આપો છો અને રૂઠો છો તો ક્ષણવારમાં ચક્રવર્ત્તિ રાજ્યને લેઈલ્યો છો॥૯॥

विरंचिशक्रविष्णुनांमनुष्याणांतु

काकथ ॥ तेनत्वंसर्वसत्वेनग्रहराजो
महाबलः ॥ १० ॥

બ્રહ્મા વિષ્નું ઈંદ્ર અને મનુષ્ય તેમની
તો શી વાત કહેવી સર્વ પ્રાણીનાઆધાર ભુ-
ત માહા બલવાન એ વાત તમે તે તમારા સા-
મર્થ્ય વડે કરીને પ્રકાશમાન છો ॥ ૧૦ ॥

पुत्रान्देहिधनंदेहित्वामस्मिशरण
गतः ॥ ऋणदारिद्यदुःखेनशत्रूणांच
नयात्ततः ॥ ११ ॥

દેવાના તથા દરિદ્રતાના દુઃખેકહી તેમને
શરણે આવ્યો છું માટે પુત્ર અને ધન આપો
॥ ૧૧ ॥

एभिर्द्वादशाभिःश्लोकैर्यःस्तुवीतध
रासुतम् ॥ महतींश्रियमाप्नोतिह्य
परोधनदोयुवा ॥ १२ ॥

આ બાર શ્લોક વડે કરીને મનુષ્ય મંગળની સ્તુતિ કરે છે તે ઘણી લક્ષ્મી પામે છે તથા ક્ષેમ અને આયુષ્યને પામે છે ॥ ૧૨ ॥

॥ इतिश्रीस्कंदपुराणेभार्गवप्रोक्त मिदंमंगलस्तोत्रंसंपूर्णम् ॥ छ ॥

॥ अथबुधस्तोत्रंलिख्यते ॥

॥ बुधायनमः ॥ शशांकसुतदेवेश बुधादिप्रज्ञवेनमः ॥ यजमानहिता र्थायबुधमावाहयाम्यमम् ॥ १ ॥

ચંદ્રના પુત્ર અને બુદ્ધિના ઉત્પન્ન કરનાર બુદ્ધિને યજમાનના કલ્યાણને અર્થે આવાહન કરૂં છું ॥ ૧ ॥

अहोचंद्रसुतःश्रीमान्मागधाख्य समुद्भवः ॥ अत्रिगोत्रश्चतुर्बाहुःखड्ग

खेटकधारकः ॥ २ ॥

હે પ્રતાપી ચંદ્રમાના પુત્ર અત્રિગોત્રમાં અને માગધ જેનું નામ છે એવા અને ખડગ્ અને ખેટકના ધારણ કરનાર ॥ ૨ ॥

गदाधरः सिंहबाहुः सुवर्णाभः सनातनः ॥ कृष्णप्रदीपश्चात्रेयोब्रह्मविष्णुसुपूजितः ॥ ३ ॥

ગદા ધારણ કરનાર સિંહના સરખા હાથવાળા સોના સરખા કાંતિમાન અંધારામાં પ્રકાશ કરનાર અત્રિ ઋષિના પૌત્ર (દીકરાનો દીકરો) અને બ્રહ્મા અને વિષ્ણુ એ બેઉ પ્રકારે પુજેલા ॥ ૩ ॥

शुचौदेशेसमासीनः सर्वतःसिद्धिमान्बुधः ॥ सिंदूरेणप्रकर्त्तव्यंसमंत्रैश्चमनोहरम् ॥ ४ ॥

પવિત્ર જગ્યામાં મંડળ કાઢીને સર્વ સિ-
દ્ધિઓના આપનાર બુધના મંડળ મંત્રવડેકરી-
ને અને સિંદુરવડે કરીને પુરવું ॥ ૪ ॥

मध्येतुकलशंस्थाप्यपूरयेत्तिर्थवारि
णा ॥ हेमगर्भंततः कृत्वानवरत्नसम
न्वितः ॥ ५ ॥

તેની મધ્યે કળશ સ્થાપન કરી માંહી પવિત્ર જ-
ળ પુરવું તથા માંહી સોનું અને નવ રત્ન
નાંખવા ॥ ૫ ॥

पूजयेन्मधुनादेवंसर्वकार्यार्थसिद्ध
ये ॥ वस्त्रेणान्नेनसंपत्यापूजयेत्परमे
श्वरम् ॥ ६ ॥

સર્વ કાર્યની સિધિને અર્થે મધવડે સ્નાન
કરાવવું તથા વસ્ત્ર અન્ન અને પોતાની નાના
પ્રકારના યથા યોગ્ય ઉપચાર વડે કરીને બુદ્ધ-
ને પુજાવા ॥ ૬ ॥

पूजांसमापयेत्कुंभेपंचपंचामृतैस्त
था ॥ अभिषिच्यततःशीघ्रंदीक्षाक
र्णंसमुत्पठेत् ॥ ७ ॥

સર્વ પુજા કુંભના ઉપર બુધની કરવી
અને પાંચ પ્રકારે પંચામૃત સ્નાન કરાવી દી-
ક્ષા કર્ણના મંત્ર બોલવા ॥ ૭ ॥

पूजयेद्गंधपुष्पैश्चधूपदीपयुतैःसदा
॥ एकविंशतिकोणेषुत्रिकोणंरक्तमंड
लम् ॥ ८ ॥

પછી ગંધ ધૂપ દીપ યુક્ત પુજા કરવી
પછી રાતામંડળો કરીને કરેલા ત્રિકોણના એ-
કવીશ ખુણાને પુજવા ॥ ૮ ॥

रक्तैःसुगंधैःपुष्पैश्चकमलैश्चापरैः
प्रभुं॥ मंत्रयुक्तैर्घृतैर्देवंपुरश्चरणासिद्ध
ये ॥ ९ ॥

સુગંધિમાંન રાતાં પુલવડે કરીને તથા ક-
મળવડે કરીને મંત્ર બોલીને બુધને પુજા ક-
રતાં પ્રસન્ન કરવા. ॥ ૯ ॥

गुरवेविधिनाश्रेष्टांसालंकारांपय
स्विनीम् ॥ अरुणांवस्त्रसहितांधेनुं
दद्याद्विशेषतः ॥ १० ॥

પછી પોતાના ગુરૂને આપવા માટે ઘણું દુધ
દેનારી ગાય લાવી તેને રા ; વસ્ત્ર ઓરાઢી
શીંગડીઓ ખરીઓનું ઘરેણું પેહેરાવી અવ-
સ્ય એક ગાય આપવી ॥ ૧૦ ॥

अथातःसंप्रवक्ष्यामिरहस्यंह्येतदु
त्ततम् ॥ येनलक्ष्मीर्धृतिःपुष्टिस्तुष्टिः
कांतिःप्रजायते ॥ ११ ॥

હવે પછી એક વૃત કહું છું કે જે વૃતવડે
લક્ષ્મીની સ્તુષ્ટિ પુષ્ટિ અને કાંતિ મળે છે॥૧૧॥

विशाखासुबुधंगृह्यज्ञानेनतुसमर्च
येत् ॥ बुधंहेममयंकृत्वास्थापयेत्कां
स्यन्नाजने ॥ १२ ॥

વિશાખા નક્ષત્રને દીવશે બુધવાર આવે
તે દીવસે સોનાની બુધની પ્રતિમા કરી કાં
સાના વાસણમાં મુકી જ્ઞાની પુરૂષે પુજા કરવી
॥ ૧૨ ॥

शुक्लवस्त्रयुगच्छन्नंशुक्लमाल्यानुलेप
नम् ॥ गुडोदनौपहारंचब्राह्मणायनि
वेदयेत् ॥ १३ ॥

અને તેના ઉપર ધોળુ વસ્ત્ર પાથરેલું અને ઢાં-
કવું ધોળા ફુલની માળા ચઢાવવી પછી ગોળ-
ચોખા અને ઉપસ્કરણ બ્રાહ્મણને આપવાં
॥ ૧૩ ॥

बुधत्वंविबुधानन्यान्बोधवान्सर्व

दान्नृणाम् ॥ तत्वावबोधंकुरुमेसोम पुत्रनमोनमः ॥ १४ ॥

હે બુધ તમે મનુષ્યને બુદ્ધિઓ આપવામાં બુદ્ધિમાન છો એટલા માટે હે સોમના પુત્ર તમે મને તત્વજ્ઞાન આપો હું તમને નમસ્કાર કરૂછું ॥ ૧૪ ॥

होमंघृततिलैःकुर्याद्बुधनाम्नाचमंत्र वित् ॥ समिधाष्टोत्तरशतमष्टाविंशति रेववा ॥ १५ ॥

બુદ્ધિમાન પુરૂષે સમિધો તલઘીએ યુક્ત બુધ-નામના મંત્રવડે કરી એકસો આઠ અથવા અ-ઠાવીસ આહુતીઓ આપવી ।ः ૧૫ ॥

होतव्यामधुसर्पिर्भ्यांदध्नाचैवघृते नच ॥ विशेषेणसमिद्भिश्चहुत्वैवाष्टो तरंशतम् ॥ १६ ॥

વળી મધ સરસવ, દહીં, ઘી અને સમીધ વડે કરીને ૧૦૮ આહુતીઓ આપવી ॥ ૧૬॥

बुधशांतिरियंप्रोक्ताहोमंकुर्यात्तथा र्चनम् ॥ बुधदोषविनाशश्चशांतिः सर्वत्रकारणम् ॥ १७ ॥

આ પ્રકારે બુધની શાંતિને માટે હોમ અને પુજા બતાવી ॥ ૧૭॥

बुधस्तुष्टिप्रकर्त्ताचतथाशांतिकपौष्टिके ॥ बुधःसौख्यकरश्चैवआयुरारोग्यसंपदः ॥ १८ ॥

બુધ શાંતી તુષ્ટિ પુષ્ટિ સુખ કુશળતા અને લક્ષ્મીનો આપનાર છે ॥ ૧૮ ॥

जायंतेस्तोत्रपाठेनसर्वसौख्यफलं नृणाम् ॥ चंद्रस्यतनयंशांतंमहायो

गेनसंयुतम् ॥ १९ ॥

મહા શાંતીમાન ચંદ્રના પુત્રની મોટા યો-
ગથી જે પુજા કરે છે તથા સ્તુતી કરે છે તેને
સર્વ ફળ અને સુખ મળે છે ॥ ૧૯ ॥

सिद्धिदःसर्वदातस्ययःकुर्यात्पूजनं
नर ॥ तस्यशांतिकरोनित्यंजायतेस
र्वदाबुधः ॥ २० ॥

સિદ્ધિના આપનાર બુધની પુજા જે મનુ-
ષ્ય કરે છે તેને નિરંતર શાંતિ કરનાર બુધ
છે. ॥ ૨૦ ॥

नित्यंशांतिकरश्चैवबुधोबुद्धिसम
न्वितः ॥ प्रज्ञासौख्यकरश्चैवनितरा
मृद्धिदायकः ॥ २१ ॥

વળી બુધિની પર વૃધિ કરે છે અને સુ-
ખની વૃધિ કરે છે એવા એ બુધ બુધિએ યુક્ત
છે ॥ ૨૧ ॥

तनौवुधेविशेषेणपूजाकार्याप्रयत्न
तः ॥ द्वादशेपंचमेचैवनवमेचविशे
षतः ॥ २२ ॥

બારમો પાંચમો અને નવમો બુધ હોય
ત્યારે વિશેષે કરી બુધની પુજા કરવી ॥ ૨૨॥

तृतीयश्चमुनिस्थश्चहानिकर्ताबुधः
स्मृतः ॥ तदापाठःप्रकर्त्तव्यःशांत्य
र्थंचजनस्यचं ॥ २३ ॥

ત્રીજો અને સાતમો બુધ હાની કરનાર છે
માટે તે સમયે મનુષ્યે પોતાના શ્રેય માટે પાઠ
કરવા ॥ ૨૩ ॥

बुधवारेविशेषेणमुद्गान्नेनचसंयुतम्
॥नीलरत्नंप्रदातव्यंदक्षिणारहितंद्वि
जे ॥ २४ ॥

બુધવારને દીવશે વિશેષે મગનું અન્નવાળું અને દક્ષણા વગર લીલા રત્નનું બ્રાહ્મણને દાન આપવું ॥ ૨૪ ॥

नीलवस्त्रयुगच्छन्नंवंशपात्रंविशेषतः ॥ सर्वान्कामानवाप्नोतिनात्रकार्याविचारणा ॥ २५ ॥

તે રત્નને લીલુ લુગડુ નીચે ઉપર ઢાંકીને આપવું ને વાંસનું વાસણ આપવું તો તે મનુષ્યના સર્વે મનોરથ સિદ્ધ થાય છે એમાં સંદેહ નહીં ॥ ૨૫ ॥

॥ इतिश्रीभविष्योत्तरपुराणेबुधपूजाविधिः ॥

प्रियंगुकलिकाश्यामंरूपेणाप्रतिमंबुधम् ॥ सौम्यंसौम्यगुणोपेतंतंबुधंप्रणमाम्यहम् ॥ २६ ॥

ચારોળીની કળીના સરખુ જેનું કાળુ વ-
ર્ણ છે અને પ્રતીમા વગરના ડાહ્યા અને સર્વ
ગુણે યુક્ત બુધને નમસ્કાર કરૂં છું ॥ ૨૬ ॥

उत्पातरूपीजगतांचंद्रपुत्रोमहाद्युतिः ॥ सूर्यप्रियकरोविद्वान्पीडांहरतुमेबुध ॥ २७ ॥

જગતના ઉત્પાતરૂપ ચંદ્રના પુત્ર મહા તે-
જસ્વી સૂર્યને પ્રસન્ન કરનાર મારી પીડા હરો
॥ ૨૭ ॥

शीरीषपुष्पसंकाशःकपिशीलोथवापुनः ॥ सोमपुत्रोबुधश्चैवसदाशांतिंप्रयच्छतु ॥ २८ ॥

સરસવની ફુલ સરખી કાંતિમાન, કોપ-
સીલ, સોમના પુત્ર, બુધ સદા શાંતિ કરો ॥ ૨૮ ॥

श्यामःशिरालश्चकलाविधिज्ञःकौ

तूहलीकोमलवाग्विलासी ॥ रजोधिकोमध्यमरूपदृक्स्यादाताम्रनेत्रोद्विजराजपुत्रः ॥ २९ ॥

જેના માથાના વાળ કાળા છે એવા અને યુક્તિના પ્રકારને જાણનાર નમ્ર વાણી બોલવાના વિલાસવાળા અને વિશેષ બીજો ગુણવાળો અને લગાર જેનાં રાતાં નેત્ર છે એવા ચંદ્રના પુત્ર બુધ છે ॥ ૨૯॥

बुधंबुद्धिप्रदातारंसूर्यरश्मिसमन्वितम् ॥ यजमानहितार्थयबुधमावाहयाम्यहम् ॥ ३० ॥

બુધિ આપનાર સૂર્યના કીરણને અનુસરતા બુધને યજમાનના હિતને અર્થે આવાહન આપુછું ॥ ૩૦ ॥

अहोचंद्रसुतःश्रीमान्मागधाख्य

समुद्भवः ॥ अत्रिगोत्रश्चतुर्बाहुःखड्ग
खेटकधारकः ॥ ३१ ॥

હે ચંદ્રના પુત્ર અને પ્રતાપી માગધ દે-
શમાં ઉત્પન્ન થએલા અને અત્રિગોત્રમાં જન્મ-
વાળા અને ખડગ ખેટ અને ગદા ધારણ કર-
નાર ચાર હાથવાળા ॥ ૩૧ ॥

गदाधरोहिसिंहस्थःस्वर्णनाभःश
मान्वितः ॥ कृष्णवृक्षस्यपुत्रेषुइंद्रवि
ष्णुप्रपूजितः ॥ ३२ ॥

ગદા ધારણ કરનાર સિંહના ઉપર બેઠે-
લા સોના નાભિવાળા સમેયુકત અને કૃષ્ણ
વૃક્ષના પુત્રોમાં ઇંદ્ર અને વિષ્ણુએ પુજેલા
॥ ૩૨ ॥

ज्ञेयोबुधःपंडितश्चरौहिणेयश्चसोम
जः ॥ कुमारोराजपुत्रश्चशैशवःशशि

नंदनः ॥ ३३ ॥

બુધ રોહીણીના પુત્ર વિદ્વાન ચંદ્રના પુત્ર પાંચ વરસની અવસ્થાવાળા કુમાર રાજ્ય શિશુ અને ચંદ્રના સરખા મુખવાળા ॥ ૩૩ ॥

गुरुपुत्रश्चतारेयोविबुधोबोधनस्तथा॥ सौम्यःसर्वगुणोपेतारत्नदानफलप्रदः ॥ ३४ ॥

ગુરૂને તથા પુત્રને તારનાર, પંડિત જ્ઞાન આપનાર સર્વ ગુણે યુક્ત રત્ન દાનનું ફળ આપનાર ॥ ૩૪ ॥

एतानिबुधनामानिप्रातःकालेपठेन्नरः ॥ बुद्धिर्विवृद्धितांयातिबुधपीडानजायते ॥ ३५ ॥

આ બુધનાં નામને સવારના પોહોરમાં જે ભણે છે તેની બુધ્ધિ વધે છે અને પીડા ઉ-

ર્પન્ન થતી નથી ॥ ૩૫ ॥

॥ इतिबुधस्तोत्रंसंपूर्णम् ॥

॥ अथगुरुस्तोत्रंलिख्यते ॥

शक्रादिदेवैःपरिपूजितोसित्वंजीव
भूतोजगतोहिताय ॥ ददातियोनि
र्मलशास्त्रबुद्धिंसवाक्पतिर्मेविदधातु
लक्ष्मीम् ॥ १ ॥

જેની ઈંદ્રાદિ દેવતાઓએ જગતના કલ્યાણને અર્થે પુજા કરેલી છે એવા તમે જગતના જીવનરૂપ છો નિર્મળ બુધિના આપનાર અને વાણીના પતિ હેવા જે તમે તે મને લક્ષ્મી આપો ॥ ૧ ॥

सकलसुरविनेताब्रह्मतुल्यप्रभाव
स्त्रिदशपतिकिरीटैर्घुष्टपादारविंदः ॥
विमलमतिविकासीसर्वमांगल्यहेतु

देदतुममविन्मूर्तिंवाक्पतिःसुप्रभावः
॥ २ ॥

સઘળા દેવતાઓએ પુજેલા અને બ્રહ્માના સરખા મહીમાવાળા અને સવર્ગના અધિપતિ દેવતાઓએ જેમનાં ચરણારવિંદ સેવેલાં છે-એવા અને નિર્મળ બુદ્ધિના પ્રકાશ કરનાર સ-ર્વ માંગળીકના હેતુ ભુત તથા વાણીના અધિ-પતિ તથા રૂડા મહિમાવાળા મને નાના પ્રકાર-નો ઉપભોગ આપો ॥ ૨ ॥

द्वितीयःपंचमःसप्तएवमेकादशोगुरुः ॥ अन्नाविविधभोगांश्चरत्नानि कुरुतेंजसा ॥ ३ ॥

બીજો પાંચમો સાતમો અગીઆરમો ગુરૂ નાના પ્રકારનાં રત્નથી નાના પ્રકારનાઉપભોગ તથા અન્તને આપે છે ॥ ૩ ॥

द्वादशदशमचतुर्थेजन्मंनिषष्ठाष्टमे

तृतीयेच ॥ व्याधिर्विदेशागमनंमित्र
विरोधंसुरगुरुःकुरुते ॥ ४ ॥

બારમો દશમો ચોથો પેહેલો છઠો આઠમો ત્રીજે ગુરૂ હોયતો રોગને કરે તથા પરદેશ મોકલે તથા મીત્રની સાથે વિરોધ કરાવે ॥ ૪ ॥

देवानांचऋषीणांचगुरुंकांचनसन्नि
भम् ॥ बुद्धिभूतांत्रिलोकेशंतंनमामि
बृहस्पतिम् ॥ ५ ॥

દેવતાઓ અને ઋષિયોના ગુરૂ અને સોનાનાસરખા તેજસ્વી અને ત્રણ લોકના ઈશ અને બુધિ રૂપ બ્રહસ્પતિ ને નમસ્કાર કરૂં છું ॥ ૫ ॥

बृहस्पतिमहंनौमिगुरुंदेवेंद्रपूजित
म् ॥ सर्वशास्त्रप्रवक्तारंसर्वकामफल
प्रदम् ॥ ६ ॥

મોટા દેવતાઓએ પુજેલા અને સર્વશાસ્ત્રના

કહેનાર સર્વ કામનાઓને પુરી કરનાર ગુરૂને હું નમસ્કાર કરૂછું ॥ ૬ ॥

सर्वसंशयछेत्तारंवेत्तारंसर्वकर्मणाम् ॥ परब्रह्ममयंनित्यंपरमानंदरूपिणाम् ॥ ७ ॥

સર્વ શંસયને ટાળનાર તથા સર્વ કર્મના જાણનાર પરબ્રહ્મ મયરૂપવાળાં અને નિત્ય આંનંદરૂપીને નમસ્કાર કરૂં છું ॥ ૭ ॥

सर्वसिद्धिप्रदंदेवंशरण्यंभक्तवत्सलम् ॥ वरेण्यंवरदंशांतंत्रिदशार्तिहरंपरम् ॥ ८ ॥

સર્વ સિદ્ધિને આપનાર શરણે રાખનાર ભક્તનું હિત ઇચ્છિનાર વરદાન આપનાર શાંત સ્વભાવવાળા દેવતાઓની પીડાને નાશ કરનાર ॥ ૮ ॥

लंबकूर्चंसुवर्णाभंस्वर्णयज्ञोपवीति
नम् ॥ पीतवस्त्रपरीधानंसिंदूरातिल
कान्वितम् ॥ ९ ॥

લાંબાં કુર્ચ જેવા અને સોના સરખા કાં-
તિવાળા અને સોનાની જનોઈને ધારણ કરના-
ર પીળાં વસ્ત્ર પહેરનાર તથા સીંદુરનું તિલક
કરનારને ॥ ૯ ॥

चंदनागुरुकर्पूरैःसुगंधैःशतपत्रकैः
॥संपूज्यध्यायतेयैस्तुभक्तयासुदृढया
नरैः ॥ १० ॥

ચંદન અગરૂ કપુર સુગંધીવાળાં કમળવડે ક-
રી રૂડે પ્રકારે પુજા કરી મનુષ્યોએ ધ્યાન ક-
રવું ॥ ૧૦ ॥

धनंधान्यंजयःसौख्यंसौभाग्यंनृप
मान्यता ॥ भवंतिसर्वदातेषांत्वत्प्र

सादात्सुरेश्वर ॥ ११ ॥

હે સુરેસ્વર તો તે મનુષ્યને તમારી કૃપાથી ધન ધાન્ય સુખ સૌ ભાગ્ય, જય અને રાજાનું માન મળે છે ॥ ૧૧ ॥

रोगाग्निसर्पचौराद्यास्तेषांनप्रभ्नवंतिहि ॥ सुस्थानस्थोधिदेवेशोध्याने सर्वार्थसाधकः ॥ १२ ॥

સર્વ દેવના અધિષ્ટાતા ગુરૂ સારા સ્થાનમાં રહેલા હોયતો રોગ અગ્નિ અને સર્પનો ભય તેમને પરાભવ ન કરતાં સર્વ અર્થ પ્રાપ્ત થાય છે. ॥ ૧૨ ॥

प्रभुःपांडितराजेंद्रएतत्कृत्वातुचेतसि ॥ मनुष्याणांहितार्थायगुरुनामानिसोवदत् ॥ १३ ॥

સામર્થવાળા તથા વિદ્વાન અને રાજેંદ્ર આ

વારતા ચિતમાં ધાંરણ કરી મનુષ્યના હિતને
અર્થે ગુરૂના નામને કહે છે ॥ ૧૩ ॥

विषमस्थस्तथातॄणांसर्वकष्टप्रभंज
नः ॥ प्रत्यहंपठतेयोवैतस्यकामफल
प्रदः ॥ १४ ॥

જો ગુરૂ વિસ્મ સ્થાનમાં હોયં ને નિત્ય
પાઠ કરેતો સર્વ દુઃખને નાશ કરી નાના પ્ર-
કારનાં કામ પરીપુર્ણ કરે છે ॥ ૧૪ ॥

नमःसुरेंद्रवंद्यायदेवाचार्यायतेन
मः ॥ नमस्तेऽनंतसामर्थ्यवेदसिद्धां
तपारग ॥ १५ ॥

દેવતાઓએ જેને નમસ્કાર કર્યો છે, વેદ
અને વેદાંતના પારને પામનાર અગાધ પરા-
ક્રમી અને દેવના આચાર્યને નમસ્કાર કરૂં છું
॥ ૧૫ ॥

सदानंदनमस्तेस्तुनमः पीडाकराय च ॥ नमोवाचस्पतेतुभ्यंनमस्तेपीतवाससे ॥ १६ ॥

સદા આનંદ આપનાર, વાણીનાપતિ પીડા કરનાર અને પીળાં વસ્ત્ર ધારણ કરનારને નમસ્કાર કરૂં છું ॥ ૧૬ ॥

नमोद्वितीयरूपायलंबकूर्चायतेनमः ॥ नमःप्रहृष्टनेत्रायाविप्राणांपतये नमः ॥ १७ ॥

બીજા સ્વરૂપને વિશાળ કપાળ વાળાને પ્રફુલ્લિત નેત્રવાળાને તથા બ્રાહ્મણોના પતિને નમસ્કાર કરૂં છું ॥ ૧૭ ॥

नमोभार्गवशिष्यायाविपन्नाहितकारक ॥नमस्तेसुरसैन्यायविपन्नत्राणहेतवे ॥ १८ ॥

વિપત્તિમાં પડેલાને હિતકારી માર્ગ શીર્ષને નમસ્કાર કરૂં છું શરણે આવેલાનું રક્ષણ કરનાર દેવતાઓના સેનાપતિ ને નમસ્કાર કરૂં છું ॥ ૧૮ ॥

